માઈગ્રેશન (સ્થળાંતર) અને મોબિલિટી (પરિવહન)
પર સહયોગ અને સંવાદ (તબક્કો II)

# યુરોપિયન યુનિયન જતા ભારતીયો માટે પ્રસ્થાન પહેલાંની માહિતી

બીજી આવૃત્તિ



International Labour Organization

ICMPD
International Centre for Migration Policy Development

Indian Council of World Affairs

© આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન 2026.
પ્રથમ પ્રકાશન 2026.

એટ્રિબ્યુશન 4.0 ઇન્ટરનેશનલ (CC BY 4.0)

આ કાર્યને ક્રિએટિવ કોમન્સ એટ્રિબ્યુશન 4.0 ઇન્ટરનેશનલ અંતર્ગત લાઇસન્સ આપવામાં આવેલું છે. જુઓ: creativecommons.org/licences/by/4.0. વપરાશકર્તાને લાઇસન્સમાં વિગતવાર જણાવ્યા મુજબ ફરીથી ઉપયોગ કરવાની, શેર કરવાની (કૉપિ અને ફરી વિતરણ કરવાની), અડેપ્ટ (રીમિક્સ, રૂપાંતર અને મૂળ કાર્ય પર નિર્માણ) કરવાની મંજૂરી છે. વપરાશકર્તાએ મટિરિયલના સ્રોત તરીકે આઈએલઓ (ILO)ને સ્પષ્ટપણે શ્રેય આપવો પડશે અને મૂળ વિષયસામગ્રીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે કે નહીં તે દર્શાવવું પડશે. અનુવાદો, અડેપ્ટેશન (અનુકૂલન) અથવા અન્ય ડેરીવેટીવ (વ્યુત્પન્ન) કાર્યોના સંદર્ભમાં આઈએલઓ (ILO)ના પ્રતીક, નામ અને લોગોનો ઉપયોગ કરવાની પરવાનગી નથી.

**એટ્રિબ્યુશન** - વપરાશકર્તાએ ફેરફારો કરવામાં આવ્યા છે કે નહીં તે દર્શાવવું આવશ્યક છે અને નીચે મુજબ કાર્યનો ઉલ્લેખ કરવો આવશ્યક છે: આઈએલઓ (ILO), *યુરોપિયન યુનિયન જતા ભારતીયો માટે પ્રસ્થાન પહેલાંની માહિતી (ગુજરાતી આવૃત્તિ), બીજી આવૃત્તિ,* જીનીવા: આંતરરાષ્ટ્રીય શ્રમ કાર્યાલય, 2026. © આઈએલઓ (ILO).

**અનુવાદો** - આ કાર્યના અનુવાદના કિસ્સામાં, એટ્રિબ્યુશન સાથે નીચે આપેલ અસ્વીકરણ ઉમેરવું આવશ્યક છે: *આ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ (ILO)) ના કૉપિરાઈટ કરેલા કાર્યનો અનુવાદ છે. આ અનુવાદ આઈએલઓ (ILO) દ્વારા તૈયાર કરવામાં આવ્યો નથી, સમીક્ષા કરવામાં આવી નથી અથવા મંજૂર કરવામાં આવ્યો નથી અને તેને સત્તાવાર આઈએલઓ (ILO) અનુવાદ માનવો જોઈએ નહીં. આઈએલઓ (ILO) તેની વિષયસામગ્રી અને ચોકસાઈ માટેની બધી જવાબદારીનો અસ્વીકાર કરે છે. જવાબદારી ફક્ત અનુવાદના લેખક(લેખકો)ની છે.*

**અડેપ્ટેશન** - આ કાર્યના અડેપ્ટેશનના કિસ્સામાં, એટ્રિબ્યુશન સાથે નીચે મુજબનું અસ્વીકરણ ઉમેરવું આવશ્યક છે: *આ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ (ILO))ના કૉપિરાઈટ કરેલા કાર્યનું અડેપ્ટેશન છે. આ અડેપ્ટેશન આઈએલઓ (ILO) દ્વારા તૈયાર કરવામાં આવ્યું નથી, સમીક્ષા કરવામાં આવી નથી અથવા મંજૂર કરવામાં આવ્યો નથી અને તેને સત્તાવાર આઈએલઓ (ILO) અડેપ્ટેશન માનવું જોઈએ નહીં. આઈએલઓ (ILO) તેની વિષયસામગ્રી અને ચોકસાઈ માટેની બધી જવાબદારીનો અસ્વીકાર કરે છે. જવાબદારી ફક્ત અડેપ્ટેશનના લેખક(લેખકો)ની છે.*

**તૃતીય-પક્ષ મટિરિયલ** – આ ક્રિએટિવ કોમન્સ લાઇસન્સ આ પ્રકાશનમાં સમાવિષ્ટ બિન-આઈએલઓ (ILO) કૉપિરાઇટ મટિરિયલ પર લાગુ પડતું નથી. જો મટિરિયલ તૃતીય પક્ષનું હોય, તો આવા મટિરિયલના વપરાશકર્તા અધિકારધારક સાથેના અધિકારો સાફ કરવા અને ઉલ્લંઘનના કોઈપણ દાવાઓ માટે સંપૂર્ણપણે જવાબદાર છે.

આ લાઇસન્સ હેઠળ ઉદ્ભવતા કોઈપણ વિવાદ જેનો અરસપરસ સહમતિથી ઉકેલ ન આવી શકે તેને યુનાઇટેડ નેશન્સ કમિશન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ લો (યુએનસીઆઈટીઆરએએલ, (UNCITRAL))ના આર્બિટ્રેશન નિયમો અનુસાર આર્બિટ્રેશનને મોકલવામાં આવશે. પક્ષકારો આવા વિવાદના અંતિમ નિર્ણય તરીકે આવા આર્બિટ્રેશન દ્વારા આપવામાં આવેલા કોઈપણ આર્બિટ્રેશન ચુકાદાથી બંધાયેલા રહેશે.

અધિકારો અને લાઇસન્સિંગ વિશે વધુ માહિતી માટે, સંપર્ક કરો: rights@ilo.org. આઈએલઓ (ILO) પ્રકાશનો અને ડિજિટલ પ્રોડક્ટ વિશે વધુ માહિતી માટે, મુલાકાત લો: www.ilo.org/publns.

---

આઈએસબીએન (ISBN): 9789220433393 (પ્રિન્ટ); 9789220433409 (વેબ PDF)

**આ ભાષામાં પણ ઉપલબ્ધ:**
આસામી આઈએસબીએન (ISBN) 9789220432693 (પ્રિન્ટ); 9789220432709 (વેબ PDF)
બંગાળી આઈએસબીએન (ISBN) 9789220432655 (પ્રિન્ટ); 9789220432662 (વેબ PDF)
અંગ્રેજી આઈએસબીએન (ISBN) 9789220431245 (પ્રિન્ટ); 9789220431252 (વેબ PDF)
હિન્દી આઈએસબીએન (ISBN) 9789220432679 (પ્રિન્ટ); 9789220432686 (વેબ PDF)
કન્નડ આઈએસબીએન (ISBN) 9789220433379 (પ્રિન્ટ); 9789220433386 (વેબ PDF)
મલયાલમ આઈએસબીએન (ISBN) 9789220433416 (પ્રિન્ટ); 9789220433423 (વેબ PDF)
તમિલ આઈએસબીએન (ISBN) 9789220433355 (પ્રિન્ટ); 9789220433362 (વેબ PDF)
તેલુગુ આઈએસબીએન (ISBN) 9789220433317 (પ્રિન્ટ); 9789220433324 (વેબ PDF)
મરાઠી આઈએસબીએન (ISBN) 9789220433331 (પ્રિન્ટ); 9789220433348 (વેબ PDF)

---

આઈએલઓ (ILO) પ્રકાશનો અને ડેટાબેઝમાં ઉપયોગમાં લેવાતા નામ, જે સંયુક્ત રાષ્ટ્રની રીતોને અનુરૂપ છે, અને તેમાં સમાવિષ્ટ માહિતી કોઈપણ દેશ, વિસ્તાર અથવા પ્રદેશ અથવા તેના અધિકારીઓની કાનૂની સ્થિતિ, અથવા તેની સરહદો અથવા સીમાઓના સીમાંકન અંગે આઈએલઓ (ILO) તરફથી કોઈપણ અભિપ્રાયની અભિવ્યક્તિને સૂચિત કરતી નથી. જુઓ: www.ilo.org/disclaimer.

આ પ્રકાશનમાં વ્યક્ત કરાયેલા મંતવ્યો અને વિચારો લેખક(લેખકો)ના છે અને તે જરૂરી નથી કે તે આઈએલઓ (ILO)ના મંતવ્યો, વિચાર અથવા નીતિઓને પ્રતિબિંબિત કરે.

ફર્મ (પેઢીઓ), કોમર્શિયલ પ્રોડક્ટ અને પ્રોસેસના નામોના ઉલ્લેખનો અર્થ એ નથી કે તેમને આઈએલઓ (ILO) દ્વારા સમર્થન અથવા મંજૂરી આપવામાં આવી છે. તેમજ કોઈ ચોક્કસ ફર્મ, કોમર્શિયલ પ્રોડક્ટ અથવા પ્રોસેસનો ઉલ્લેખ ન થવો એ તેના પ્રત્યે અસ્વીકૃતિ દર્શાવતું નથી.

---

ભારતમાં પ્રિન્ટેડ

માઈગ્રેશન (સ્થળાંતર) અને મોબિલિટી (પરિવહન)
પર સહયોગ અને સંવાદ (તબક્કો II)

# યુરોપિયન યુનિયન જતા ભારતીયો માટે પ્રસ્થાન પહેલાંની માહિતી

બીજી આવૃત્તિ



International Labour Organization

ICMPD International Centre for Migration Policy Development

Indian Council of World Affairs

# વિષયસામગ્રી

**પ્રસ્તાવના** .......... **v**

**સ્વીકૃતિઓ** .......... **vii**

**1. યુરોપનો પરિચય** .......... **1**

1.1 યુરોપિયન યુનિયન, શેંગેન એરિયા અને યુરોઝોન .......... 2

1.2 શેંગેન એરિયામાં મુસાફરી .......... 2

**2. ઈયુ (EU)માં સ્થળાંતરણ** .......... **3**

2.1 અપેક્ષાઓ વિશે સ્પષ્ટીકરણ .......... 3

2.2 કામ કરવા માટે ઈયુ (EU) જવું .......... 3

2.3 પ્રોફેશનલ વિચારણાઓ .......... 6

2.4 સ્થળાંતર કરવા માટે દેશ પસંદ કરવો .......... 7

2.5 સામાજિક અને રહેવા સંબંધિત બાબતો .......... 8

2.6 મનોસામાજિક બાબતો .......... 9

2.7 પરિવારના સભ્ય સાથે જોડાવું .......... 9

2.8 ઈયુ (EU)માં ભારતીયો .......... 10

**3. વિઝા માટે અરજી કરવી અને વિઝા મેળવવા** .......... **12**

3.1 વિઝા માટે અરજી કરવાનું વિચારવું .......... 12

3.2 ઈયુ (EU)માં વિઝાના પ્રકારો .......... 13

3.3 વ્યાવસાયિક કૌશલ્યો અને ભાષા સંબંધિત જરૂરિયાતો .......... 14

3.4 ઈયુ (EU) રોજગાર વિઝા કાર્યક્રમો .......... 15

3.5 શું તમે ઉચ્ચ લાયકાત ધરાવતા કામદાર છો? .......... 15

3.6 શું તમે ઇન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફરી (આઈસીટી, (ICT)) છો? .......... 17

3.7 શું તમે ઉદ્યોગસાહસિક છો કે સેલ્ફ-એમ્પ્લોય છો? .......... 17

3.8 શું તમે મોસમી કામદાર છો? .......... 18

3.9 શું તમે પરિવારના સભ્યોને સ્પોન્સર કરી રહ્યા છો? .......... 19

3.10 ઈયુ (EU)માં વર્ક વિઝા માટે ક્યારે અરજી કરવી? .......... 19

3.11 ઈયુ (EU)માં વર્ક વિઝા માટે અરજી કરવી .......... 20

3.12 ઈયુ (EU)માં વર્ક વિઝા કેટલા સમય માટે માન્ય છે? .......... 21

3.13 તમારી ઈયુ (EU) વર્ક પરમિટને લંબાવવી .......... 22

**4. ઈયુ (EU)માં નોકરી શોધવી** .......... **24**

4.1 નોકરી માટે માહિતી એકત્રિત કરતી વખતે પૂછવા માટેના પ્રશ્નો .......... 25

4.2 નોકરીની અરજી કરતી વખતે પૂછવાના પ્રશ્નો .......... 26

4.3 ભરતી એજન્ટનો ઉપયોગ કરવો ....26
4.4 નોકરી માટે અરજી સબમિટ કરવી ....26

**5. ભારતમાંથી સ્થળાંતરણ માટેના નિયમો ....30**
5.1 પાસપોર્ટ મેળવવો ....30

**6. ગેરકાનૂની રીતે સ્થળાંતરણ, સ્મગલિંગ અને તસ્કરી ....32**
6.1 ગેરકાયદેસર ભરતીના સંકેતો ....33
6.2 સ્થળાંતર કરનારાઓનું સ્મગલિંગ અને તસ્કરી ....33
6.3 જો તમે ઈયુ (EU)માં ગેરકાનૂની માઈગ્રંટ હોવ તો તમને કયા જોખમોનો સામનો કરવો પડી શકે છે? ....35
6.4 જો તમને ઈયુ (EU)માં સ્મગલિંગ અથવા તસ્કરી કરવામાં આવે તો તમને કયા જોખમોનો સામનો કરવો પડી શકે છે? ....36
6.5 તમે આ જોખમોને કેવી રીતે ટાળશો? ....37

**7. ઈયુ (EU)માં રહેવું ....39**
7.1 સાંસ્કૃતિક તફાવતો માટે તૈયારી કરવી ....39
7.2 યુરોપમાં સંસ્કૃતિ ....39
7.3 તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ....40
7.4 રહેઠાણનો ખર્ચ અને રહેઠાણ સંબંધિત ખર્ચ ....40
7.5 ભારતીય દૂતાવાસને માહિતગાર રાખવું ....41
7.6 ફરવું ....42
7.7 તમારા નાણાકીય વ્યવસ્થાપન ....42
7.8 ભારતમાં નાણાં મોકલવા ....43
7.9 વીમો ....44
7.10 ખોરાક ....44
7.11 પાવર પ્લગ અને વોલ્ટેજ ....45
7.12 હવામાન ....45
7.13 દવા ....45
7.14 મહત્વપૂર્ણ કાગળોની સંભાળ ....45
7.15 યુરોપની ભાષાઓ ....45
7.16 સ્થળાંતર કરનારાઓના અધિકારો અને જવાબદારીઓ ....46
7.16.1 સામાજિક સુરક્ષા ....47
7.16.2 પેન્શન ....47
7.16.3 ટ્રેડ યુનિયન સભ્યપદ ....47

**8. પ્રસ્થાન માટેની તૈયારી ....48**
8.1 ઈયુ (EU)માં આગમન ....49
8.2 ભારત પરત ફરવું ....50

**પરિશિષ્ટ I - મહત્વપૂર્ણ સંપર્કો ....51**

**પરિશિષ્ટ II - ભારતમાં ઈયુ (EU) સભ્ય દેશોના મિશન ....52**

# ▶ પ્રસ્તાવના

આ ડોક્યુમેન્ટ એવા ભારતીયો પર કેન્દ્રિત છે જેઓ યુરોપિયન યુનિયનમાં કામ કરવા અથવા પરિવારના સભ્યો સાથે જોડાવા માટે સ્થળાંતરણ કરી રહ્યા છે. તે સ્થળાંતરણ પ્રક્રિયાના વિવિધ પાસાઓને આવરી લે છે, જેનો ઉદ્દેશ્ય સ્થળાંતરણ કરનાર કામદારોને ઈયુ (EU)માં સ્થળાંતરણ માટે વધુ સારી રીતે તૈયાર થવા પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો છે. આ માર્ગદર્શિકામાં આવરી લેવામાં આવેલા વિષયોમાં નીચે મુજબ સામેલ છે:

- સ્થળાંતરિત થવા માટે દેશ પસંદ કરવો
- વિવિધ વિઝા (રોજગાર, શિક્ષણ, પરિવાર સાથે એક થવું) અને તે કેવી રીતે મેળવવા તે સમજવું, નોકરી શોધવી અને ભરતી કરનારાઓની પસંદગી કરવી
- ટ્રાફિકિંગ (તસ્કરી) અને સ્મગલિંગના ખતરાઓ અને જોખમોને સમજવા
- ઈયુ (EU)માં રહેવું તેમજ નાણાકીય વ્યવસ્થાપન
- ભારતમાં પાછા ફરવું અને ફરી વસવાટ વિશે વિચારવું.

જેઓ ઈયુ (EU)માં અભ્યાસ કરવા જઈ રહ્યા છે તેમને પણ આ માહિતી મદદરૂપ થઈ શકે છે. આ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીઓ માટે ચોક્કસ માહિતી પણ વિકસાવવામાં આવી છે - તે નીચેની લિંક પર મળી શકે છે[1]. તમે કયા યુરોપિયન યુનિયન (ઈયુ (EU)) સભ્ય દેશમાં જવા માંગો છો તે ધ્યાનમાં લીધા વિના, આ ડોક્યુમેન્ટ તમને સ્થળાંતરણનો નિર્ણય લીધા પછીથી તમારા પ્રસ્થાન સુધી અને તે પછી ઈયુ (EU)માં સ્થળાંતરણ વિશેની માહિતી આપવામાં મદદરૂપ થશે.

**▶ નોંધ**

***આ ડોક્યુમેન્ટ ડિસેમ્બર, 2025 માં તૈયાર કરવામાં આવ્યું છે. વાચકોને સંબંધિત ઈયુ (EU)/ભારતીય/ઈયુ (EU) સભ્ય દેશ વેબસાઇટ્સ/એજન્સીઓ અને અન્ય સંબંધિત સ્રોત તરફથી સૌથી અપ-ટૂ-ડેટ માહિતી મેળવવા પર ભાર મૂકવામાં આવે છે.***

1. વિદ્યાર્થી સંબંધિત ચેકલિસ્ટ અહીં મળી શકે છે - https://www.icmpd.org/file/download/47936/file/Checklist%2520for%2520Students%2520-%2520Prepare%2520your%2520Study%2520in%2520Europe.pdf

# ▶ સ્વીકૃતિઓ

યુરોપિયન યુનિયન દ્વારા ભંડોળ પ્રાપ્ત ઈયુ (EU)-ઈન્ડિયા કોઓપરેશન અને માઈગ્રેશન અને મોબિલિટી પર સંવાદ (તબક્કો II) પ્રોજેક્ટના ભાગ રૂપે, આ પ્રકાશન મૂળ ડોક્યુમેન્ટની અપડેટ કરેલી આવૃત્તિ રજૂ કરે છે અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ (ILO)), ઇન્ટરનેશનલ સેન્ટર ફોર માઈગ્રેશન પોલિસી ડેવલપમેન્ટ (આઈસીએમપીડી (ICMPD)) અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સ (આઈસીડબલ્યુએ (ICWA))ના માર્ગદર્શન અને યોગદાન હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે.

અમે ઈયુ (EU)-ઈન્ડિયા કોઓપરેશન અને માઈગ્રેશન અને મોબિલિટી પર સંવાદ (તબક્કો I), મેનફ્રેડ બર્ગમેન (કન્સલ્ટન્ટ-પ્રથમ આવૃત્તિ) અને રુહિકા રામાલિંગમ (કન્સલ્ટન્ટ-બીજી આવૃત્તિ)ના તમામ પ્રોજેક્ટ પાર્ટનર ટીમોના મૂલ્યવાન સંયુક્ત યોગદાનનો આભાર માનીએ છીએ.

આ પ્રકાશનની પાછલી આવૃત્તિ બનાવવામાં મૂલ્યવાન સમજણ અને ફીડબેક પ્રદાન કરનારા હિતધારકોનો પણ અમે આભાર માનીએ છીએ જેમણે આ અપડેટ માટે મજબૂત આધાર બનાવ્યો છે. તેમના અગાઉના યોગદાન મૂળ રિપોઝીટરીને આકાર આપવામાં મહત્વપૂર્ણ રહ્યા હતા અને અમારા ચાલુ કાર્યમાં મદદરૂપ છે.

01

# ▶ યુરોપનો પરિચય

પ્રાચીન કાળથી ચાલી આવતી સંસ્કૃતિ સાથે, યુરોપ પશ્ચિમી સંસ્કૃતિનું મૂળ છે. પંદરમી સદીથી, યુરોપિયન દેશોએ વૈશ્વિક બાબતોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, વિશ્વના વિવિધ ભાગોમાં પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે. યુરોપ સ્થળાંતરણ માટેનું એક મુખ્ય ગંતવ્ય છે, અને લોકો જીવનની ગુણવત્તા, સુરક્ષા, માનવ અધિકારો, આરોગ્યસંભાળ, સામાજિક સુરક્ષા તેમજ આબોહવા પરિવર્તન જેવા વિવિધ કારણોથી ત્યાં રહેવા ઇચ્છુક હોય છે.

યુરોપ વિશ્વનો બીજો સૌથી નાનો ખંડ છે, પરંતુ તે વસ્તીમાં ત્રીજા ક્રમે છે. તે **44 દેશો**ના સમૂહથી બનેલું છે.

**યુરોપિયન યુનિટન (ઈયુ (EU))નો નકશો**




ઑસ્ટ્રિયા
બેલ્જિયમ
ચેક રિપબ્લિક
ડેનમાર્ક
એસ્ટોનિયા
ફિનલેન્ડ
ફ્રાન્સ
જર્મની
ગ્રીસ
હંગેરી
આઇસલેન્ડ
ઇટાલી
લાતવિયા
લીચેંસ્ટાઇન
લિથુઆનિયા
લક્ઝમબર્ગ
માલ્ટા
નેધરલેન્ડ્સ
નોર્વે
પોલેન્ડ
પોર્ટુગલ
સ્લોવાકિયા
સ્લોવેનિયા
સ્પેન
સ્વીડન
સ્વિટ્ઝર્લેન્ડ

**સ્રોત:** https://european-union.europa.eu/easy-read_en

## 1.1 યુરોપિયન યુનિયન, શેંગેન એરિયા અને યુરોઝોન

બીજા વિશ્વયુદ્ધ પછી, યુદ્ધની શક્યતાને રોકવા માટે, યુરોપના કેટલાક દેશો વધુ આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક થયા. સમય જતાં, આ સમુદાય ઈયુ (EU) તરીકે વિકસિત થયો, જે યુરોપના 27 દેશો વચ્ચે આર્થિક અને રાજકીય બંને રીતે જોડાયેલો સંઘ છે. આમાંથી, 25 સભ્ય દેશો (એમએસ (MS)) શેંગેન એરિયાનો ભાગ છે, જેની વિગતવાર ચર્ચા આગામી વિભાગમાં કરવામાં આવશે.

યુરોઝોન, જેને સત્તાવાર રીતે યુરો એરિયા તરીકે ઓળખવામાં આવે છે, તે 20 ઈયુ (EU) એમએસ (MS)નો એક સંઘ છે જેણે યુરોને તેમના પ્રાથમિક ચલણ તરીકે અપનાવ્યું છે. આ ઝોનમાં માલસામાન અને સેવાઓના વેચાણ અને ખરીદી માટે કોઈ અન્ય ચલણ માન્ય નથી અથવા ઉપયોગમાં લેવાતું નથી.

## 1.2 શેંગેન એરિયામાં મુસાફરી

શેંગેન એરિયા યુરોપનો એક એવો એરિયા છે જ્યાં આંતરિક સરહદો નથી, અને શેંગેન વિઝાથી તમે 29 શેંગેન દેશોમાં મુક્ત રીતે પ્રવેશ અને અવરજવર કરી શકો છો. આ દેશો છે: ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, બલ્ગેરિયા, ક્રોએશિયા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, એસ્ટોનિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, હંગેરી, આઇસલેન્ડ, ઇટાલી, લાતવિયા, લીચેંસ્ટાઇન, લિથુઆનિયા, લક્ઝમબર્ગ, માલ્ટા, નેધરલેન્ડ્સ, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સ્લોવાકિયા, સ્લોવેનિયા, સ્પેન, સ્વીડન અને સ્વિટ્ઝર્લેન્ડ.

**નોંધ**

***કૃપા કરીને (EU)ની સત્તાવાર વેબસાઇટ, પર જાઓ, જે તમામ ઈયુ (EU) સભ્ય દેશો[2] વિશે માહિતી આપે છે. તમે દેશના નામ પર ક્લિક કરીને દરેક દેશ વિશે વધુ માહિતી મેળવી શકો છો.***

શેંગેન એરિયાનો ભાગ બનેલા 29 દેશોમાં 25 ઈયુ (EU) સભ્ય દેશો અને 4 દેશોનો સમાવેશ થાય છે જે યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (ઈએફટીએ (EFTA))નો ભાગ છે પરંતુ ઈયુ (EU) સભ્ય દેશ નથી: આઇસલેન્ડ, નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ અને લીચેંસ્ટાઇન. વધુમાં, યુરોપના કેટલાક માઇક્રોસ્ટેટ, જેમ કે એન્ડોરા, મોનાકો, સાન મેરિનો અને વેટિકન સિટી, શેંગેન એરિયા સાથે ખુલ્લી અથવા અસલ સરહદો જાળવી રાખે છે.

શેંગેન ઝોનમાં જોડાયા ન હોય તેવા બે ઈયુ (EU) એમએસ (MS) આયર્લેન્ડ અને સાયપ્રસ છે.




2. ઈયુ (EU)ની સત્તાવાર વેબસાઇટ https://european-union.europa.eu/principles-countries-history/country-profiles_en છે

02

# ▶ ઈયુ (EU)માં સ્થળાંતરણ

## 2.1 અપેક્ષાઓ વિશે સ્પષ્ટીકરણ

દર વર્ષે ઘણા લોકો ઘણા કારણોસર ઈયુ (EU)માં સ્થળાંતરણ કરે છે જેમાં નીચેના લોકોના જૂથનો સમાવેશ થઈ શકે છે.


### કામદારો

- ઉચ્ચ લાયકાત ધરાવતા કામદારો
- ઇન્ટ્રા-કોર્પોરેટ ટ્રાન્સફરી (આઈસીટી (ICT))
- આંતરરાષ્ટ્રીય સેવા પ્રદાતાઓ
- મોસમી કામદાર
- સેલ્ફ-એમ્પ્લોયડ કામદારો
- અન્ય કામદારો
    - ઈયુ (EU)માં પહેલાંથી જ કાયદેસર રીતે રહેતા સ્થળાંતરિતોના પરિવારના સભ્યો
    - સંશોધકો
    - વિદ્યાર્થીઓ
    - તાલિમાર્થીઓ/એપ્રેન્ટિસ
    - વોલન્ટિયર્સ

## 2.2 કામ કરવા માટે ઈયુ (EU) જવું

સ્થળાંતરણથી મોટા ફાયદાઓ થઈ શકે છે, પરંતુ તેમાં ઘણા જોખમો અને પડકારો પણ સામેલ છે. સ્થળાંતરણ માટે માહિતગાર

### જોબ મોબિલિટી પોર્ટલ



નિર્ણય લેવા માટે, તમારે પ્રક્રિયા સંબંધિત પ્રેક્ટિકલ, કાનૂની અને વહીવટી સમસ્યાઓની વિશાળ શ્રેણી પર માહિતી મેળવવી જોઈએ.

## તમે પાત્ર હોવ તેવી સંભવિત નોકરી શોધવી

ઈયુ (EU) દ્વારા (ઈયુઆરઈએસ (EURES)) જોબ મોબિલિટી પોર્ટલ બનાવાયું છે જે ઈયુ (EU)માં નોકરીની સંભાવનાઓ વિશે માહિતી પ્રદાન કરે છે. તમે આ વેબસાઇટ પર સ્થળ, વ્યવસાય અને સેક્ટર મુજબ નોકરીઓ શોધી શકો છો (https://europa.eu/eures/portal/jv-se/home?lang=en). તમે દેશ, પ્રદેશ અને ક્ષેત્ર મુજબ ટૂંકા ગાળા અને લાંબા ગાળાની નોકરીની ખાલી જગ્યાઓ અને શ્રમિકની અછત વિશે પણ જાણી શકો છો. આનાથી તમને તમારી નોકરી શોધવાની કામગીરી સંકુચિત કરવામાં મદદ મળી શકે છે.

**નોંધ**

***કૃપા કરીને નોંધ લો કે ઈયુઆરઈએસ (EURES) પોર્ટલ દ્વારા નોકરી શોધવાથી ઈયુ (EU)માં સ્થળાંતરણ કરતી વખતે બિન-ઈયુ (EU) નાગરિકો પર લાગુ થતી કાનૂની જવાબદારીઓ અને વહીવટી પ્રક્રિયાઓ બદલાતી નથી. એ યાદ રાખવું પણ ઉપયોગી છે કે ઘણી નોકરીઓ ફક્ત ઈયુ (EU) નાગરિકો માટે જ ઉપલબ્ધ હોઈ શકે છે.***


## તમારા સંભવિત વેતન વિશે સમજણ

તમને મળનારું અંદાજિત વેતન જાણવાની તમને ઈચ્છા હોઈ શકે છે. ઈયુ (EU) આ માહિતી https://ec.europa.eu/eurostat/statistics-explained/index.php?title=Wages_and_labour_costs વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવે છે

## ગંતવ્ય દેશમાં રહેવાના ખર્ચની સમીક્ષા

વેતન ઉપરાંત, તમને ગંતવ્ય દેશમાં રહેવાના ખર્ચની સમીક્ષા કરવાથી પણ ફાયદો થઈ શકે છે. ઈયુઆરઈએસ (EURES) પોર્ટલ ઈયુ (EU) એમએસ (MS)માં રહેવાની અને કામ કરવાની પરિસ્થિતિઓને સમજવા માટે વપરાશકર્તા માટે અનુકૂળ પ્લેટફોર્મ આપે છે. આમાં રહેઠાણ શોધવું, શાળા શોધવી, કરવેરા, રહેવાનો ખર્ચ, આરોગ્ય, સામાજિક કાયદા, લાયકાતોની સરખામણી વગેરે વિશેની માહિતી સામેલ છે. આ માહિતી https://eures.europa.eu/living-and-working/living-and-working-conditions-europe_en પર ઉપલબ્ધ છે

**ઈયુ (EU) એમએસ (MS)માં રહેવા અને કામ કરવાની સ્થિતિ**




### રોજગારની ગુણવત્તાની સમીક્ષા

જ્યારે તમે નોકરી અને કામ કરવા માટેનો દેશ પસંદ કરો છો, ત્યારે ઘણા સૂચકાંકો હોય છે જેમાં તમને રસ હોઈ શકે છે. https://ec.europa.eu/eurostat/web/labour-market/information-data/quality-employment નામનું પૃષ્ઠ એમ્પ્લોયમેન્ટ સંબંધિત સાત એરિયામાં વિગતવાર ડેટા અને વિશ્લેષણ પ્રદાન કરે છે.

### જીવનની ગુણવત્તાની સમીક્ષા

શિક્ષણ, આરોગ્ય, સલામતી, પર્યાવરણ, રહેઠાણ અને રોજગાર અંગેની માહિતી સહિત જીવનની ગુણવત્તા સૂચકાંકો https://ec.europa.eu/eurostat/web/quality-of-life/information-data પર ઉપલબ્ધ છે અને સ્થળાંતરણ માટે દેશ પસંદ કરતી વખતે મદદરૂપ થઈ શકે છે.

#### રોજગાર સંબંધિત સૂચકોની ગુણવત્તા




#### જીવન સંબંધિત સૂચકોની ગુણવત્તા



**નોંધ**

*કોઈપણ શંકા દૂર કરવા અને શક્ય તેટલી વધુ માહિતી એકત્રિત કરવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો, જેથી તમે માહિતગાર નિર્ણયો લઈ શકો અને સારા અને સુખી જીવન માટે સારી યોજના બનાવી શકો.*

## 2.3 પ્રોફેશનલ વિચારણાઓ

1. શા માટે તમે ઈયુ (EU)માં કામ કરવા માંગો છો? વિદેશી વાતાવરણમાં કામ કરવા માટે શું તમે તૈયાર છો?
2. ભારતમાં તમે કયા વિકલ્પો ધરાવો છો? દેશના અન્ય ભાગોમાં શું તમે નોકરીની તકો શોધી છે?
3. વિદેશમાં કામ કરવાથી શું ફાયદા થાય અને કયા જોખમો છે?

### વ્યાવસાયિક વિચારણાઓ

- **ફેરફારો નેવિગેટ કરીએ?**
- **ફાયદા અને જોખમો છે?**
- **લાયકાતો ઈયુ (EU)માં માન્ય છે?**
- **શું ભારતમાં વિકલ્પો છે?**
- **શું નાણાકીય લક્ષ્યો છે?**
- **શું વિઝાના વિકલ્પો છે?**
- **શું તમે બેકઅપ પ્લાન ધરાવો છો?**
- **ઈયુ (EU)માં શા માટે કામ કરવું?**
- **શું સ્થળાંતરણ ખર્ચ ઉઠાવી શકશો?**

4. શું તમે ઈયુ (EU)માં નોકરી માટે પાત્ર છો? શું તમારી ભારત પ્રમાણેની પાત્રતા લાયકાત અને કામના અનુભવને ઈયુ (EU) માં માન્યતા આપવામાં આવશે?

5. શું તમે જરૂરી ડોક્યુમેન્ટ મેળવી શકો છો અને સ્થળાંતરણનો ખર્ચ ઉઠાવી શકો છો? યાદ રાખો કે આ ખર્ચમાં વિઝાનો ખર્ચ, ભરતી કરનારાઓનો ખર્ચ, તબીબી મંજૂરીઓ અને તમારી પાત્રતાના મૂલ્યાંકન અને ઓળખ સાથે સંકળાયેલા ખર્ચનો સમાવેશ થઈ શકે છે.

6. તમારા નાણાકીય લક્ષ્યો શું છે અને શું ઈયુ (EU)માં કામ કરવાથી તે પ્રાપ્ત થશે?

7. તમારા વિઝાના વિકલ્પો શું છે?

8. શું તમારા નોકરીદાતા સ્થળાંતરણના ખર્ચ અને કામચલાઉ રહેઠાણના ભથ્થા સહિત તમને નવા દેશમાં રહેવાના ફેરફારોનો સામનો કરવામાં મદદ કરશે?

9. તમે ઈયુ (EU)માં કેટલો સમય રહેવાની ઈચ્છા ધરાવો છો? જો તમારા ધાર્યા પ્રમાણે ન થાય તો શું તમારી પાસે બેકઅપ પ્લાન છે?

## 2.4 સ્થળાંતર કરવા માટે દેશ પસંદ કરવો

ખુલ્લા અને લવચિક શ્રમ બજારો, આરોગ્યસંભાળ પ્રણાલીઓ, શિક્ષણ પ્રણાલીઓ અને ઇમિગ્રેશન પ્રત્યે ખુલ્લાપણું એ કેટલાક પ્રાથમિક પરિબળો છે જે તમે સ્થળાંતરણ માટે કોઈ દેશ પસંદ કરતી વખતે ધ્યાનમાં લઈ શકો છો. આ કરવાની બીજી રીત એ છે કે તમારા ચોક્કસ કૌશલ્યોની સૌથી વધુ માંગ ક્યાં છે તે શોધો અને પછી સ્થળાંતરણ અને વર્ક વિઝા મેળવવાની પ્રક્રિયાનું સંશોધન કરો.

આ વિગતોને વધુ સારી રીતે સમજવી હોય, તો દેશમાંથી માહિતી મેળવવાથી તે વધુ મદદરૂપ થશે. શું યુરોપમાં તમારા કોઈ અંગત સંપર્કો છે? શું તેઓ તમને આ માહિતી મેળવવામાં મદદ કરી શકે છે?

**જો તમે જે દેશમાં રહેવાના છો ત્યાં રહેતા કોઈનો સંપર્ક કરી શકો, તો આ પ્રશ્નો પૂછો:**

1. એકંદરે દેશ કેવો છે? કામ કરવા અને રહેવા સંબંધિત પરિસ્થિતિઓ શું છે? શું કારકિર્દીમાં આગળ વધવાની તકો અને પરિવાર માટે કોઈ તકો છે?

2. સ્થાનિક રોજગાર બજારમાં તમારા કૌશલ્ય ધરાવતા કામદારની હાલમાં કેટલી માંગ છે?

3. જો તમને નોકરી મળી ગઈ હોય, તો શું તમે તમારા નવા કાર્યસ્થળ પર સાથીદારોનો સંપર્ક કરી શકો છો? શું તે દેશમાં કોઈ ડાયસ્પોરા જૂથ છે અથવા તે દેશમાંથી ભારતમાં પાછા ફરેલા સ્થળાંતરિતો છે? તેઓ તેમના સ્થળાંતરણના અનુભવની પરિસ્થિતિઓ વિશે શું જણાવે છે? તમે કોનો સંપર્ક કરી શકો છો?

4. દેશમાં કઈ ભાષાઓ બોલવામાં આવે છે? વ્યવસાય માટે ઉપયોગમાં લેવાતી સત્તાવાર ભાષાઓ કઈ છે? જો તમે ત્યાં પહોંચો ત્યારે સ્થાનિક ભાષા ન આવડતી હોય, તો શું તમે મેનેજ કરી શકશો? ભાષાના ટ્યુશનનો ખર્ચ કેટલો હશે?

5. રહેઠાણ મેળવવું કેટલું મુશ્કેલ કે સરળ છે? શરૂઆતમાં તમારે ક્યાં રહેવું જોઈએ?

6. શું તમે તમારા પરિવાર / આશ્રિતોને પોતાની સાથે લાવી શકશો?


7. તમે કેવી રીતે સામાજિક સુરક્ષા, વીમા અને પેન્શન માટે પાત્રતા મેળવશો?

8. શું તે દેશમાં એવા કોઈ મિત્રો કે લોકોના રેફરન્સ છે જે તમારા આગમન પર તમને મદદ કરી શકે?

9. જો તમે થોડા સમય પછી ભારત પાછા જવાનું પસંદ કરો, તો પાછા ફર્યા પછી તમારી પાસે કયા વિકલ્પો હશે?


યુરોપિયન ફાઉન્ડેશન ફોર ધ ઇમ્પ્રૂવમેન્ટ ઓફ લિવિંગ એન્ડ વર્કિંગ કન્ડિશન (યુરોફાઉન્ડ) ઈયુ (EU)માં જીવનની ગુણવત્તા અને ખાસ કરીને વર્કિંગ લાઈફ (કામકાજી જીવન) સંબંધિત સામાજિક અને કાર્ય-સંબંધિત વિષયોની વિશાળ શ્રેણી પર સંશોધન, ડેટા અને વિશ્લેષણ પ્રદાન કરે છે. આ ડેટા બધા ઈયુ (EU) એમએસ (MS) માટે ઉપલબ્ધ છે અને નીચેની વેબસાઇટ પર મળી શકે છે: https://www.eurofound.europa.eu/

યુરોફાઉન્ડ વેબસાઇટ




## 2.5 સામાજિક અને રહેવા સંબંધિત બાબતો

નવા સ્થળોથી જીવનના નવા અનુભવો અને અણધારી મિત્રતા બની શકે છે. જોકે, આ અનુભવ એકલતાનો અનુભવ પણ કરાવી શકે છે.



## 2.6 મનોસામાજિક બાબતો

1. તમે શું અને કોને છોડીને જઈ રહ્યા છો?
2. તમારા પરિવારના સભ્યો કે જેમને તમે ભારતમાં છોડીને જઈ રહ્યા હોવ તેમના પ્રત્યે તમારી શું જવાબદારી છે?
3. વિદેશ જવાથી તમારા જીવનસાથી, બાળકો, માતા-પિતા, ભાઈ-બહેન અને પરિવાર પર કેવી અસર પડશે?
4. પાછા ફરતી વખતે તમારે શું રાખવું જોઈએ?
5. શું તમારે તમારા પરિવાર માટે ઘરે નાણાં મોકલવાની જરૂર છે? જો હા, તો શું તમારી પાસે જે બચ્યું છે તેના પર આરામથી જીવવા માટે તમને પૂરતા નાણાં મળશે?

## 2.7 પરિવારના સભ્ય સાથે જોડાવું

જો તમે ઈયુ (EU)માં પરિવારના કોઈ સભ્ય સાથે જોડાઈ રહ્યા હોવ, તો આ બાબતો ધ્યાનમાં રાખો.

1. શું તમે જાણો છો કે પરિવારના સભ્ય તરીકે ઈયુ (EU)માં પ્રવેશ માટે કયા પાત્રતા માપદંડ છે?
2. જો તમને કોઈ એમએસ (MS)ના નાગરિક/નિવાસી દ્વારા ઈયુ (EU)માં આમંત્રણ આપવામાં આવી રહ્યું હોય, તો શું તમને તેમના ઇરાદા વિશે ખાતરી છે? તમે તે વ્યક્તિને કેટલા સમયથી જાણો છો?

તમારું આગમન તેમના પર નિર્ભર રહેશે તેથી તેમના કાગળો માન્ય હોવા જોઈએ અને તેમણે તમને દેશમાં આમંત્રણ આપવા માટેના તમામ માપદંડોને પૂર્ણ કરવા જરૂરી છે.

## કેસ સ્ટડી – 1

રમિશ અને સારા બંને આઇટી (IT) પ્રોફેશનલ્સ છે. ઘણા વર્ષો સુધી ઈયુ (EU)માં નોકરીની તકો શોધ્યા પછી, રમિશને આખરે બે અલગ અલગ ઈયુ (EU) એમએસ (MS) તરફથી બે સમાન સારી નોકરીની ઓફર મળી. રમિશ ડિજિટલ ફોરેન્સિક્સના ખૂબ જ વિશિષ્ટ ક્ષેત્રમાં કામ કરે છે અને ઈયુ (EU) જવા માટે ઉત્સુક છે, કારણ કે ત્યાં કામ કરવાથી તેને અનુભવ અને તકો મળશે.

રમિશ અને સારાને બે વર્ષની પુત્રી છે અને પરિવાર તરીકે, તેઓ સ્પષ્ટ છે કે આ પગલાથી સારાની કારકિર્દીને અસર ન થવી જોઈએ. ભારતમાં, રમિશ અને સારાને તેમના માતા-પિતા તરફથી ટેકો મળે છે, જેઓ તેમની કારકિર્દી બનાવતી વખતે વારાફરતી બાળ સંભાળ સહાય પૂરી પાડે છે. ઈયુ (EU)માં રહીને, આ શક્ય નહીં બને. નીચેનો પ્રશ્ન સમૂહ રમિશ અને સારાને તેમના પરિવાર માટે શ્રેષ્ઠ પસંદગી કરવામાં મદદરૂપ થયો.

**Q. સારાને કયા દેશમાં સરળતાથી નોકરી મળી શકશે?**

A. નોકરીની જગ્યાઓ તપાસી અને ફેમિલી વિઝા પર બિન-ઈયુ (EU) નાગરિકો માટે નોકરીઓ ઉપલબ્ધ છે કે કેમ તે તપાસવા માટે નોકરીદાતાનો સંપર્ક કર્યો.

A. પરિવાર અને મિત્રો પાસેથી જોબ માર્કેટ વિશે પૂછપરછ કરી.

A. નોકરીદાતાને પૂછ્યું કે શું તેઓ જીવનસાથીઓ માટે નોકરીઓ સંબંધિત માહિતીમાં મદદ કરી શકે છે.



**Q. તેઓ તેમની દીકરીની સંભાળ કેવી રીતે રાખશે?**

A. દેશમાં ઉપલબ્ધ બાળ સહાય સિસ્ટમની તપાસ કરી.

A. કાર્યસ્થળની કેટલી નજીક આવી સહાય ઉપલબ્ધ થશે તે તપાસ્યું.

A. દેશોમાં રહેવાના ખર્ચની સમીક્ષા કરી કે તે તેમને કેટલું પોસાશે કારણ કે તેઓ તેમની પુત્રી માટે શ્રેષ્ઠ બાળ સંભાળ ઇચ્છતા હતા.

A. ઘરેથી અથવા પાર્ટ-ટાઇમ કામ કરવાની સંભાવના વિશે નોકરીદાતા સાથે તપાસ કરી.

ચાલુ...

...ચાલુ

**Q. તેઓ ઘર કેવી રીતે મેળવશે અને તેઓ કેટલી સરળતાથી સામાજિક જીવન જીવી શકશે?**

A. તેઓએ દેશમાં ઘર, આરોગ્યસંભાળ અને રોજગારની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે જીવનની ગુણવત્તા ટૂલનો ઉપયોગ કર્યો (https://ec.europa.eu/eurostat/web/quality-of-life/information-data#What's%20been%20achieved%20so%20far?)[3]

A. તેઓએ દેશમાં રહેવા વિશે સીધી માહિતી મેળવવા માટે મિત્રો અને પરિચિતોનો સંપર્ક કર્યો

A. તેમને ખબર પડી કે તેઓ એવા વિસ્તારમાં રહી શકે છે જ્યાં પડોશમાં ઉદ્યાનો, સાપ્તાહિક સ્થાનિક બજાર અને બાળકોના મનોરંજનનો વિસ્તાર હોય, જ્યાં તેઓ સ્થાનિક લોકોને મળી શકશે.

## 2.8 ઈયુ (EU)માં ભારતીયો

વિશ્વભરના દરેક દેશના લોકો ઈયુ (EU)માં રહેવા આવે છે અને ભારતીયો પણ તેમાં અપવાદ નથી. સમગ્ર ઈયુ (EU)માં, ભારતીયો ખેતીકામ અને વાણિજ્યથી લઈને ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ટેલિકોમ્યુનિકેશન સુધીના અનેક ક્ષેત્રોમાં કાર્યરત છે.

ઈયુ (EU)માં વસનારા અને કામ કરનારા ભારતીયોની કુલ સંખ્યા દર વર્ષે વધી રહી છે. 2024માં, ઈયુ (EU) દ્વારા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે 192,445 ભારતીયોને પ્રથમ પરમિટ આપવામાં આવી હતી (અથવા કુલ આપવામાં આવેલી પ્રથમ પરમિટના 5.5 ટકા)[4].

કામ માટે ઈયુ (EU)માં પ્રવેશતા લોકોની સાથે-સાથે, ત્યાં જતા ઘણા ભારતીય વિદ્યાર્થીઓને ક્યારેક પાર્ટ-ટાઇમ કામ કરવાની મંજૂરી આપવામાં આવે છે, જેથી તેઓ આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં પોતાની કારકિર્દી બનાવી શકે.

ઈયુ (EU)માં ભારતથી સ્થળાંતરણ કરનારાઓની વધતી સંખ્યાને કારણે ઈયુ (EU)માં ઘણી સાંસ્કૃતિક અને વ્યવસાયિક તકોનો વિકાસ થયો છે, જ્યાં ભારતીય ખોરાક, સંસ્કૃતિ અને ભાગીદારી વધુને વધુ મુખ્ય પ્રવાહની સંસ્કૃતિનો ભાગ બની રહી છે. તમે યોગ કેન્દ્રો, ભારતીય રેસ્ટોરન્ટ, સંગીત અને ભારતીય ફિલ્મોને યુરોપિયન જીવનનો ભાગ બનતા જોવા મળી શકે છે. ટેબલ 1માં ઈયુ (EU)ના વિવિધ દેશોમાં રહેતા ભારતીયોની સંખ્યાની માહિતી આપી છે.

**ટેબલ 1:** ઈયુ (EU)માં ભારતીયોની કુલ સંખ્યા

| ક્રમાંક | ઈયુ (EU) દેશ | કુલ વસ્તી ઈયુ (EU) એમએસ (MS) | દેશમાં વિદેશી સ્થળાંતરિતો | ઈયુ (EU) એમએસ (MS)માં વિદેશી ભારતીયો (એનઆરઆઈ (NRI) અને ઓસીઆઈ (OCI)) ની વસ્તી (સંખ્યા) |
|---|---|---|---|---|
| 1 | ઑસ્ટ્રિયા | 9,158,750 | 17,84,900 | 32500 |
| 2 | બેલ્જિયમ | 1,18,17,096 | 16,33,800 | 28,834 |
| 3 | બલ્ગેરિયા | 64,45,481 | 1,19,100 | 803 |
| 4 | ક્રોએશિયા | 38,61,967 | 1,15,200 | 12011 |

3. રહેવાની અને કામ કરવાની પરિસ્થિતિઓ પર ઈયુ (EU) એમએસ (MS)ના રાષ્ટ્રીય પોર્ટલ અહીં https://eures.europa.eu/living-and-working/living-and-working-conditions-europe_en શોધી શકો છો

4. https://ec.europa.eu/eurostat/statistics-explained/index.php?title=Residence_permits_-_statistics_on_first_permits_issued_during_the_year#First_residence_permits_by_citizenship_and_by_destination_in_the_EU

| ક્રમાંક | ઈયુ (EU) દેશ | કુલ વસ્તી<br>ઈયુ (EU) એમએસ<br>(MS) | દેશમાં વિદેશી<br>સ્થળાંતરિતો | ઈયુ (EU) એમએસ (MS)માં<br>વિદેશી ભારતીયો (એનઆરઆઈ<br>(NRI) અને ઓસીઆઈ (OCI))<br>ની વસ્તી (સંખ્યા) |
|---|---|---|---|---|
| 5 | સાયપ્રસ | 9,66,365 | 2,32,000 | 14979 |
| 6 | ચેક રિપબ્લિક | 1,09,00,555 | 9,45,600 | 9498 |
| 7 | ડેનમાર્ક | 59,61,249 | 6,49,900 | 20647 |
| 8 | એસ્ટોનિયા | 13,74,687 | 2,46,500 | 2328 |
| 9 | ફિનલેન્ડ | 56,03,851 | 3,71,300 | 21359 |
| 10 | ફ્રાન્સ | 68467362 | 60,28,500 | 119000 |
| 11 | જર્મની | 8,34,56,045 | 1,21,09,000 | 260864 |
| 12 | ગ્રીસ | 1,04,00,720 | 7,43,800 | 35000 |
| 13 | હંગેરી | 95,84,627 | 2,50,700 | 8734 |
| 14 | આયર્લેન્ડ | 53,51,681 | 8,18,600 | 61386 |
| 15 | ઇટાલી | 58971230 | 52,53,700 | 206503 |
| 16 | લાતવિયા | 1875316 | 2,58,000 | 3000 |
| 17 | લિથુઆનિયા | 2885891 | 1,36,000 | 4570 |
| 18 | લક્ઝમબર્ગ | 672050 | 3,17,500 | 5321 |
| 19 | માલ્ટા | 563443 | 1,58,400 | 18250 |
| 20 | નેધરલેન્ડ્સ | 17942942 | 15,23,900 | 228787 |
| 21 | પોલેન્ડ | 36620970 | 4,30,200 | 24200 |
| 22 | પોર્ટુગલ | 10639726 | 10,45,400 | 103682 |
| 23 | રોમાનિયા | 19067576 | 2,31,400 | 6027 |
| 24 | સ્લોવાકિયા | 5424687 | 63,000 | 3000 |
| 25 | સ્લોવેનિયા | 2123949 | 2,03,300 | 908 |
| 26 | સ્પેન | 48619695 | 65,02,300 | 67592 |
| 27 | સ્વીડન | 10551707 | 8,34,300 | 60000 |

સ્રોત: https://www.mea.gov.in/population-of-overseas-indians.htm

https://ec.europa.eu/eurostat/statistics-explained/index.php?title=EU_population_diversity_by_citizenship_and_country_of_birth#:~:text=:%20Eurostat%20(migr_pop4ctb)-,29.0%20million%20non%2DEU%20citizens%20living%20in%20the%20EU%20on,%25)%20and%20Cyprus%20(24.0%25).

03

# વિઝા માટે અરજી કરવી અને વિઝા મેળવવા

જો તમે સ્થળાંતરણના ફાયદા અને ગેરફાયદાની સરખામણી કરી હોય અને ખાતરી હોય કે તમે ઈયુ (EU) જવા માંગો છો, તો તમારે કાનૂની સ્થળાંતરણ માટે ઉપલબ્ધ વિવિધ તકોને સમજવી જોઈએ.

એક ભારતીય નાગરિક તરીકે, તમે બિન-ઈયુ (EU) નાગરિકની શ્રેણીમાં આવશે અને તમારા વિઝાની શ્રેણીના આધારે દેશમાં તમારા અધિકારો નક્કી થશે.

## 3.1 વિઝા માટે અરજી કરવાનું વિચારવું

ઈયુ (EU) એમએસ (MS)માં સ્થળાંતરણ કરવા માટે, તમારે વિઝા માટે અરજી કરવી પડશે, વિઝાની બધી શરતો પૂર્ણ કરવી પડશે અને તે મેળવવા માટેની પ્રક્રિયાઓનું પાલન કરવું પડશે. વિઝા માટે અરજી કરતી વખતે, તમારે પહેલા નક્કી કરવું પડશે કે તમે કયા હેતુ માટે જઈ રહ્યા છો. આનાથી તમને તમારા વિઝાની શ્રેણી નક્કી કરવામાં મદદ મળશે.

તમે કઈ શ્રેણીમાં ફિટ થાઓ છો તે સમજવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે, યુરોપિયન કમિશનની વેબસાઇટ[5] પર જાઓ, જ્યાં તમને ડેનમાર્ક[6] અને આયર્લેન્ડ[7] સિવાય, 27 ઈયુ (EU) દેશોમાંથી 25 દ્વારા આપવામાં આવતા વિવિધ પ્રકારના વિઝા વિશે વિગતવાર માહિતી મળશે. ડેનમાર્ક અને આયર્લેન્ડ વિશે વધુ માહિતી મેળવવા માટે, કૃપા કરીને જે-તે સંબંધિત દેશોની વિઝાની વેબસાઇટ્સ જુઓ.

**નોંધ**

*ઓક્ટોબરથી, ઈયુ (EU) એ એન્ટ્રી/એક્ઝિટ સિસ્ટમ (ઈઈએસ (EES)) રજૂ કરી છે, જે શેંગેન એરિયામાં ટૂંકા રોકાણ (180 દિવસના સમયગાળામાં 90 દિવસ સુધી) માટે મુસાફરી કરતા બિન-ઈયુ (EU) નાગરિકોની નોંધણી માટે એક નવી સરહદ વ્યવસ્થાપન પ્રણાલી છે, જ્યારે તેઓ 29 યુરોપિયન દેશોની[8] બાહ્ય સરહદો પાર કરે છે. EES (ઈઈએસ)નો હેતુ સરહદ વ્યવસ્થાપનને મજબૂત બનાવવા, શેંગેન નિયમોનું પાલન સુધારવા અને એકંદર સિસ્ટમ કાર્યક્ષમતા વધારવાનો છે. વધુ માહિતી માટે, કૃપા કરીને જુઓ: https://travel-europe.europa.eu/ees*

### ઈયુ (EU) ઇમિગ્રેશન પોર્ટલ વેબસાઇટ

વેબસાઇટ પર તમને ઉચ્ચ કૌશલ્યો ધરાવતા કામદાર, ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓ, વોલન્ટિયર્સ અને તાલિમાર્થી જેવી સ્થળાંતરણ શ્રેણીઓ માટેની માહિતી પણ મળશે. જો તમને ખબર હોય કે તમે

5. કાનૂની સ્થળાંતરણની તકો વિશે https://ec.europa.eu/immigration/general-information/what-category-do-i-fit_en પર વિગતવાર માહિતી ઉપલબ્ધ છે.
6. https://um.dk/en/travel-and-residence/how-to-apply-for-a-residence-permit/
7. https://www.dfa.ie/irish-embassy/india/visas/applying-for-irish-visa/#EmploymentVisas
8. ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, બલ્ગેરિયા, ક્રોએશિયા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, એસ્ટોનિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, હંગેરી, આઇસલેન્ડ, ઇટાલી, લાતવિયા, લીચેંસ્ટાઇન, લિથુઆનિયા, લક્ઝમબર્ગ, માલ્ટા, નેધરલેન્ડ્સ, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સ્લોવાકિયા, સ્લોવેનિયા, સ્પેન, સ્વીડન, અને સ્વિત્ઝર્લેન્ડ.

કઈ શ્રેણીમાં આવો છો અને તમે કયા એમએસ (MS)માં સ્થળાંતરણ કરવા માંગો છો, તો વેબસાઇટ એક ઇન્ટરેક્ટિવ નકશો પ્રદાન કરે છે જે તમને સંબંધિત માહિતી સરળતાથી શોધવામાં મદદ કરશે[9].

## 3.2 ઈયુ (EU)માં વિઝાના પ્રકારો

એક, બે અથવા વારંવાર એન્ટ્રી માટે વિઝા આપી શકાય છે.

શેંગેન વર્ક વિઝા તરીકે ઓળખાતા કોઈ વિઝા નથી. શેંગેન દેશમાં લાંબા ગાળા માટે કામ કરતી અથવા રહેતી વ્યક્તિઓને D શ્રેણીની રેસિડેન્સી પરમિટ અથવા નેશનલ વિઝા આપવામાં આવે છે.


### સામાન્ય પૂર્વ-જરૂરિયાતો

વિઝા અરજી માટે ડોક્યુમેન્ટ તૈયાર કરતી વખતે આ કેટલીક બાબતો તમામ સ્થળાંતરણ કરનારાઓએ યાદ રાખવી જરૂરી છે. ભારતમાં શેંગેન વિઝા અરજદારો માટે માહિતી પત્રક આ સંદર્ભમાં ઉપયોગી થઈ શકે છે, અને તમે તેને આ લિંક પર ઍક્સેસ કરી શકો છો: https://visa.vfsglobal.com/ind/en/deu/common-information

**નોંધ**

*18 એપ્રિલ 2024ના રોજ, યુરોપિયન કમિશને ભારતમાં ટૂંકા રોકાણના શેંગેન વિઝા માટે અરજી કરતા ભારતીય નાગરિકો માટે એક નવી વિઝા "કેસ્કેડ" વ્યવસ્થા અપનાવી છે. આ વ્યવસ્થા જાણીતા પ્રવાસ ઇતિહાસ અને માન્ય પાસપોર્ટ ધરાવતા પ્રવાસીઓ માટે લાંબા ગાળાના, મલ્ટીપલ-એન્ટ્રી વિઝાની ઍક્સેસની સુવિધા આપે છે. આ માળખા હેઠળ, અરજદારોને પાછલા ત્રણ વર્ષમાં કાયદેસર રીતે બે વિઝાનો ઉપયોગ કર્યા પછી બે વર્ષના મલ્ટીપલ-એન્ટ્રી વિઝા જારી કરી શકાય છે, ત્યારબાદ પાસપોર્ટ માન્યતા સાથે પાંચ વર્ષના વિઝા આપવામાં આવી શકાય છે. વધુ માહિતી માટે, કૃપા કરીને https://www.eeas.europa.eu/delegations/india/european-union-adopts-more-favourable-schengen-visa-rules-indians_en?s=167 જુઓ*

### ઈયુ (EU)માં વિઝાના પ્રકારો




9. ઇન્ટરેક્ટિવ નકશો https://ec.europa.eu/immigration/node_en પર ઉપલબ્ધ છે.

### જોકે, તમારે પોતાને પૂછવા જરૂરી હોય તેવા કેટલાક મૂળભૂત પ્રશ્નો નીચે મુજબ છે:

- શું તમારી પાસે શેંગેન રાજ્યથી પાછા ફરવાની તારીખ પછી ઓછામાં ઓછા ત્રણ મહિના માટે માન્ય પાસપોર્ટ છે, જેમાં ઓછામાં ઓછા બે ખાલી પાના છે અને તે પાછલા 10 વર્ષની અંદર જારી કરવામાં આવ્યો છે?
- શું તમારી પાસે યોગ્ય પાસપોર્ટ ફોર્મેટમાં ફોટોગ્રાફ્સ છે?
- શું તમે વિઝા મેળવવા માટે જરૂરી નાણાકીય સાધનોનો પુરાવો ધરાવો છો?
- શું તમારી પાસે ઓછામાં ઓછા યુરો 30,000નું કવરેજ ધરાવતો ટ્રાવેલ મેડિકલ વીમો છે?

### જો તમે કામ માટે જઈ રહ્યા હોવ, તો પોતાને આ પ્રશ્નો પૂછો:


- શું તમારી પાસે શેંગેન વિઝા માટે અરજી કરવા માટે વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર) છે, અથવા કોઈ પ્રાયોજક છે?
- શું તમે તમારા આગમન પછી ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી ગંતવ્ય દેશમાં રહી શકાય એટલું પૂરતું ફંડ ધરાવો છો?
- શું તમારી પાસે ઈયુ (EU)માં માન્ય આરોગ્ય વીમો છે?

## 3.3 વ્યાવસાયિક કૌશલ્યો અને ભાષા સંબંધિત જરૂરિયાતો

તમે ભારતમાં અભ્યાસ કર્યો હશે, લાયકાત મેળવી હશે અને તાલીમ લીધી હશે, પરંતુ શું તેનો અર્થ એ છે કે તમે ઈયુ (EU)માં કામ કરવા માટે પાત્ર છો? જરૂરી નથી! ઝડપથી રોજગાર માટે ઈયુ (EU)માં સ્થળાંતરણ કરતા લોકો પાસે વિવિધ પ્રમાણિત કૌશલ્યો સાથે ઉચ્ચ લાયકાત હોવી જરૂરી બનશે, અને તેથી તેમણે નીચેના માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે:

- તમારે સાબિત કરવું આવશ્યક છે કે તમારી પાસે ઉચ્ચ વ્યાવસાયિક લાયકાત છે, જેમ કે યુનિવર્સિટી ડિગ્રી અથવા સંબંધિત વ્યાવસાયિક અનુભવ (જો આવા અનુભવને સંબંધિત એમએસ (MS)માં પાત્ર ગણવામાં આવે તો).
- તમે જે ઈયુ (EU) દેશમાં કામ કરવા માંગો છો ત્યાં માન્ય હોય તેવી તમારી ડિગ્રી / તાલીમ તમારે પ્રાપ્ત કરવી પડશે. જો તમારું પ્રોફેશન રેગ્યુલેટેડ (નિયમન હેઠળનું) હોય, તો તમારે તે પ્રોફેશનનો અભ્યાસ કરતા પહેલાં ખાસ પરીક્ષાઓ, જેમ કે રાજ્યસ્તરની પરીક્ષા આપવાની, અને/અથવા વ્યાવસાયિક સંસ્થા સાથે નોંધણી કરાવવાની પણ જરૂર પડી શકે છે.
- તમારો વાર્ષિક કુલ પગાર રાષ્ટ્રીય પગાર મર્યાદાને પૂર્ણ કરતો હોવો જરૂરી છે અને સરેરાશ કુલ રાષ્ટ્રીય પગારના 1-1.6 ગણો હોવો જરૂરી છે[10].
- તમારી પાસે જરૂરી ટ્રાવેલ ડોક્યુમેન્ટ હોવા આવશ્યક છે, જેમાં તમારા અને તમારી સાથે ઈયુ (EU) આવી રહ્યા હોય તેવા તમારા આશ્રિતો માટે આરોગ્ય વીમો સામેલ છે.
- તમારા પ્રોફેશનનું નિયમન પણ કરવામાં આવી શકાય છે અને તમારે પ્રમાણપત્ર મેળવવાની જરૂર પડી શકે છે[11]. દરેક એમએસ (MS) માટે રેગ્યુલેટેડ (નિયમન હેઠળના) પ્રોફેશનની યાદી અલગ અલગ હોય છે. તમારું પ્રોફેશન રેગ્યુલેટેડ (નિયમન હેઠળનું) છે કે નહીં તે જાણવા માટે, તમે આ લિંક

**નિયમન કરવામાં આવતા પ્રોફેશનના ડેટાબેઝની વેબસાઇટ**




10. સરેરાશ રાષ્ટ્રીય પગાર એ ચોક્કસ સમયગાળા દરમિયાન દેશના કામદારને મળતી સરેરાશ આવક છે. https://home-affairs.ec.europa.eu/policies/migration-and-asylum/legal-migration-and-resettlement/work/eu-blue-card-attracting-highly-qualified-talent-eu_en
11. https://ec.europa.eu/growth/tools-databases/regprof/home

પર રેગ્યુલેટેડ પ્રોફેશનના ડેટાબેઝનો ઉપયોગ કરી શકો છો: https://ec.europa.eu/growth/tools-databases/reproof/index. cfm?action=regprofs

જો તમે કામચલાઉ ધોરણે ઈયુ (EU)માં સ્થળાંતરણ કરી રહ્યા હોવ, તો તમારે પ્રોફેશનલ લાયકાતોની માન્યતા માટે અરજી કરવાની જરૂર નથી સિવાય કે તમારું પ્રોફેશન આરોગ્ય અને સલામતી સંબંધિત હોય.

મોસમી કામદારના માપદંડોનો સમૂહ અલગ હશે અને તેમને ખૂબ કુશળ હોવાની જરૂર નથી. તેઓ મોટે ભાગે નીચેના ક્ષેત્રોમાં કાર્યરત છે: કૃષિ (agriculture), બાગાયત (horticulture), બાંધકામ (construction), આતિથ્ય (hospitality), છૂટક વેપાર (retail), પર્યટન (tourism) અને એવી નોકરીઓમાં જેમાં મોટાભાગે શારીરિક શ્રમની જરૂર પડે છે.

જેઓ પહેલાંથી જ ઈયુ (EU)માં રહે છે અને નોકરી શોધી રહ્યા છે - ઉદાહરણ તરીકે, જેઓ પરિવાર સાથે એક થવા હેઠળ છે - તમે બિન-ઈયુ (EU) નાગરિકો[12] માટે ઈયુ (EU) કૌશલ્ય પ્રોફાઇલ ટૂલથી તમારા કૌશલ્યો ચકાસી શકો છો. આ ઑનલાઇન ટૂલ બિન-ઈયુ (EU) નાગરિકોના કૌશલ્યો, લાયકાત અને કાર્ય અનુભવોને મેપ કરવામાં મદદ કરે છે જેથી તેમને ડિપ્લોમાની માન્યતા, કૌશલ્ય માન્યતા, વધુ તાલીમ અથવા રોજગાર સહાય સેવાઓ માટે રેફરલ સહિત આગળના પગલાં પર વ્યક્તિગત સલાહ આપી શકાય.

ભારત સરકારે ભારતીય નાગરિકોને તેમના કૌશલ્યોને અપગ્રેડ કરવામાં અને નવું શીખવામાં મદદ કરવા માટે દેશભરમાં સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય કૌશલ્ય કેન્દ્રો પણ સ્થાપ્યા છે. આમાંના કેટલાક કેન્દ્રો કૌશલ્ય તાલીમ આપશે જે તમને ઈયુ (EU)માં નોકરી શોધવામાં અને લાયક બનવામાં મદદ કરશે. માહિતી અને અપડેટ્સ માટે, કૃપા કરીને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમની[13] સત્તાવાર વેબસાઇટ તપાસો.

## 3.4 ઈયુ (EU) રોજગાર વિઝા કાર્યક્રમો

દરેક ઈયુ (EU) સભ્ય દેશની પોતાની વિઝા પોલિસીઓ હોય છે, અને આ પોલિસીઓ દરેક દેશમાં અલગ અલગ હોઈ શકે છે. ઈયુ (EU)માં રોજગાર વિઝા કાર્યક્રમો સંબંધિત દેશોની શ્રમ જરૂરિયાતોને પૂર્ણ કરવા અને નોકરીની અછતને પહોંચી વળવા માટે સ્થાપિત કરવામાં આવ્યા છે. તેથી, રોજગાર વિઝાના માપદંડો અને આવશ્યકતાઓ, તેમજ અરજી પ્રક્રિયા, દરેક દેશની શ્રમ જરૂરિયાતો અને દેશના રોજગાર બજારમાં તમે કયા કૌશલ્યો પ્રદાન કરી શકો છો તેના પર આધાર રાખે છે.

સ્થળાંતરણ કરનાર કામદાર સામાન્ય રીતે વ્યાવસાયિક કારણોસર વિઝા માટે અરજી કરે છે અને તેમના વિઝાનો સમયગાળો સામાન્ય રીતે તેમના કરારની મુદત સાથે જોડાયેલો હોય છે. વિઝાના પ્રકાર અને કરારની લંબાઈના આધારે તેમના વિઝા અલગ અલગ સમયગાળા માટે માન્ય હોઈ શકે છે. વિઝા રિન્યૂ થવા પાત્ર (renewable) હોઈ શકે છે અથવા રિન્યૂ થવા પાત્ર ન હોય (non-renewable), મલ્ટી-એન્ટ્રી (multi-entry) અથવા સિંગલ એન્ટ્રી (single entry) માટે હોઈ શકે છે.

## 3.5 શું તમે ઉચ્ચ લાયકાત ધરાવતા કામદાર છો?

જો તમે ઉચ્ચ લાયકાત ધરાવતા કામદાર હોવ, તો ઈયુ (EU) બ્લુ કાર્ડ માટે પાત્ર બનવાની તમારી શક્યતાઓ વધી જાય છે. કેટલાક ઈયુ (EU) દેશો ઈયુ (EU) બ્લુ કાર્ડ[14] ઉપરાંત ઉચ્ચ લાયકાત ધરાવતા કામદાર માટે અન્ય રોજગાર પરમિટ પણ આપી શકે છે.

### ઈયુ (EU) બ્લુ કાર્ડ શું છે?

ઈયુ (EU) બ્લુ કાર્ડથી ઈયુ (EU) બહારના ઉચ્ચ લાયકાત ધરાવતા કામદારને ઈયુ (EU) દેશમાં રહેવા અને કામ કરવાનો અધિકાર મળે છે. ડેનમાર્ક અને આયર્લેન્ડમાં ઈયુ (EU) બ્લુ કાર્ડ લાગુ પડતું નથી. જો તમે ઈયુ (EU) બ્લુ કાર્ડ માટે અરજી કરવાની તૈયારી કરી રહ્યા હોવ, તો તમે આ પ્રક્રિયામાં મદદ માટે ઈયુ (EU) બ્લુ કાર્ડ ચેકલિસ્ટનો સંદર્ભ લઈ શકો છો-https://www.icmpd.org/file/download/62206/file/Final_WEB_EU-India%2520Blue%2520Card%2520Checklist_Booklet%2520A5_WEB.pdf

તમારે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત (જેમ કે યુનિવર્સિટીની ડિગ્રી) બતાવીને સાબિત કરવું પડશે કે તમે ઉચ્ચ વ્યાવસાયિક લાયકાત ધરાવો છો. કેટલાક એમએસ (MS) ડિગ્રીના બદલે સંબંધિત ક્ષેત્રમાં ઓછામાં ઓછા પાંચ વર્ષનો વ્યાવસાયિક અનુભવ પણ સ્વીકારી શકે છે.

તમારે પગારદાર કર્મચારી તરીકે કામ કરવું આવશ્યક છે – ઈયુ (EU) બ્લુ કાર્ડ સેલ્ફ-એમ્પ્લોય કામદાર અથવા ઉદ્યોગસાહસિકોને લાગુ પડતું નથી.

12. https://ec.europa.eu/migrantskills/

13. વેબસાઇટ https://nsdcindia.org/ પર ઍક્સેસ કરી શકાય છે


14. ચોક્કસ ઈયુ (EU) દેશમાં કયા નિયમો લાગુ પડે છે તેની વિગતવાર માહિતી માટે, તમે ફૂટનોટ 8 માં લિંક કરેલા ઇન્ટરેક્ટિવ નકશામાં તમારા ગંતવ્ય દેશને પસંદ કરી શકો છો.

## ઈયુ (EU) બ્લુ કાર્ડ માટે અરજી કરવા માટે મારે કઈ શરતો પૂરી કરવી પડશે?




- તમારો વાર્ષિક કુલ પગાર સંબંધિત ઈયુ (EU) એમએસ (MS) દ્વારા નક્કી કરાયેલ પગાર મર્યાદાને પૂર્ણ કરતો હોવો જરૂરી છે. તાજેતરમાં ઈયુ (EU) એ વધુ પ્રતિભાઓને આકર્ષવા માટે પગાર મર્યાદા ઘટાડી છે અને એમએસ (MS) ના આધારે, તમારો વાર્ષિક કુલ પગાર રાષ્ટ્રીય સરેરાશ પગારના માત્ર 1 થી 1.6 ગણો હોવો જરૂરી છે.
- તમારે ઓછામાં ઓછા છ મહિના માટે ઈયુ (EU) દેશમાં વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર) અથવા બંધનકર્તા નોકરીની ઓફર રજૂ કરવી આવશ્યક છે.
- તમારી પાસે જરૂરી ટ્રાવેલ ડોક્યુમેન્ટ હોવા આવશ્યક છે. તમારી સાથે ઈયુ (EU) આવતા કોઈપણ સંબંધીઓ માટે તમે આરોગ્ય વીમો ધરાવતા હોવા જરૂરી છે.

## ઈયુ (EU) બ્લુ કાર્ડ ધારક તરીકે તમારા અધિકારો શું છે?




**01**
તમારા પરિવારને તમે આશ્રિતો તરીકે લાવી શકો છો

**02**
તમે વિવિધ ઈયુ (EU) દેશોમાં મુસાફરી અને કામ કરી શકો છો.

**03**
તમે કામદાર અથવા નોકરીદાતાઓના પ્રતિનિધિ સંગઠનોમાં જોડાઈ શકો છો

**04**
તમે સામાજિક સુરક્ષાની ઍક્સેસ ધરાવો છો

## 3.6 શું તમે ઇન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફરી (આઈસીટી (ICT)) છો?

જો તમે ભારતમાં એવી કંપનીમાં કામ કરો છો જે તમને ઈયુ (EU) માં બ્રાંચ ઓફિસમાં કોઈ કામથી મોકલવા માંગે છે, તો તમે આઈસીટી (ICT) છો.

### આઈસીટી (ICT) તરીકે ઈયુ (EU)માં પ્રવેશવા માટે, તમારે સાબિત કરવું પડશે કે:

- તમારા ટ્રાન્સફર પહેલાં તમે 3-12 મહિનાથી સમાન કંપનીમાં કામ કરી રહ્યા છો (ચોક્કસ ઈયુ (EU) એમએસ (MS)ની જરૂરિયાતોને આધારે).
- તમારે એ વાતનો પુરાવો આપવો પડશે કે ઈયુ (EU) અને ભારતમાં કંપની એક જ પેરેન્ટ કંપનીની બ્રાંચ છે.
- તમારી પાસે વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર) અને તમારા પદ, રોજગારની તારીખો, પગાર અને વ્યવસાયિક હેતુઓ માટે તમારે શા માટે મુસાફરી કરવાની જરૂર છે તેની પુષ્ટિ છે.
- ઈયુ (EU)માં તે સમય દરમિયાન તમે શું કરશો તે જણાવતો આમંત્રણ પત્ર. જો તમે ઈયુ (EU)ની અંદર મુસાફરી કરી રહ્યા હોવ, તો તમારે તમારી અરજી સાથે પ્રવાસનું આયોજન પણ જોડવાનું રહેશે.
- તમારી પાસે જરૂરી વ્યાવસાયિક અનુભવો અને લાયકાત છે.
- તમારી પાસે પૂરતો સ્વાસ્થ્ય વીમો છે અથવા હશે.

તમને ભારતમાં તમારા નોકરીદાતા તરફથી એક અસાઈનમેન્ટ લેટર તેમજ નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ રજૂ કરવાનું પણ કહેવામાં આવી શકે છે, જેમાં પુરાવા હોય કે ઈયુ (EU)માં તમારું કાર્ય પૂર્ણ થયા પછી તમને ભારતમાં તમારી કંપનીમાં પાછા ટ્રાન્સફર કરવામાં આવશે.

### આઇસીટી (ICT) પ્રોફેશનલ તરીકેના અન્ય અધિકારો

- તમારો પગાર સમાન હોદ્દા પર રહેલા નાગરિકોને મળતા પગાર કરતા ઓછો ન હોવો જોઈએ.
- પારિવારિક પુનઃમિલન કાયદા મુજબ તમે તમારા આશ્રિત પરિવારને લાવી શકો છો.
- કામદારો અથવા નોકરીદાતાઓનું પ્રતિનિધિત્વ કરતી હોય તેવી સંસ્થાઓમાં તમે જોડાઈ શકો છો અથવા તેમની સાથે સંકળાયેલા રહી શકો છો.
- તમે જ્યાં હોવ તે ઈયુ (EU) દેશ અને ભારત[15] વચ્ચેના કરારના આધારે તમે સામાજિક સુરક્ષા લાભો મેળવી શકો છો.

વિઝાની આ શ્રેણી હેઠળ રહેવા માટેનો મહત્તમ સમય મેનેજરો અને નિષ્ણાતો માટે 3 વર્ષ અને તાલીમાર્થી કર્મચારીઓ[16] માટે 1 વર્ષ છે.

## 3.7 શું તમે ઉદ્યોગસાહસિક છો કે સેલ્ફ-એમ્પ્લોય છો?

2025 સુધીમાં, 18 થી વધુ ઈયુ (EU) સભ્ય દેશોએ બિન-ઈયુ (EU) સ્થાપકો માટે ખાસ સ્ટાર્ટઅપ અથવા ઉદ્યોગસાહસિક વિઝા સ્કીમ બનાવી છે. ઈયુ (EU) સભ્ય દેશો પાસે બિન-ઈયુ (EU) નાગરિકો/સ્ટાર્ટ-અપ કર્મચારીઓને આવવા દેવા માટે ખાસ વિઝા અને રહેઠાણ પરમિટ પણ હોઈ શકે છે.

ઈયુ (EU) દેશમાં નવી કંપની શરૂ કરવા અથવા તમારા વ્યવસાયનું વિસ્તરણ કરવા માટે, તમારે તે ચોક્કસ દેશમાં લાગુ પડતા નિયમો અને કંપની સ્થાપવા માટે સંબંધિત રાષ્ટ્રીય કોન્ટેક્ટ પોઈન્ટ જાણવાની જરૂર છે. તમે "ઈયુ (EU)માં વ્યવસાય શરૂ કરવો" વેબપેજની[17] મુલાકાત લઈ શકો છો અને વધુ વિગતો માટે તમારી પસંદગીનો દેશ પસંદ કરો.

વ્યક્તિગત અથવા વ્યાવસાયિક નેટવર્ક્સ તરફથી પણ સહાયનો વિચાર કરી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં, રાષ્ટ્રીય વ્યવસાય અને ઇમિગ્રેશન નિયમોના પાલનને આધીન, વિઝા અથવા રહેઠાણ અરજીને સમર્થન આપવા માટે ઈયુ (EU) નાગરિકો અથવા કાયમી રહેવાસીઓ સાથે કંપની સ્થાપિત કરવા માટે સહયોગનો સંભવિત માર્ગ હોઈ શકે છે

### ઉદ્યોગસાહસિકો અને સેલ્ફ-એમ્પ્લોય વ્યક્તિઓ માટે સામાન્ય આવશ્યકતાઓ

આ ઉદ્યોગસાહસિકો અને સેલ્ફ-એમ્પ્લોય માટે સામાન્ય જરૂરિયાતોની યાદી છે. ચોક્કસ જરૂરિયાતો માટે, કૃપા કરીને સંબંધિત એમએસ (MS) સાથે તપાસ કરો.

15. ભારત જે દેશો સાથે કાર્યકારી સામાજિક સુરક્ષા કરારો ધરાવે છે તેની વધુ માહિતી https://www.epfindia.gov.in/site_en/International_workers.php પર ઉપલબ્ધ છે.
16. https://home-affairs.ec.europa.eu/policies/migration-and-asylum/eu-immigration-portal/what-category-do-i-fit_en
17. https://europa.eu/youreurope/business/running-business/start-ups/starting-business/index_en.htm




ભારત અને ઈયુ (EU) વચ્ચે સ્ટાર્ટ-અપ્સના પ્રવેશ અને વિકાસની સુવિધા અંગેના 2020ના અભ્યાસમાં તમને આ લિંક પર વધુ વિગતવાર માહિતી મળી શકે છે: https://www.ilo.org/newdelhi/whatwedo/publications/WCMS_766953/lang--en/index.htm. જોકે, ખાતરી કરો કે આ અભ્યાસના પ્રકાશન સમયથી થયેલા કોઈપણ વિકાસનું તમે ક્રોસ-ચેકિંગ કરો છો.

## 3.8 શું તમે મોસમી કામદાર છો?

જો તમે એવું કામ કરો છો જે ફક્ત વર્ષના ચોક્કસ સમયે જ કરી શકાય છે, અથવા જો તમે કાયમી કર્મચારીની જગ્યાએ રજાઓ પર કામ કરવા જઈ રહ્યા છો, તો તમને મોસમી કામદાર તરીકે રહેઠાણ પરમિટ મળી શકે છે.

મોસમી કામદાર માટે વર્ક વિઝા મેળવવાની પ્રક્રિયા ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદાર માટેની પ્રક્રિયા જેવી જ છે. વર્ક કોન્ટ્રાક્ટ (કામના કરાર)ના સમયગાળા માટે વિઝા માન્ય હોય છે અને ક્યારેય નવ મહિનાથી[18] વધુ ન હોઈ શકે.

તમારે ધ્યાન રાખવું જોઈએ કે ઈયુ (EU)માં મોસમી રોજગાર સામાન્ય રીતે આપવામાં આવતા ટૂંકા સમયગાળામાં આર્થિક રીતે ફાયદાકારક ન પણ હોય, કારણ કે તેનાથી સ્થળાંતરણ ખર્ચને આવરી લેવા અને નોંધપાત્ર બચત અથવા રેમિટન્સ એકઠા કરવા માટે પૂરતી આવક મેળવી શકાતી નથી. તેથી, મોસમી રોજગાર અંગેનો નિર્ણય કાળજીપૂર્વક નાણાકીય વિચારણા સાથે લેવો જોઈએ.

**મોસમી વર્ક વિઝા મેળવવા માટે, તમારે એવું દર્શાવવાની જરૂર છે કે:**

- તમારી પાસે એમ્પ્લોયમેન્ટ (રોજગાર) કરાર છે
- વિઝા માટે નોકરીદાતાએ તમારા વતી અરજી કરી છે

18. https://home-affairs.ec.europa.eu/policies/migration-and-asylum/eu-immigration-portal/what-category-do-i-fit_en

- તમારી પાસે ગંતવ્ય દેશમાં યોગ્ય રહેઠાણ છે
- તમારા મુસાફરી ખર્ચ આવરી લેવામાં આવે છે
- કામ પૂર્ણ થયા પછી તમે તમારા દેશમાં પાછા ફરશો. કેટલાક કિસ્સાઓમાં, તમે બીજો કાનૂની વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર) મેળવી શકો છો, જેનાથી તમે તમારા વિઝા અને રહેવાની પરમિટ રિન્યૂ કરી શકો છો.

તમારે ધ્યાન રાખવું જોઈએ કે ઈયુ (EU)માં મોસમી રોજગાર સામાન્ય રીતે આપવામાં આવતા ટૂંકા સમયગાળામાં આર્થિક રીતે ફાયદાકારક ન પણ હોય, કારણ કે તેનાથી સ્થળાંતરણ ખર્ચને આવરી લેવા અને નોંધપાત્ર બચત અથવા રેમિટન્સ એકઠા કરવા માટે પૂરતી આવક મેળવી શકાતી નથી. તેથી, મોસમી રોજગાર અંગેનો નિર્ણય કાળજીપૂર્વક નાણાકીય વિચારણા સાથે લેવો જોઈએ.

## 3.9 શું તમે પરિવારના સભ્યોને સ્પોન્સર કરી રહ્યા છો?

ઈયુ (EU) દેશમાં રહેતા કાયદેસર નિવાસી, જ્યાં સુધી તેમનો પોતાનો વિઝા માન્ય હોય ત્યાં સુધી પરિવારના સભ્યોને પરિવાર પુનઃમિલન હેઠળ ઈયુ (EU) એમએસ (MS)માં આવવા માટે સ્પોન્સર કરી શકે છે.

### તમને આ પરિવારના સભ્યોને લાવવાની પરવાનગી છે[19]:

- તમારા નોંધાયેલા જીવનસાથી (પતિ કે પત્ની).
- તમારા અપરિણીત જીવનસાથી.
- તમારા માતા-પિતા અથવા તમારા જીવનસાથીના માતા-પિતા કે જેઓ આશ્રિત છે અને મૂળ દેશમાં પારિવારિક સહાય મેળવતા નથી.
- તમારા પુખ્ત, અપરિણીત બાળકો, અથવા તમારા જીવનસાથીના બાળકો, જેઓ તેમના સ્વાસ્થ્યની સ્થિતિને કારણે પોતાનું ધ્યાન રાખી શકતા નથી.

### આશ્રિતોને લાવવા માટે, તમારે એવું સાબિત કરવું પડે છે કે:

- તમારી પાસે રહેવાની પૂરતી વ્યવસ્થા છે.
- તમે તમારા આશ્રિતોને આવરી લેતો આરોગ્ય વીમો ધરાવો છો.
- તમે પૂરતી, નિયમિત અને સ્થિર આવક ધરાવો છો.
- તમારે અને તમારા પરિવારના સભ્યોને ગંતવ્ય દેશની ભાષા અથવા તેના વિશેના અન્ય જ્ઞાનની કસોટીઓ પાસ કરવાની પણ જરૂર પડી શકે છે. આમાં મૌખિક અથવા લેખિત પરીક્ષાનો સમાવેશ થઈ શકે છે અને દેશ પ્રમાણે નિયમો બદલાય છે.

### જો કોઈ આશ્રિત બાળક એકલા ઈયુ (EU)માં પ્રવેશી રહ્યા હોય, તો નીચેના ડોક્યુમેન્ટની પણ જરૂર પડશે:

- જન્મનું પ્રમાણપત્ર.
- માતા-પિતા બંને દ્વારા સહી કરેલું અરજી ફોર્મ.
- જો માતા-પિતામાંથી કોઈ એક પાસે સંપૂર્ણ કસ્ટડી હોય તો ફેમિલી કોર્ટનો આદેશ.
- માતા-પિતા બંનેના વ્યક્તિગત ડોક્યુમેન્ટની પ્રમાણિત નકલો.
- જો સગીરને એકલા મુસાફરી કરવાની હોય તો માતા-પિતા દ્વારા માતા-પિતાની અધિકૃતિ.

## 3.10 ઈયુ (EU)માં વર્ક વિઝા માટે ક્યારે અરજી કરવી?

તમે જે ઈયુ (EU) દેશમાં કામ કરવાનું આયોજન બનાવી રહ્યા છો ત્યાંના તમારા પ્રવાસના ઓછામાં ઓછા બે મહિના પહેલાં તમારે વિઝા અરજી શરૂ કરવી જોઈએ (વિઝા અરજીઓ મુસાફરીની તારીખના છ મહિના પહેલાં સુધી સબમિટ કરી શકાય છે). કેટલીકવાર, પ્રક્રિયા પૂર્ણ થવામાં 12 અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે. સામાન્ય રીતે તમારે એક એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) મેળવવો જોઈએ જે તમને તમારા કામના હેતુ માટે માન્ય વિઝા આપશે. આ વિઝા જ્યાં તમને કામ સોંપવામાં આવ્યું હોય અને જ્યાં તમને રહેઠાણ પરમિટ (અથવા રહેવાની પરવાનગી) મળશે ત્યાં તમને ઈયુ (EU) એમએસ (MS)માં પ્રવેશવાની મંજૂરી આપશે.

જો તમારી પાસે શેંગેન સિવાયના દેશ (આયર્લેન્ડ અથવા સાયપ્રસ) માં એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) હોય, તો જરૂરી વિઝાનો પ્રકાર શેંગેન દેશો દ્વારા જારી કરાયેલા પ્રમાણભૂત વિઝા કરતાં અલગ હોય છે અને તમને ચોક્કસ દેશ પાસેથી વધારાની વિગતો મેળવવાની જરૂર પડશે.

19. ચોક્કસ ઈયુ (EU) દેશમાં તમારી સાથે જોડાઈ શકે તેવા પરિવારના સભ્યો અને તમારે કયા ચોક્કસ ધોરણો અને પ્રક્રિયાઓનું પાલન કરવું જોઈએ તેની વિગતવાર માહિતી માટે https://ec.europa.eu/immigration/ node_en પર ઉપલબ્ધ ઇન્ટરેક્ટિવ નકશાનો ઉપયોગ કરો.


## 3.11 ઈયુ (EU)માં વર્ક વિઝા માટે અરજી કરવી

### ઈયુ (EU)માં વર્ક વિઝા મેળવવા માટેના પગલાં

- **પગલું 1:** તમે જે ઈયુ (EU) એમએસ (MS)માં કામ કરવા માંગો છો ત્યાં ઉપલબ્ધ વિવિધ રોજગાર વિઝા વિકલ્પો તપાસો
- **પગલું 2:** વર્ક વિઝા માટેના માપદંડોને પૂર્ણ કરો; આમાં, અન્ય બાબતોની સાથે, વીમાનો પુરાવો, પ્રોફેશનલ પ્રમાણપત્રો અથવા ભાષા પ્રાવીણ્યનો સમાવેશ થઈ શકે છે
- **પગલું 3:** વિઝા માટે અરજી કરતી વખતે જરૂરી ડોક્યુમેન્ટ માટે ચોક્કસ એમએસ (MS) દૂતાવાસની વેબસાઇટ્સ પર અપડેટ કરેલી માહિતી તપાસો. વિઝા ફી સાથે તમારા બધા ડોક્યુમેન્ટ સાથે દૂતાવાસ અથવા નિયુક્ત કેન્દ્ર પર વિઝા માટે અરજી કરો. મોટાભાગના કિસ્સાઓમાં, વિઝા માટે અરજી કરતા પહેલાં તમારે નોકરીની ઓફરની જરૂર પડશે; તમારા ઇન્ટરવ્યૂ માટે એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરતા પહેલાં ખાતરી કરો કે તમારી પાસે આ છે
- **પગલું 4:** બધા જરૂરી ડોક્યુમેન્ટ સાથે ઇન્ટરવ્યુમાં હાજરી આપો
- **પગલું 5:** દૂતાવાસ તરફથી જવાબ મળે તેની રાહ જુઓ

કૃપા કરીને નોંધ લો કે વર્ક વિઝા મેળવવા માટે આ ફક્ત મૂળભૂત આવશ્યકતાઓ છે જે તમારે પૂરી કરવાની રહેશે. દરેક ઈયુ (EU)

#### ઈયુ (EU) ઇમિગ્રેશન પોર્ટલ






**ટેબલ 2:** ઈયુ (EU)ની મુસાફરી માટે જરૂરી ડોક્યુમેન્ટ અને તૈયારીના તબક્કા

| તબક્કો | જરૂરી ડોક્યુમેન્ટ | ડોક્યુમેન્ટ માટે ક્યાં અરજી કરવી? |
|---|---|---|
| અરજી પહેલાં | પાસપોર્ટ | પાસપોર્ટ ઓફિસો |
| | યોગ્ય રીતે અનુવાદિત અને પ્રમાણિત લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો | શૈક્ષણિક સંસ્થાઓ, નોકરીદાતાઓ |
| પ્રસ્થાન પહેલાં | ઈયુ (EU)માં એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) | નોકરીદાતા, ભરતી એજન્સી |
| | એમએસ (MS) નેશનલ વિઝા | ઈયુ (EU) એમએસ (MS)ના રાષ્ટ્રીય દૂતાવાસો અને કોન્સ્યુલર સેવાઓ |
| | રીટર્ન ટિકિટ, હોટેલ બુકિંગ | વિવિધ જાહેર અને ખાનગી સેવા પ્રદાતાઓ |
| આગમન પછી | રહેઠાણ પરવાનગી, રોકાવાની પરવાનગી, રાષ્ટ્રીય આરોગ્ય અને કલ્યાણ પ્રણાલી (વેલફેર સિસ્ટમ) માટે નોંધણી | સ્થાનિક સત્તાધિકારીઓ (શહેર પરિષદો, સ્થાનિક સેનિટરી એકમો, સ્થાનિક કલ્યાણ અને પોલીસ કચેરીઓ, વગેરે) |

સભ્ય દેશની ચોક્કસ આવશ્યકતાઓ હોય છે જેનો તમારે કાળજીપૂર્વક અભ્યાસ કરવાની જરૂર પડશે[20].

વધુ માહિતી માટે તમારે લક્ષિત ઈયુ (EU) સભ્ય દેશની દૂતાવાસની વેબસાઇટ પણ તપાસવી જોઈએ.

તમારે તમારી અરજી દૂતાવાસને વ્યક્તિગત રીતે રજૂ કરવાની કદાચ જરૂર ન પડે અને તમે તમારા દ્વારા યોગ્ય રીતે તારીખ અને સહી કરેલ લેખિત પાવર ઓફ એટર્ની દ્વારા તમારા વતી અરજી સબમિટ કરવા માટે તૃતીય પક્ષને આદેશ આપી શકો છો. જોકે, તમારે ઇન્ટરવ્યૂ માટે રૂબરૂ હાજર રહેવાની જરૂર પડી શકે છે.

એ વાત ધ્યાનમાં રાખો કે, આ ઈયુ (EU)માં રોજગાર વિઝા માટે અરજી કરવા માટેની પ્રમાણભૂત પ્રક્રિયા છે. દરેક એમએસ (MS) માં ચોક્કસ વિઝા પ્રક્રિયા અલગ હોઈ શકે છે.

## 3.12 ઈયુ (EU)માં વર્ક વિઝા કેટલા સમય માટે માન્ય છે?

અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ, ઈયુ (EU) માટે ટૂંકા રોકાણ અને લાંબા રોકાણના વિઝા ઉપલબ્ધ છે.

ટૂંકા રોકાણ વિઝા, જેને ટાઇપ C વિઝા (જે વર્ક વિઝા નથી) તરીકે ઓળખવામાં આવે છે, તે ધારકને 180 દિવસના સમયગાળામાં 90 દિવસથી વધુ સમય માટે શેંગેન એરિયામાં રહેવાની મંજૂરી આપે છે. આ વિઝા નીચે ઉલ્લેખ કરેલા પ્રકારના હોઈ શકે છે:

**સિંગલ એન્ટ્રી વિઝા:** આનાથી વિઝાધારકને તેમના પાસપોર્ટ પરના વિઝા સ્ટીકર પર ઉલ્લેખિત સમયગાળાની અંદર ફક્ત એક જ વાર શેંગેન એરિયામાં પ્રવેશવાની મંજૂરી મળે છે.

**ડબલ એન્ટ્રી વિઝા:** આ વિઝા મોટે ભાગે સિંગલ-એન્ટ્રી વિઝાની જેમ જ કામ કરે છે, પરંતુ તે ધારકને શેંગેન પ્રદેશ છોડી દીધા પછી ફરી એકવાર પાછા જવાની મંજૂરી આપે છે.

### શેંગેન વિઝા નમૂનાની કૉપિ




**મલ્ટીપલ એન્ટ્રી વિઝા:** આ વિઝા તેના ધારકને શેંગેન એરિયામાં ગમે તેટલી વાર અંદર આવવા અને બહાર જવાની મંજૂરી આપે છે, જો તેઓ 180 દિવસના સમયગાળામાં 90 દિવસથી વધુ સમય માટે શેંગેન એરિયામાં ન હોય તો.

20. કૃપા કરીને વધુ વિગતો માટે આ સાઇટ તપાસો: https://ec.europa.eu/immigration/node_en

જો તમે ઈયુ (EU)માં 90 દિવસથી વધુ સમય માટે રહેવાનો ઇરાદો ધરાવતા હોવ તો શેંગેન દેશ માટે રાષ્ટ્રીય લાંબા રોકાણ વિઝા અથવા ટાઇપ D વિઝા ફરજિયાત છે, સિવાય કે તમારી પાસે રહેઠાણ પરમિટ હોય. આ વિઝા સામાન્ય રીતે એવા વ્યક્તિઓને આપવામાં આવે છે જેઓ શેંગેન દેશમાં અભ્યાસ કરી રહ્યા છે, કામ કરી રહ્યા છે અથવા કાયમી ધોરણે રહી રહ્યા છે.

તમારા પાસપોર્ટમાં ચોંટાડેલા વિઝા સ્ટીકર પર તમારા વિઝાની માન્યતા તેમજ કેટલીક અન્ય વિગતો લખવામાં આવશે[21].

રાષ્ટ્રીય વિઝા (રેસિડેન્સી પરમિટ) સિંગલ-એન્ટ્રી અથવા મલ્ટીપલ-એન્ટ્રી વિઝા પણ હોઈ શકે છે.

- સિંગલ એન્ટ્રી વિઝા એવા લોકોને આપવામાં આવે છે જેમને ચોક્કસ સમયગાળા માટે અને એક જ હેતુ માટે ગંતવ્ય દેશમાં રહેવાની જરૂર હોય છે અને ત્યારબાદ તેઓ તેમના મૂળ દેશમાં પાછા ફરે છે.
- મલ્ટીપલ-એન્ટ્રી નેશનલ વિઝાધારકને તેમના રહેઠાણના દેશમાં જવાની અને ત્યાંથી બહાર મુસાફરી કરવાની અને વધારાની વિઝાની આવશ્યકતાઓ વિના સમગ્ર શેંગેન એરિયામાં મુસાફરી કરવાની મંજૂરી આપે છે.

## 3.13 તમારી ઈયુ (EU) વર્ક પરમિટને લંબાવવી

મોટાભાગના ઈયુ (EU) દેશોમાં, જો તમારી પાસે તમારા હાલના કામના કરાર અથવા નવી જોબના કરારનો સમયગાળો લંબાવવામાં આવ્યો હોય, તો તમે તમારી ઈયુ (EU) વર્ક પરમિટ લંબાવી શકશો. તમારા વિઝા અથવા રહેઠાણની પરમિટની સમાપ્તિ તારીખ પહેલાં તમારે એક અરજી પ્રક્રિયા અને જરૂરી ડોક્યુમેન્ટ એકત્રિત કરીને તમારા ઈયુ (EU) એમએસ (MS) નિવાસસ્થાનના યોગ્ય અધિકારીઓને સબમિટ કરવા પડશે. વિઝા લંબાવવા માટેની સ્થાનિક પ્રક્રિયાઓ અંગે ટ્રેડ યુનિયનો અને સ્થળાંતરણ સંગઠનોનો સંપર્ક કરવો પણ તમને ઉપયોગી થઈ શકે છે.

**નોંધ**

***જો તમે તમારા વિઝા ભથ્થાથી વધુ સમય રોકાઓ છો અથવા યોગ્ય માધ્યમોમાંથી પસાર થશો નહીં, તો તમને ગેરકાનૂની માઈગ્રંટ (ગેરકાનૂની રીતે સ્થળાંતરણ કરનાર) ગણવામાં આવશે. પરિણામે, તમને કામ પર શોષણ થવાનું ગંભીર જોખમ હોઈ શકે છે અને તમે ગંભીર એકલતા અને ગરીબીની સ્થિતિમાં પણ આવી શકો છો. ગેરકાનૂની માઈગ્રંટ તરીકે, તમને આખરે ભારત પાછા મોકલી દેવામાં આવશે.***

21. https://schengenvisainfo.com/sticker/

## કેસ સ્ટડી – 2

અમર નવ મહિના માટે માન્ય મોસમી કામદાર પરમિટ પર ખેત કામદાર તરીકે ઈયુ (EU) સભ્ય દેશમાં પ્રવેશ્યો. આ સમય પછી, તેને કેટલાક મિત્રો દ્વારા બીજા ખેતરમાં નોકરી મળી અને તેણે ભારત પાછા ન ફરવાનું નક્કી કર્યું કારણ કે તેણે એજન્ટ પાસેથી ભરતી, વિઝા અને મુસાફરી માટે નાણાં ઉછીના લીધા હતા. નવ મહિના કામ કર્યા પછી પણ તે આ ખર્ચ ચુકવી શક્યો ન હતો. તેના નવા નોકરીદાતા તેના કાગળકામમાં વિલંબ કરતા રહ્યા અને બે વર્ષ પછી પણ, અમરનો ન તો કોઈ કરાર થયો કે ન તો તેના વિઝા સત્તાવાર રીતે લંબાવવામાં આવ્યા. પરિણામે, તે એક ગેરકાનૂની માઈગ્રંટ બન્યા. નોકરીદાતાએ તેને વચન આપેલા કરતાં ઓછો પગાર આપ્યો અને ધીમે ધીમે તેને ઘણા વધારાના કામો પણ કરાવ્યા.

જ્યારે અમર મિત્રો સાથે રહેતો હતો જેઓ રહેવાનો ખર્ચ વહેંચતા હતા, તેઓએ તેને ઘરમાં વધુ કામ કરાવવાનું શરૂ કર્યું કારણ કે તે સંપૂર્ણ ભાડું ચુકવી શકતો ન હતો. અમરને ઘરે નાણાં મોકલવાનું પણ વધુને વધુ મુશ્કેલ લાગવા લાગ્યું કારણ કે તેની કમાણી પહેલાં જેવી રહી ન હતી. લાંબા સમય સુધી કામ કરતા અને જાહેર આરોગ્યસંભાળ મેળવવાની હિંમત ન કરતા હોવાથી તેમનું સ્વાસ્થ્ય પણ કથળતું ગયું. તેને કેદ અને દેશનિકાલનો ડર હતો અને તેણે કોઈપણ સત્તાધિકારીનો સંપર્ક કર્યો નહીં. આ નોકરી છોડવી એ વિકલ્પ ન હતો કારણ કે તેનો વિઝા સમાપ્ત થઈ ગયો હતો અને તેને નિયમિત કરાર મળવાનો નહોતો.



**અમર હવે શું કરી શકે? અહીં તેના કેટલાક વિકલ્પો આપ્યા છે.**

- સલાહ અને સહાયતા મેળવવા માટે સામાજિક સેવાઓનો સંપર્ક કરી શકાય.
- વકીલની મદદ લેવી જેથી તેના નોકરીદાતા તેને કરાર આપે જેથી તે કામ કરવા અને કાયદેસર રીતે જીવવા માટે કાગળો મેળવી શકે.
- પોતાના રહેઠાણના દેશમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરીને, સ્વૈચ્છિક રીતે ભારત પાછા ફરવાનો વિકલ્પ પસંદ કરે.

ખાતરી કરો કે તમારા વિઝા અને રહેઠાણની પરમિટ સમયસર રિન્યૂ થાય, ખાસ કરીને તમારા વિઝા અથવા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ની મુદત પૂરી થાય તે પહેલાં. જો તમે તમારા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ના સમયગાળા દરમિયાન ટૂંકા વેકેશન માટે ભારત પાછા ફરી રહ્યા છો, તો ખાતરી કરો કે તમારા રોજગારના દેશમાં પાછા ફરતા પહેલાં તમારા વિઝાની માન્યતા સમાપ્ત ન થાય.

04

# ▶ ઈયુ (EU)માં નોકરી શોધવી

ઈયુ (EU) નોકરીદાતાઓ નોકરીની ખાલી જગ્યાઓ પોસ્ટ કરવા માટે વિવિધ સેવાઓ અને સંદેશાવ્યવહાર ટૂલ્સનો ઉપયોગ કરે છે. તેઓ તેમની કંપનીની વેબસાઇટ પર સીધી ખાલી જગ્યાઓ પોસ્ટ કરી શકે છે અથવા જાહેર રોજગાર સેવાઓ, ખાનગી રોજગાર એજન્સીઓ અને ભરતી એજન્સીઓ, વિશિષ્ટ વેબસાઇટ્સ અને પ્રકાશનો, યુનિવર્સિટી ભરતી વિભાગ વગેરે જેવી વિવિધ ચેનલોનો ઉપયોગ કરી શકે છે.

ઈયુ (EU)માં ઉપલબ્ધ ખાલી જગ્યાઓનો ઝાંખી, નોકરી માટે અરજી કેવી રીતે કરવી તે અંગેની ટિપ્સ અને બધા ઈયુ (EU) દેશોમાં રહેવાની અને કામ કરવાની પરિસ્થિતિઓ વિશેની માહિતી ઈયુઆરઈએસ (EURES), યુરોપિયન જોબ મોબિલિટી પોર્ટલ[22] પર મળી શકે છે. તમે ચોક્કસ એમએસ (MS)ની રાષ્ટ્રીય રોજગાર એજન્સી, કામચલાઉ રોજગાર એજન્સીઓ અથવા ભરતી એજન્સીઓમાં પણ નોકરીઓ શોધી શકો છો. ઈયુઆરઈએસ (EURES) પોર્ટલ પર, તમે દેશ પસંદ કરી શકો છો અને ઉપલબ્ધ નોકરીઓ જોવા માટે રહેવા અને કામ કરવાની પરિસ્થિતિઓ વિભાગ હેઠળ 'નોકરી શોધવી' પર ક્લિક કરી શકો છો. તમે ક્ષેત્ર અને વ્યવસાયો અનુસાર નોકરીઓ શોધી શકો છો[23].

### ઈયુઆરઈએસ (EURES) જોબ મોબિલિટી પોર્ટલ




22. જોબ મોબિલિટી પોર્ટલ: https://europa.eu/eures/portal/jv-se/home?lang=en

23. રહેવાની અને કામ કરવાની પરિસ્થિતિઓની વિગતો માટેની લિંક - https://eures.europa.eu/living-and-working/living-and-working-conditions-europe_en


## 4.1 નોકરી માટે માહિતી એકત્રિત કરતી વખતે પૂછવા માટેના પ્રશ્નો

તમને જાણ થયેલી દરેક ખાલી જગ્યા માટે, નીચેની બાબતો સમજો:

- શું તે બિન-ઈયુ (EU) નાગરિકો માટે ઉપલબ્ધ છે?
- ભરતી પ્રક્રિયા શું છે?
- આ નોકરી માટે અરજી કરવાની અંતિમ તારીખ શું છે?
- કરાર કેટલા સમય માટે છે? શું તમે આ સમયમર્યાદામાં તમારા નાણાકીય અને વ્યક્તિગત લક્ષ્યો પૂરા કરી શકશો?
- લાયકાતની જરૂરિયાતો શું છે?
- જરૂરી ભાષા કૌશલ્ય શું છે?
- શું આ નોકરી તમને કૌશલ્ય શીખવશે અને પ્રથમ કરાર પછી ભવિષ્યમાં નોકરીઓ મેળવવામાં મદદ કરશે?

**નોંધ**

*તમને સલાહ આપવામાં આવે છે કે તમે સંભવિત નોકરીદાતાઓની ધ્યાનપૂર્વક ચકાસણી કરો, કારણ કે રહેઠાણ અને કાર્ય અધિકૃતતા સીધા નોકરીદાતાની કાનૂની સ્થિતિ અને રાષ્ટ્રીય નિયમનોના પાલન પર આધારિત છે. સામાન્ય રીતે જ્યારે રાષ્ટ્રીય વ્યવસાય, શ્રમ અને કર સત્તાધિકારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવે છે, ત્યારે તમે ઈયુઆરઈએસ (EURES) જેવી માન્ય જાહેર રોજગાર સેવાઓ દ્વારા રોજગાર શોધીને જોખમો ઘટાડી શકો છો, જ્યાં નોકરીની જાહેરાતો ફક્ત ચકાસાયેલ નોકરીદાતાઓ સુધી મર્યાદિત છે.*



જો તમારા ગંતવ્ય દેશમાં તમારા પરિવારના કોઈ સભ્ય, મિત્ર કે પરિચિત હોય, તો તેઓ લેબર માર્કેટ (શ્રમ બજાર) સુધી કેવી રીતે પહોંચવું તે અંગે માહિતીનો ખૂબ જ ઉપયોગી સ્રોત બની શકે છે. ઉદાહરણ તરીકે, તમે તમારા જેવી જ યુનિવર્સિટીની ડિગ્રી ધરાવતા હોય તેવા મિત્રોને પૂછી શકો છો કે તેઓ દેશમાં નોકરી કેવી રીતે શોધી શક્યા?

## 4.2 નોકરીની અરજી કરતી વખતે પૂછવાના પ્રશ્નો

- શું તમારી પાસે બધા જરૂરી ડોક્યુમેન્ટ છે? આ ડોક્યુમેન્ટમાં પાસપોર્ટ, તમારી શૈક્ષણિક લાયકાતની પ્રમાણિત નકલો, તમારા અગાઉના નોકરીદાતાના સંદર્ભો, નોકરી માટેનો કવર લેટર, અંગ્રેજીમાં અને જો જરૂરી હોય તો, ગંતવ્ય દેશની રાષ્ટ્રીય ભાષામાં અપડેટ કરેલો સીવી (CV) સામેલ છે.
- શું તમારા બધા ડોક્યુમેન્ટ પ્રમાણિત અનુવાદક દ્વારા અનુવાદિત કરવામાં આવ્યા છે (જો જરૂરી હોય તો)?
- શું તમારા બધા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અને તેમના અનુવાદ (જો વિનંતી કરવામાં આવે તો) તમારી પાસે છે?
- શું તમે તમારી અરજીઓની ડિજિટલ ફાઇલો બનાવી છે?

એકવાર તમે તમારા ડોક્યુમેન્ટ ભેગા કરી લો અને ખાલી જગ્યાના આધારે તમારી અરજી તૈયાર કરી લો, પછી તમે ઑનલાઇન અથવા પોસ્ટ દ્વારા અરજી કરી શકો છો. તમે તમારી અરજી કેવી રીતે કરી છે તે ધ્યાનમાં લીધા વિના, હંમેશા ખાતરી કરો કે તમે તમારી અરજીને ટ્રેક કરી શકો છો.

## 4.3 ભરતી એજન્ટનો ઉપયોગ કરવો

ઈયુ (EU)માં નોકરી શોધવા માટે તમે રજિસ્ટર્ડ એજન્સીનો ઉપયોગ કરી શકો છો. એજન્સીમાં જોડાતા પહેલાં તમારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.


- ઈમાઈગ્રેટ (eMigrate) પોર્ટલ દ્વારા તપાસો કે ભરતી એજન્ટ ભારત સરકારમાં નોંધાયેલ છે કે નહીં, જે વિદેશ મંત્રાલય દ્વારા ચકાસાયેલ એજન્ટોની યાદી આપે છે. તમે https://emigrate.gov.in/#/emigrate/emigrant/list-of-ra-consolidate-report પર આ ચકાસી શકો છો
- ભારત સરકારના પ્રોટેક્ટર જનરલ ઓફ ઇમિગ્રન્ટ્સ (પીજીઈ (PGE)) દ્વારા જારી કરાયેલ મૂળ નોંધણી પ્રમાણપત્ર બતાવવા માટે તેમને કહો. એજન્સી નોંધાયેલ ન હોય અને તેમનું રજિસ્ટ્રેશન માન્ય હોય ત્યાં સુધી તેની સાથે વ્યવહાર કરશો નહીં. તમે ઈમાઈગ્રેટ (eMigrate) પોર્ટલ[24] પર તપાસ કરી શકો છો કે ભરતી એજન્ટ એમઈએ (MEA)માં નોંધાયેલ છે કે નહીં અથવા તેઓ સક્રિય છે કે નહીં.
- રજિસ્ટર્ડ એજન્ટ માટે કામ કરી રહેલા એજન્ટ સાથે વ્યવહાર કરશો નહીં. ઇમિગ્રેશન એક્ટ, 1983 હેઠળ પેટા-એજન્ટોને ભરતી કરવાની પરવાનગી નથી.
- શું નોકરીદાતા કે ભરતી એજન્સી વિઝા અરજીમાં મદદ કરે છે?
- નોકરીદાતા અથવા ભરતી એજન્સીની પ્રતિષ્ઠા કેવી છે? શું તેઓ પારદર્શક કાર્યશૈલી ધરાવતા પ્રામાણિક લોકો તરીકે જાણીતા છે?
- એકવાર તમને નોકરી મળી જાય, પછી તમારા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ને કાળજીપૂર્વક વાંચો અને ખાતરી કરો કે તેમાં તમારા પગાર / વેતન સ્તર અને અન્ય સેવા શરતોની વિગતો છે.
- એજન્ટની સેવાઓ માટે 30,000 રૂપિયાથી વધુ ચુકવશો નહીં અને આ ચુકવણીની રસીદ મેળવો. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચેક દ્વારા ચુકવણી કરવી અને રસીદ મેળવવી શ્રેષ્ઠ છે.
- ઓવરચાર્જ અથવા છેતરપિંડીની ફરિયાદો ભારતમાં સંબંધિત પીઓઈ (POE) અથવા પીજીઈ (PGE) અથવા પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્રો (પીબીએસકે (PBSK)) અને ક્ષેત્રીય પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્રો (કેપીબીએસકે (KPBSK)) માં નોંધાવી શકાય છે.

## 4.4 નોકરી માટે અરજી સબમિટ કરવી

જ્યારે તમારી નોકરીની અરજી પૂર્ણ થઈ જશે અને સબમિટ થઈ જશે, ત્યારે નોકરીદાતા અથવા એજન્સી દ્વારા શક્ય સ્વીકૃતિ માટે તેની સમીક્ષા કરવામાં આવશે. સામાન્ય રીતે આ પ્રક્રિયામાં બે થી છ અઠવાડિયાનો સમય લાગે છે, અને તમે આગળના પગલાં માટે તૈયારી શરૂ કરી શકો છો.

24. ઈમાઈગ્રેટ (eMigrate) પોર્ટલ https://emigrate.gov.in/ પર ઍક્સેસ કરી શકાય છે.

## નોકરીની અરજી સબમિટ કરવા માટેના પ્રશ્નો તપાસવાની યાદી




- શું તમને ખબર છે કે આવનારા મહિનાઓમાં કયા પગલાં લેવાની જરૂર છે?
- શું તમને ખબર છે કે તમારા વિઝાની વ્યવસ્થા કેવી રીતે કરવી?
- શું તમને ખબર છે કે ગંતવ્ય દેશમાં રહેઠાણની વ્યવસ્થા કેવી રીતે કરવી?
- શું તમે આવો ત્યારે કોઈ ઇન્ડક્શન પ્રોગ્રામ કે ઓરિએન્ટેશનમાં હાજરી આપી શકો છો?
- શું કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે જેને તમે ફોલો કરી શકો છો? (ઉદાહરણ તરીકે, દેશમાં રહેતા ભારતીયો દ્વારા સંચાલિત લગભગ તમામ ઈયુ (EU) એમએસ (MS)માં ખૂબ જ માહિતીપ્રદ Facebook પૃષ્ઠો છે, અને તે નોકરી કેવી રીતે મેળવવી, એપાર્ટમેન્ટ કેવી રીતે શોધવું અને સાથી ભારતીયો સાથે કેવી રીતે જોડાવું તે અંગે ઘણી માહિતી અને ટિપ્સ પ્રદાન કરે છે.)
- તમારે ક્યારે આવવું જોઈએ?
- ઈયુ (EU) એમએસ (MS)માં સ્વીકૃત આરોગ્ય વીમાની વ્યવસ્થા તમે કેવી રીતે કરી શકો છો?

### નોકરીની ઓફર સ્વીકારતા પહેલાં અને વિઝા પ્રક્રિયા શરૂ કરતા પહેલાં યાદ રાખવા જેવી અન્ય બાબતો:

- જો કોઈ વેબસાઇટનું યુઆરએલ (URL) યુરોપિયન ન લાગે, તો આ ક્યારેક એવો સંકેત હોય છે કે તમે જે વેબસાઇટ જોઈ રહ્યા છો તે બિન-ભરોસાપાત્ર છે અને તમે ફિશિંગ હુમલાનો ભોગ બની શકો છો. ભરોસાપાત્ર વેબસાઇટ્સમાં સામાન્ય રીતે એક પ્રત્યય એક્સટેન્શન / અંત હોય છે જેમાં ઈયુ (EU) દેશનું ટૂંકું નામ સામેલ હોય છે. ઉદાહરણ તરીકે, જર્મનીની સત્તાવાર વેબસાઇટ્સ માટે, એક્સટેન્શન .de છે; ફ્રાન્સ માટે .fr; ઇટાલી માટે .it; અને યુરોપિયન યુનિયન માટે .eu છે. ભારતમાં ઈયુ (EU) એમએસ (MS)ના દૂતાવાસોના વિઝા અને સંપર્કો વિશે વધુ માહિતી તમને ઈયુ (EU) વેબસાઇટ[25] પર મળી શકે છે.
- તમે તમારા સંભવિત નોકરીદાતાની વેબસાઇટ પરથી સ્થળ, ખાલી જગ્યાઓ અને સંગઠન વિશેની માહિતી મેળવી શકો છો.
- જો તમને ભરતી એજન્સી દ્વારા નોકરીદાતાની વેબસાઇટ પરથી ખાલી જગ્યાની જાહેરાતમાં અલગ માહિતી દેખાય, તો હંમેશા તમને મળેલા કામકાજી કરારની શરતોનું પાલન કરો કારણ કે તે યોગ્ય વિઝા મેળવવા માટેની શરતો છે.

### તમારા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ની ચકાસણી

એકવાર તમને ઈયુ (EU)માં નોકરીની ઓફર કરવામાં આવે, પછી તમને એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ની ઓફર કરવામાં આવશે. એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) કર્મચારીઓ અને નોકરીદાતા બંનેના અધિકારો અને ફરજોનું વર્ણન કરે છે. તેમાં ઓછામાં ઓછી નીચેની માહિતી હોવી જોઈએ:

25. આ માહિતી https://www.eeas.europa.eu/delegations/india/consular-protection-eu-citizens-india-or-bhutan_en પરથી મેળવી શકાય છે.

- **નામ અને સરનામું:** તમારું અને નોકરીદાતા બંનેનું લખેલું હોવું જોઈએ.
- **કરાર શરૂ થવાની તારીખ:** રોજગારની શરૂઆત થાય તે તારીખ.
- **કરારની મુદત:** આનાથી તમને જાણવા મળે છે કે તમારો કરાર ક્યારે સમાપ્ત થાય છે. કરારની મુદત પર લેખિતમાં સંમતિ થવી જરૂરી છે, અન્યથા તે અનિશ્ચિત સમયગાળા માટે માન્ય માનવામાં આવે છે.
- **કામનું સ્થળ:** તમે ક્યાં કામ કરશો? જો કોઈ કાયમી કે મુખ્ય કાર્યસ્થળ ન હોય, તો એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) માં જણાવવું પડશે કે કર્મચારી અલગ અલગ સ્થળોએ કામ કરે છે અને વ્યવસાયનું સરનામું અથવા, જો યોગ્ય હોય તો, નોકરીદાતાના ઘરનું સરનામું જણાવવું પડશે.
- **કામનું વર્ણન:** તમે કયા કાર્યો પૂરા કરશો તેવી અપેક્ષા રાખવામાં આવે છે? કરારમાં કામનું વર્ણન, કર્મચારીનું શીર્ષક, પદ અથવા કામની શ્રેણી હોવી જોઈએ.
- **મહેનતાણું:** તમારા કામ માટે તમને કેટલો પગાર મળશે? શું નોકરીદાતા તમને પૂરક કે બોનસ ચુકવશે? તમને તમારો પગાર ક્યારે મળશે (દા.ત. મહિનાના અંતે કે શરૂઆતમાં)? એ નોંધવું જોઈએ કે કરારમાં સામાન્ય રીતે એકંદર અથવા કુલ મહેનતાણું દર્શાવવામાં આવે છે. આ રકમમાંથી, તમારા હાથમાં આવતા પગાર સુધી પહોંચવા માટે કર અને સામાજિક યોગદાન કાપવા પડે છે.
- **કામના કલાકો:** આમાં નિશ્ચિત દૈનિક અને સાપ્તાહિક કામના કલાકોનો સમય અને હિસાબ સામેલ છે. કેટલાક કાર્ય વાતાવરણથી વિપરીત જ્યાં ઓવરટાઇમ સામાન્ય રીતે થાય છે, ત્યાં આ કાર્ય શૈલી ઈયુ (EU)માં ખૂબ લોકપ્રિય નથી. લાંબા સમય સુધી કામ કરવું એ નિયમ નથી અને તેને નિરુત્સાહિત કરવામાં આવે છે. જોકે, અમુક ક્ષેત્રોમાં અને ચોક્કસ સંજોગોમાં, તમને વધુ સારા વેતન માટે વધુ કામ કરવાનું કહેવામાં આવશે. તમારા કરારમાં તમારા વેતન અથવા કામકાજી અઠવાડિયાની કોઈપણ વિગતો સામેલ કરવા માટે ટ્રેડ યુનિયનો સાથે તપાસ કરો.
- **રજાઓ:** તમને દર વર્ષે કેટલી રજા મળવા પાત્ર છે? રજાઓની તારીખ નક્કી કરવા માટેના નિયમો શું છે?
- **સામૂહિક કરારો અને વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર):** આરોગ્યસંભાળ જેવા ચોક્કસ ક્ષેત્રોમાં, નોકરીદાતા સંગઠનો અને ટ્રેડ યુનિયનો સામૂહિક કરારો પર પહોંચ્યા છે. આ કરારો તે દેશના બધા કામદાર માટે મહેનતાણું, બોનસ અથવા રજાઓની બાબતોનું નિયમન કરી શકે છે, અને તમારા વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર)માં પણ તેનો ઉલ્લેખ થઈ શકે અને માન્ય થઈ શકે છે.

1 ઓગસ્ટ 2022થી સભ્ય દેશોએ કામકાજી પરિસ્થિતિઓ અંગે નવી જોગવાઈઓ લાગુ કરી છે. ઉપર જણાવેલી માહિતી ઉપરાંત, કામદારને નીચેની માહિતી પણ પ્રાપ્ત થવી જોઈએ:

- **કામચલાઉ એજન્સી કામદારો:** જો તમે કોઈ કામચલાઉ કાર્ય એજન્સીમાં નિયુક્ત થાઓ, તો તમને જ્યાં કામ પર મોકલવામાં આવશે તે સાહસો વિશે માહિતી મેળવવાનો તમને અધિકાર છે.
- **પ્રોબેશનરી સમયગાળો (જો કોઈ હોય તો):** આ એવો સમયગાળો છે જે દરમિયાન તમે અથવા તમારા નોકરીદાતા પ્રમાણમાં ઝડપથી કરાર સમાપ્ત કરી શકો છો. તમારા નોકરીદાતાએ તમને જણાવવું જરૂરી છે કે શું રોજગાર સંબંધ પ્રોબેશનરી સમયગાળાને આધીન છે અને જો એમ હોય, તો તે સમયગાળો કેટલો છે અને તેની શરતો શું છે.
- **તાલીમ:** શું નોકરીદાતા કોઈ તાલીમનો હક આપે છે?
- **અણધારી કામની રીત:** શું તમારા કામની રીત સંપૂર્ણપણે અણધારી છે કે મોટાભાગે અણધારી? તે કિસ્સામાં, નોકરીદાતા તમને બાંયધરીકૃત ચુકવણીના કલાકોની સંખ્યા અને તે કલાકો પછી કરેલા કામ માટેની ચુકવણી જણાવશે. તમારે કામ કરવું જરૂરી હોય તેવા સંદર્ભ કલાકો અને દિવસો, કામ શરૂ થાય તે પહેલાંનો લઘુત્તમ નોટિસ સમયગાળો અને નોકરીદાતા દ્વારા સોંપણી રદ કરવાની કોઈ સમયમર્યાદા, જેના પછી તમે વળતર મેળવવા માટે હકદાર છો તે વિશે પણ તમારે માહિતી મેળવવી જોઈએ.
- **સામાજિક સુરક્ષા:** જો નોકરીદાતા તમારા વતી સામાજિક સુરક્ષા યોગદાન ચુકવે છે, તો તમને જાણવાનો અધિકાર છે કે આ ભંડોળ કઈ સંસ્થાઓને ચુકવવામાં આવે છે.

## કેસ સ્ટડી – 3

ઘણા વર્ષો સુધી વિવિધ દેશોમાં ઘણી મોટી આઈટી (IT) કંપનીઓ સાથે કામ કર્યા પછી, માલા એક ડચ આઈટી (IT) કંપનીમાં ટેકનિકલ લીડ તરીકે એમ્સ્ટરડેમ જાય છે. એમ્સ્ટરડેમ પહોંચ્યા પછી અને પોતાની નવી ઓફિસમાં સ્થાયી થયા પછી, તેણીને ખબર પડે છે કે તેણીને તેના સહકાર્યકરો અને ઉપરી અધિકારીઓ સાથે ખૂબ સારી રીતે બને છે, અને તેણી ખુશ છે કે તેણીએ સ્થળાંતર કરવાનો નિર્ણય લીધો.

થોડા મહિના પછી, થોડા દિવસો માટે તેણીની ફાળવણી કડક સમયમર્યાદા અને ભારે કાર્યભાર સાથેના પ્રોજેક્ટમાં કરવામાં આવે છે. માલા તેના સુપરવાઇઝરની વિનંતીને ધ્યાનમાં રાખીને, સમયમર્યાદાને પહોંચી વળવા માટે લાંબા સમય માટે કામ કરે છે. મહિનાના અંતે, લોકોને વધારાના કામના કલાકો વિશે રિપોર્ટ કરવા માટે એક સામાન્ય મેઇલ મોકલવામાં આવે છે. તેણીને આ અંગે ખાતરી નથી, તેથી તે એક સાથીદારનો સંપર્ક કરે છે જે તેણીને કંપનીના કામદાર સંઘમાં લઈ જાય છે. સંઘના નેતાઓ માલાને સામાન્ય રીતે કામદારોના અધિકારો અને દેશમાં ઓવરટાઇમ સંબંધિત હકો અને તે તેનો દાવો કેવી રીતે કરી શકે તે વિશે માહિતી આપે છે.

માલા તેના પ્રયત્નો માટે સ્વીકૃતિ અને વધારાના લાભો મેળવીને સુખદ આશ્ચર્ય સાથે ખુશ થાય છે. નેધરલેન્ડ્સમાં કામ કરતી વખતે માલા કામદારોના અધિકારો અને કાર્યસ્થળ પર ન્યાયીપણાની ખૂબ પ્રશંસા કરે છે.



**Q: ઈયુ (EU)માં સામાન્ય કામના કલાકો કેટલા છે[26]?**

A: સભ્ય દેશો મુજબ આ આંકડો બદલાઈ શકે છે, પરંતુ દરેક અઠવાડિયા માટે ઓવરટાઇમ સહિત સરેરાશ 48 કલાકથી વધુ ન હોવી જોઈએ. નેધરલેન્ડ્સમાં, પ્રમાણભૂત કામકાજી સપ્તાહ 38 કલાક છે.

**Q: આ હકો વિશે કોઈ કેવી રીતે જાણી શકે?**

A: કરારમાં કામ કરવાની શરતો.

A: કંપનીના એચઆર (HR)ને પૂછીને.

A: ટ્રેડ યુનિયનના પ્રતિનિધિઓને પૂછીને.

**Q: શું કોઈ વ્યક્તિ ઓવરટાઇમનું વેતન અથવા અન્ય લાભો (બદલામાં રજાના દિવસો) મેળવવા માટે હકદાર છે?**

A: હા, કર્મચારીઓ માટે ઓવરટાઇમનું વેતન અને લાભો હોય છે.

એકવાર તમે ઈયુ (EU) એમએસ (MS)માં પહોંચો જ્યાં તમે કામ કરવાના છો, તે પછી જો તમને તમારા વિદેશી નોકરીદાતાને શોધવામાં મુશ્કેલી પડે અને તમે વિદેશમાં ખોવાઈ જાઓ, તો તાત્કાલિક નજીકના ભારતીય દૂતાવાસ અથવા કોન્સ્યુલેટનો સંપર્ક કરો.

વધુમાં, એકવાર તમે તમારા કરારની શરતો હેઠળ કામ કરવાનું શરૂ કરો, તે પછી કૃપા કરીને તમારા ઉદ્યોગને લગતા કોઈપણ ટ્રેડ યુનિયનના સ્થાનિક ઓફિસની મુલાકાત લો અને તેમને તમારો કરાર બતાવો. તમે તમારા કરાર વિશે કોઈપણ સ્પષ્ટતા અને કોઈપણ વધારાની માહિતી માટે તેમને પૂછી શકો છો.

જો તમે તમારી નોકરી અને/અથવા નોકરીદાતા બદલવા માંગતા હોવ, તો તમારે તપાસ કરવાની જરૂર છે કે તમારા વિઝા જે શરતો હેઠળ આપવામાં આવ્યા હતા તે શરતો દ્વારા તેની મંજૂરી આપવામાં આવે છે કે નહીં. તમારે તમારા અધિકારો અને તમને મળતા નવા કરારની શરતો પણ સમજવી જરૂરી છે. જે ડોક્યુમેન્ટ તમે સમજી શકતા નથી તેના પર ક્યારેય સહી ન કરો, તેને વાંચવા માટે પૂરતો સમય લો અને તેને તમારા પરિવાર, મિત્રો અને ટ્રેડ યુનિયનો જેવા નિષ્ણાતોને તેમના મંતવ્યો અને સૂચનો માટે આપો.

26. ઈયુ (EU)માં કામના કલાકો વિશે વધુ માહિતી https://europa.eu/youreurope/business/human-resources/general-employment-terms-conditions/working-hours/index_en.htm પર ઉપલબ્ધ છે

05

# ભારતમાંથી સ્થળાંતરણ માટેના નિયમો



ભારતની બહાર મુસાફરી કરવા માટે, તમને ભારત સરકાર દ્વારા જારી કરાયેલ પાસપોર્ટની જરૂર પડે છે. પાસપોર્ટ માટે હવે ઑનલાઇન અરજી કરવી જરૂરી છે, ત્યારબાદ તમારા નજીકના પાસપોર્ટ સેવા કેન્દ્ર (પીએસકે (PSK)) અથવા પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ (આરપીઓ (RPO)[27])ની મુલાકાત લેવી પડશે.

સામાન્ય રીતે નવો પાસપોર્ટ મેળવવામાં અથવા ફરીથી જારી કરાવવામાં 30 દિવસ લાગે છે, જેનો ખર્ચ 1500 રૂપિયા છે.

## 5.1 પાસપોર્ટ મેળવવો

કોઈપણ હેતુ માટે ઈયુ (EU) એમએસ (MS)ની મુસાફરી કરવા માટે, ભારત સરકાર કોઈ નિયંત્રણો કે મંજૂરીઓ લાદતી નથી. દરેક વ્યક્તિ સરકાર પાસેથી કોઈપણ ઔપચારિકતા કે પરવાનગી લીધા વિના મુસાફરી કરવા માટે સ્વતંત્ર છે. જોકે, સલાહ આપવામાં આવે છે કે સ્થળાંતરણ કરનારાઓ ઈમાઈગ્રેટ (eMigrate) વેબસાઇટ પર નોંધણી કરાવે જેથી સરકારને તેમના ઠેકાણાની જાણ થાય, જેથી કટોકટીના સમયે તેમના માટે પ્રતિક્રિયા આપવાનું સરળ બને.

જો તમને તમારા ડોક્યુમેન્ટ અથવા ભરતી કરનાર વિશે કોઈ શંકા હોય, તો તમે પીઓઈ (POE)[28] ઓફિસનો સંપર્ક કરી શકો છો જે મુંબઈ, ચેન્નાઈ, દિલ્હી, કોલકાતા, ચંદીગઢ, હૈદરાબાદ, કોચીન, તિરુવનંતપુરમ, જયપુર, રાયબરેલી, પટના, બેંગલુરુ, ગુવાહાટી, રાંચી, ભુવનેશ્વર અને અગરતલામાં સ્થિત છે.

જે લોકો આઈસીટી (ICT) કામદારો તરીકે અથવા ટૂંકા ગાળાના રોકાણ માટે મુસાફરી કરી રહ્યા છે, તેઓ ભારતમાં તમારા સામાજિક સુરક્ષા લાભો (પ્રોવિડન્ટ ફંડ સહિત) ચાલુ રાખી શકે છે અને ગંતવ્ય દેશોમાં આના જેવી યોજનાઓમાં યોગદાન ટાળી શકે છે. આ ફક્ત તે દેશો માટે જ શક્ય છે જેમની સાથે ભારતે સામાજિક સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. દેશોની યાદી માટે, કૃપા કરીને નીચેની લિંક પર એમઈએ (MEA) વેબસાઇટનો સંદર્ભ લો: (https://www.mea.gov.in/bilateral-documents.htm?dtl/26465/Social_Security_Agreements).

### જો તમે આરોગ્ય કામદાર છો, તો આ બાબતો ધ્યાનમાં રાખો.

કૃપા કરીને ભારતમાં અને ઈયુ (EU) એમએસ (MS) બંનેમાં તમારા વ્યવસાયને લાગુ પડતા ખાસ નિયમો તપાસો.

ભારતની ઘણી રાજ્ય સરકારો સરકારી સંસ્થામાંથી સ્નાતક થયેલા તબીબી ડૉક્ટરોને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી રાજ્યમાં ફરજિયાત સેવા આપવા અથવા ઉચ્ચ દંડ ચુકવવાની ફરજ પાડે છે.

મોટાભાગના આરોગ્ય વ્યવસાયોનું નિયમન ઈયુ (EU)માં થતું હોવાથી, ત્યાં વ્યાવસાયિક પ્રમાણપત્રો સહિત ચોક્કસ નિયમો છે જે આરોગ્ય કર્મચારીઓ તેમના વ્યવસાયનો અભ્યાસ કરી શકે તે પહેલાં એમએસ (MS) દ્વારા જરૂરી છે. રેગ્યુલેટ (નિયમન) કરાયેલા પ્રોફેશન વિશે વધુ માહિતી https://ec.europa.eu/growth/tools-databases/regprof/index.cfm?action=regprofs પર ઉપલબ્ધ છે.

27. તમે અહીં તમારો પિન કોડ દાખલ કરીને તમારા નજીકના પીએસકે (PSK) અથવા આરપીઓ (RPO) શોધી શકો છો: https://www.passportindia.gov.in/psp/LocatePsk

28. https://www.mea.gov.in/Images/attach/01-Overview-04-2024.pdf

**ટેબલ 3:** ભારતીય પાસપોર્ટ મેળવવા માટેના પગલાં.


| | |
|---|---|
| **પગલું 1** | પાસપોર્ટ સેવા ઑનલાઇન પોર્ટલ[29] દ્વારા નોંધણી કરાવો. (તમે પોર્ટલના હોમ પેજ પર વપરાશકર્તા રજિસ્ટ્રેશન લિંક પર ક્લિક કરીને આ કરી શકો છો). |
| **પગલું 2** | તમારી નોંધાયેલી લૉગિનની વિગતોનો ઉપયોગ કરીને લૉગિન કરો. |
| **પગલું 3** | "નવા પાસપોર્ટ માટે અરજી કરો" / "પાસપોર્ટ ફરીથી જારી કરો" લિંક પર ક્લિક કરો. |
| **પગલું 4** | ફોર્મમાં જરૂરી વિગતો ભરો અને સબમિટ કરો. |
| **પગલું 5** | એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરવા માટે "સેવ કરેલી / સબમિટ કરેલી એપ્લિકેશન્સ જુઓ" સ્ક્રીન પર "ચુકવો અને એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરો" લિંક પર ક્લિક કરો.<br><br>બધા પીએસકે (PSK) અને પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો (પીઓપીએસકે (POPSK)) ખાતે એપોઇન્ટમેન્ટ બુક કરવા માટે હવે ઑનલાઇન ચુકવણી ફરજિયાત બનાવવામાં આવી છે.<br><br>**નીચેનામાંથી કોઈપણ એક પદ્ધતિનો ઉપયોગ કરીને ઑનલાઇન ચુકવણી કરી શકાય છે:**<br>▶ ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ (માસ્ટરકાર્ડ અને વિઝા)<br>▶ ઇન્ટરનેટ બેંકિંગ (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઈ (SBI)), સહયોગી બેંકો અને અન્ય બેંકો)<br>▶ એસબીઆઈ (SBI) બેંક ચલણ |
| **પગલું 6** | અરજીનો સંદર્ભ નંબર (એઆરએન (ARN)) / એપોઇન્ટમેન્ટ નંબર ધરાવતી તમારી અરજીની રસીદ પ્રિન્ટ કરવા માટે "એપ્લિકેશનની રસીદ પ્રિન્ટ કરો" લિંક પર ક્લિક કરો.<br><br>તમારે હવે તમારી અરજીની રસીદનું પ્રિન્ટઆઉટ સાથે રાખવાની જરૂર નથી. પાસપોર્ટ ઓફિસની મુલાકાત દરમિયાન તમારી એપોઇન્ટમેન્ટની વિગતો સાથે તમને મળતો એસએમએસ (SMS) પણ એપોઇન્ટમેન્ટના પુરાવા તરીકે સ્વીકાર્ય છે. |
| **પગલું 7** | તમારા મૂળ ડોક્યુમેન્ટ સાથે જ્યાં તમારી એપોઇન્ટમેન્ટ બુક કરવામાં આવી છે તે પીએસકે (PSK) અથવા આરપીઓ (RPO)ની મુલાકાત લો. |

29. પોર્ટલ https://www.passportindia.gov.in/psp પર ઍક્સેસ કરી શકાય છે.

06

# ગેરકાનૂની રીતે સ્થળાંતરણ, સ્મગલિંગ અને તસ્કરી

ઈયુ (EU)માં માન્ય વિઝા વિના રહેવું એ ફોજદારી ગુનો છે. મોટાભાગના ગેરકાનૂની માઈગ્રંટ મૂળરૂપે ટૂંકા રોકાણના વિઝા પર ઈયુ (EU)માં કાયદેસર રીતે પ્રવેશ કરે છે પરંતુ તેમના વિઝાની મુદત પૂરી થયા પછી આર્થિક કારણોસર ઈયુ (EU)માં રહે છે.





## ગેરકાયદેસર ભરતી શું છે?

**ઇન્ડિયા ઇમિગ્રેશન એક્ટ, 1983 મુજબ, ગેરકાનૂની રીતે ભરતીમાં નીચે ઉલ્લેખિત સામેલ છે:**

- પ્રસ્થાન પહેલાં, દરમિયાન અથવા પછી કામદારના ટ્રાવેલ ડોક્યુમેન્ટ રોકી રાખવા અથવા નકારવા
- જ્યારે ડેપ્લોયમેન્ટ (વિદેશ મોકલવાનું) પૂર્ણ ન થયું હોય તેવા કિસ્સામાં ડેપ્લોયમેન્ટ (વિદેશ મોકલવાનું) હેતુ માટે કામદારોના ડોક્યુમેન્ટ અને પ્રક્રિયાના સંદર્ભમાં તેમને/તેણીને વળતર આપવામાં નિષ્ફળતા
- માન્ય લાઇસન્સ વિના ભરતી.
- ભરતી સંબંધિત ખોટી માહિતી આપવી અથવા પ્રકાશિત કરવી
- કાયદા દ્વારા નિર્ધારિત ફી (30,000 રૂપિયા) કરતાં વધુ ભરતી ફી વસૂલવી.
- એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ને બદલવો અથવા તેમાં ફેરફાર કરવો.

## 6.1 ગેરકાયદેસર ભરતીના સંકેતો

ગેરકાયદેસર ભરતી કરનારને શોધી કાઢવાનું હંમેશા સરળ હોતું નથી, પરંતુ આ કેટલાક સંકેતો છે જેના પર ધ્યાન આપવું જોઈએ. એજન્ટ:

- ગંતવ્ય દેશમાં નોકરી મેળવવાના શોર્ટકટ સૂચવે છે અને કાનૂની જરૂરિયાતોને અવગણવા વિશે વાત કરે છે.
- એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ની નકલો આપતા નથી.
- નોકરીદાતા અને અરજી કરાયેલા કામ વિશે પૂરતી માહિતી આપતા નથી.
- એજન્સી વિશે પૂરતી માહિતી આપતા નથી.
- રસીદો આપ્યા વિના તાત્કાલિક ચુકવણીની માંગ કરે છે.
- તમારા પાસપોર્ટ અને અન્ય કાગળો પોતાની પાસે રાખે છે.
- તમને અન્ય લોકો સાથે માહિતી શેર કરવાની ના પાડે છે.
- કામદારને વિદેશમાં અરજી કરવા અને કામ કરવા માટે લલચાવવા માટે તાત્કાલિક સંપત્તિ અને સફળતાના અવાસ્તવિક વચનો આપે છે.

## 6.2 સ્થળાંતર કરનારાઓનું સ્મગલિંગ અને તસ્કરી

જ્યારે કોઈ તમને કાનૂની કાગળો વિના, સરહદ નિયંત્રણો ટાળીને અથવા ખોટા કે નકલી મુસાફરી અથવા ઓળખના ડોક્યુમેન્ટ મેળવીને, નાણાકીય અથવા અન્ય ભૌતિક લાભો માટે દેશમાં પ્રવેશવામાં મદદ કરે, ત્યારે તેને સ્મગલિંગ કહેવામાં આવે છે.

જ્યારે તમે ગેરકાનૂની રીતે કોઈ દેશમાં પ્રવેશવા માટે સંમત થતા નથી, પરંતુ ધમકીઓ અથવા બળજબરી દ્વારા તમારી પાસે તેમ કરવામાં આવે છે, તમને મજબૂર કરવામાં આવે છે, છેતરવામાં આવે છે, ધમકી આપવામાં આવે છે અને શોષણકારી કાર્ય પરિસ્થિતિમાં દબાણ કરવામાં આવે છે, ત્યારે તેને તસ્કરી કહેવામાં આવે છે.

### તસ્કરીમાં સામેલ છે:

- **ભરતી:** પરિચિતો, સંબંધીઓ અથવા ગુનાહિત ગેંગ દ્વારા, સાથે ઘણીવાર સારા પગારવાળી નોકરીના વચનો આપે છે.
- **પરિવહન:** દૂરના ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં અથવા ગરીબથી સમૃદ્ધ દેશોમાં સ્થળાંતરણ.
- **ચાલાકી અને બળજબરી:** છેતરપિંડી અને બળજબરી (ધમકી)નો ઉપયોગ કરીને પીડિતોને નિયંત્રિત કરવા.


સામાન્ય રીતે, આવી પદ્ધતિઓ દ્વારા દેશમાં આવતા લોકોને પ્રવેશવા માટે ઘણા નાણાં ચુકવવા પડે છે, અને ઘણીવાર તેમના પર નોંધપાત્ર દેવું થઈ જાય છે. ગેરકાનૂની રીતે કોઈ દેશમાં પ્રવેશ કરવાથી તમે જોખમી અને ખતરનાક પરિસ્થિતિઓમાં ફસાઈ શકો છો, અને તમારે ઈયુ (EU)માં સ્મગલિંગ અથવા તસ્કરીનો ભોગ ન બનો તેની ખાતરી કરવા માટે તમામ સાવચેતી રાખવી જોઈએ. સ્મગલિંગને સરકાર વિરુદ્ધના ગુના તરીકે જોવામાં આવે છે અને તસ્કરીને વ્યક્તિઓ વિરુદ્ધના ગુના તરીકે જોવામાં આવે છે.

ભારત અને ઈયુ (EU) સ્મગલિંગ અને તસ્કરી અટકાવવા માટે વિઝા પ્રક્રિયામાં બાયોમેટ્રિક તત્વો ધરાવે છે જેમાં ફિંગરપ્રિન્ટ-લિંક્ડ પાસપોર્ટ અને વિઝા, ચહેરાની ઓળખની ટેકનોલોજી વગેરેનો સમાવેશ થાય છે. જોકે, માનવ તસ્કરી ટાળવા અને તેની સામે લડવામાં મદદ મળે તે માટે સૌથી મહત્વપૂર્ણ પગલું એ છે કે જાણકાર રહેવું અને સતર્ક રહેવું. ઈયુ (EU)માં માનવ તસ્કરીની પરિસ્થિતિ અને મૂળ અને ગંતવ્ય બંને દેશોમાં સંબંધિત કાયદાઓ વિશે શક્ય તેટલું જાણો. ઈયુ (EU)માં, યુરોપિયન કમિશનની તસ્કરી વિરોધી વેબસાઇટમાં ઈયુ (EU)માં માનવ તસ્કરીની પરિસ્થિતિ સહિત સંબંધિત માહિતી સામેલ હોઈ શકે છે: https://home-affairs.ec.europa.eu/policies/internal-security/organised-crime-and-human-trafficking/together-against-trafficking-human-beings_en એજન્ટ અથવા એજન્સી તમારી પાસેથી શું માંગે છે તેના પર ધ્યાન આપો જેથી તમે ગેરકાનૂની રીતે ભરતીના સંકેતો જોવાનું ચૂકો નહીં.

ઇન્ટરનેટ પર તમે જે પણ માહિતી વાંચો છો તેને ચકાસવા જેવી બાબત ગણો. ઉદાહરણ તરીકે, તમને નોકરીની વેબસાઇટ્સ પર આકર્ષક નોકરીની ઓફર મળી શકે છે અથવા ડેટિંગ અથવા સોશિયલ નેટવર્કિંગ વેબસાઇટ્સ પર ઈયુ (EU)માં તેમની મુલાકાત લેવા લેવાનું તમને કહેવામાં આવે શકે છે. ખરેખર, તાજેતરના વર્ષોમાં, ઘણા તસ્કરોએ પીડિતોને લલચાવવા માટે આવી વેબસાઇટ્સનો ઉપયોગ કર્યો છે. બધી નોકરીની ઓફરોની સંપૂર્ણ તપાસ કરો, ખાસ કરીને એવી ઓફરોની જ્યાં તમને તક ગુપ્ત રાખવા અને કોઈની સાથે માહિતી શેર ન કરવાનું કહેવામાં આવ્યું હોય.

## કેસ સ્ટડી – 4

રજનીશે તેના બાળપણના મિત્ર જીતુના પરિવારને નવું ઘર બનાવતા અને જીતુએ યુરોપથી ઘરે મોકલેલા નાણાંથી નવી કાર ખરીદતા જોયો હતો. તેણે પણ યુરોપ જઈને સારી આજીવિકા મેળવવાનું સ્વપ્ન જોયું હતું અને તેણે પોતાના સપના થોડા મિત્રો સાથે શેર કર્યા. થોડા મહિના પછી, તેના ગામના એક એજન્ટે તેનો સંપર્ક કર્યો. એજન્ટ સ્થાનિક ચાની દુકાન પર નિયમિતપણે જોવા મળતો હતો, જેનો માલિક રજનીશના પરિવારને ઓળખતો હતો. તેણે રજનીશને યુરોપમાં વેઈટર તરીકે નોકરી શોધવામાં મદદ કરવાનું વચન આપ્યું, પણ સાથે જ કહ્યું કે વિઝા મેળવવા અને મુસાફરીની વ્યવસ્થા કરવાનો ખર્ચ ઘણો વધારે છે, તેથી તેણે તેના વિશે વિચારવું જોઈએ. તેણે રજનીશને ઘણા કાગળો બતાવ્યા; વેઈટરની નોકરીનો પગાર 45,000 રૂપિયા જેટલો બતાવવામાં આવ્યો. રજનીશ હાલમાં લગભગ 18,000 રૂપિયા કમાતો હતો, એટલે આ રકમ વાજબી લાગતી હતી, ખાસ કરીને એજન્ટે વાર્ષિક ધોરણે પગાર વધશે એવું વચન આપ્યું હતું



ચાલુ...

એટલે વધુ સારી ઓફર લાગી. તેથી, તેના પરિવાર સાથે ચર્ચા કર્યા પછી, રજનીશે તેની મુસાફરીનો ખર્ચ ઉઠાવવા માટે €14000 (આશરે રૂ. 12 લાખ)ની લોન લીધી અને એજન્ટ દ્વારા વિનંતી કરાયેલ કુલ રકમ રોકડમાં ચુકવી દીધી.


આગામી ત્રણ મહિના માટે એજન્ટે રજનીશને એક કેન્દ્રમાં તાલીમ આપવાની વ્યવસ્થા કરી જેમાં મૂળભૂત અંગ્રેજી શીખવાનો સમાવેશ થતો હતો. આ સમય દરમિયાન, રજનીશને સરકારી કેન્દ્રમાં પણ લઈ જવામાં આવ્યો અને તેનો પાસપોર્ટ બનાવવામાં આવ્યો. તાલીમ પૂર્ણ થયાના બે મહિના પછી, રજનીશને તેનો પાસપોર્ટ અને ટિકિટ આપવામાં આવી અને તેને આગામી અઠવાડિયે જવા માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું. રજનીશ અને પરિવાર ખૂબ ખુશ હતા અને એરપોર્ટ પર લાંબી વિદાય લીધી.

જ્યારે રજનીશ આગમન સમયે ઇમિગ્રેશનમાંથી પસાર થયા, ત્યારે અધિકારીઓને ઘણો સમય લાગ્યો અને તેને ચિંતા થવા લાગી. આખરે તેમને બાજુ પર બોલાવવામાં આવ્યો અને લાંબા કલાકો અને ઘણા પ્રશ્નો પછી, તેમને કહેવામાં આવ્યું કે તે જે વિઝા પર મુસાફરી કરી રહ્યો હતો તે નકલી હતો. રજનીશને ડિટેન્શન સેન્ટરમાં લઈ જવામાં આવ્યો અને બે અઠવાડિયા પછી તેને ભારત પાછો મોકલી દેવામાં આવ્યો.

પાછા ફર્યા પછી, રજનીશે એજન્ટનો નંબર ડાયલ કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તે બંધ હતો. તે પોતાના પરિવાર સાથે વારંવાર દુકાનની મુલાકાત લેતો હતો પરંતુ એજન્ટ મળ્યો ન હતો. રજનીશ હવે ભારે લોનના બોજ હેઠળ દબાઈ ગયો હતો અને યુરોપમાં રહેવા અને કામ કરવાના તેના સપનાને પૂરું કરવાની તેની પાસે બહુ ઓછી શક્યતા હતી.

આ પરિસ્થિતિ ન આવે તે માટે રજનીશ શું કરી શક્યો હોત?

- ભારત સરકારની વેબસાઇટ્સ દ્વારા એજન્ટની ચકાસણી કરવી.
- તેણે જાતે કરેલી ચુકવણીઓ અને ચેક દ્વારા કરેલી ચુકવણીઓની ખાતરીપૂર્વક રસીદ લેવી.
- વિઝા મેળવવા અને મુસાફરીની વ્યવસ્થા કરવા સાથે સંકળાયેલા ખર્ચ વિશે મિત્રો અને પરિવારને પૂછવું.
- દૂતાવાસ મારફતે તેના વિઝાને ટ્રેક કરવા.



## 6.3 જો તમે ઈયુ (EU)માં ગેરકાનૂની માઈગ્રંટ હોવ તો તમને કયા જોખમોનો સામનો કરવો પડી શકે છે?

ઘણીવાર, લોકો તેમના વિઝાની મુદત પૂરી થયા પછી પણ ઈયુ (EU) માં રહેવાનું ચાલુ રાખે છે, એવી આશામાં કે કોઈ વ્યક્તિ ક્યારેક તેમના કાગળો કાનૂની કરાવી આપશે અને ઈયુ (EU)માં રહેવા અને કામ કરવાનો તેમને અધિકાર મળશે. જોકે, ઈયુ (EU)માં ગેરકાનૂની રીતે રહેવા સાથે સંકળાયેલા ઘણા જોખમો છે. તેમાંના અમુકનો નીચે ઉલ્લેખ કર્યો છે:

- તમને એવા ક્ષેત્રોમાં ગેરકાયદેસર રીતે કામ કરવાની જરૂર પડી શકે છે જ્યાં પગાર ઓછો હોય છે અને સલામતીનાં ધોરણો અને કામ કરવાની પરિસ્થિતિઓનું ભાગ્યે જ નિરીક્ષણ કરવામાં આવતું હોય. વધુમાં, તેઓ શોષણના જોખમને પણ આધીન છે. સામાન્ય ક્ષેત્રોમાં બાંધકામ, કૃષિ, હોટલ અને રેસ્ટોરન્ટ, સફાઈ, સંભાળનું કામ અને ઘરકામનો સમાવેશ થાય છે.
- નોકરીદાતાઓ દ્વારા વેતન, રજા વગેરે પર શોષણ સહિત અધિકારોના ઉલ્લંઘન માટે કાનૂની ઉપાય શોધવો મુશ્કેલ બનશે.
- તમને મોટા ભાગે કોઈ સામાજિક સેવાઓની ઍક્સેસ નહીં હોય, કેટલાક દેશોમાં આરોગ્યસંભાળ પણ નહીં.
- તમે બેરોજગારી ભથ્થા વગેરે જેવી કોઈપણ સામાજિક સુરક્ષા માટે હકદાર રહેશો નહીં.

- તમારા માટે પરિવારના કોઈપણ સભ્યને ઈયુ (EU)માં લાવવાનું શક્ય બનશે નહીં.
- રહેઠાણ ભાડે રાખવું મુશ્કેલ બનશે; તમને મોટા ભાગે અપૂરતું અને બિનઆરોગ્યપ્રદ રહેઠાણ મળશે અને રહેવા માટે વધુ પડતો ખર્ચ થશે.
- બેંક ખાતું ખોલાવવું ખૂબ મુશ્કેલ હશે.
- તમને ગમે ત્યારે પોલીસ પકડી શકે છે અને અટકાયતમાં મૂકી શકે છે અને અંતે ભારત પાછા મોકલી શકાય છે.

### ગેરકાનૂની માઈગ્રંટનું પરત ફરવું

જો તમને ગેરકાનૂની માઈગ્રંટ તરીકે પકડવામાં આવે તો તમને દેશ છોડી દેવાનો આદેશ આપવામાં આવશે. તમને ઈયુ (EU) અને શેંગેન એરિયામાં પ્રવેશ પર પ્રતિબંધ સાથે ત્યાંથી નીકળી જવાનો આદેશ આપવામાં આવી શકાય છે. આનો અર્થ એ છે કે તમને ચોક્કસ સમયગાળા માટે ઈયુ (EU) અને શેંગેન એરિયામાં પાછા મુસાફરી કરવાની મનાઈ રહેશે. સામાન્ય રીતે તમારી પાસે સ્વેચ્છાએ તમારા વતન પાછા ફરવાનો વિકલ્પ હશે અને આ સંદર્ભમાં તમને મદદ મળી શકે છે. જો તમે સ્વૈચ્છિક પરત ફરવા માટે સહકાર આપવાનો ઇનકાર કરો છો, તો તમને બળજબરીથી પરત ફરવાની પ્રક્રિયાનો સામનો કરવો પડી શકે છે જેમાં અટકાયતનો સમાવેશ થઈ શકે છે. તમે જે સભ્ય રાજ્યના પ્રદેશમાં છો તેના રાષ્ટ્રીય કાયદા હેઠળ ગેરકાયદેસર રોકાણ અને/અથવા ગેરકાનૂની પ્રવેશને પણ ગુનાહિત ઠેરવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં, વળતરના ખર્ચને આવરી લેવા માટે તમારી મિલકત જપ્ત કરવામાં આવી શકે છે.

## 6.4 જો તમને ઈયુ (EU)માં સ્મગલિંગ અથવા તસ્કરી કરવામાં આવે તો તમને કયા જોખમોનો સામનો કરવો પડી શકે છે?

જો તમને ઈયુ (EU)માં સ્મગલિંગ કરીને લાવવામાં આવે, તો તમને ત્યાં રહેવાનો કાયદેસર અધિકાર નથી. તમારે દંડ ભરવો પડી શકે છે અને દરેક ઈયુ (EU) દેશ અનધિકૃત પ્રવેશ અથવા રોકાણ માટે પોતાના દંડ નક્કી કરે છે. તમને તમારા વતનમાં દેશનિકાલ પણ કરી શકાય છે. વધુમાં, સ્થળાંતરિતોનું સ્મગલિંગ કરનારા ગુનાહિત નેટવર્કની તપાસ અને કાર્યવાહી કરવાના કાયદાના અમલીકરણ પ્રયાસોના ભાગ રૂપે, તમને ગુનેગારોને પકડવા માટે સાક્ષી તરીકે સહકાર આપવાનું કહેવામાં આવી શકાય છે.

તસ્કરી કરાયેલા સ્થળાંતરણ કરનારાઓના પાસપોર્ટ અને સત્તાવાર કાગળો સામાન્ય રીતે આગમન સમયે તેમની પાસેથી લઈ લેવામાં આવે છે અને તેમની પાસે બળજબરીથી મજૂરી કરાવવામાં આવે છે. ત્યારબાદ પીડિતોને કહેવામાં આવે છે કે તેઓ ગંતવ્ય દેશમાં ગેરકાનૂની રીતે છે, જેના કારણે તેમના તસ્કરો પર તેમની નિર્ભરતા વધે છે. તેમના ડોક્યુમેન્ટ વિના, તેઓ દેશમાં રહેવાનો પોતાનો અધિકાર સાબિત કરી શકતા નથી કે તેઓ મદદ માટે અધિકારીઓ પાસે જઈ શકતા નથી. પીડિતોને ઘણીવાર એકાંત અથવા કેદમાં રાખવામાં આવે છે. તેઓ દેવાના બંધનમાં પણ ફસાયેલા છે, જ્યાં તેમને તેમના તસ્કરોથી મુક્ત થતાં પહેલાં ભરતી, પરિવહન અને અન્ય ફી માટે મોટી રકમ ચુકવવાની ફરજ પડે છે. ઈયુ (EU) કાયદાઓ અનુસાર માનવ તસ્કરી માટે સખત સજા આપવામાં આવે છે અને જો તમને લાગે કે તમે આવા ગુનાનો ભોગ બન્યા છો, તો તમારે તમારા એકલતાના વર્તુળને તોડીને પોલીસને તેની જાણ કરવી જોઈએ. એવી નાગરિક સમાજ સંસ્થાઓ પણ છે જે તમને મદદ કરી શકે છે, જેમાં પોલીસને જાણ કરવી અથવા એવી સેવાઓનો સંદર્ભ આપવાનું સામેલ છે જે તમને સહાય, ટેકો અને રક્ષણ પૂરું પાડી શકે.

વધુમાં, જો તમે પરવાનગી વિના ઈયુ (EU)માં રોકાઈ રહ્યા હોવ, તો તમને નોકરી મેળવવામાં, રહેવા માટે જગ્યા શોધવામાં અને શિક્ષણ અને આરોગ્યસંભાળ મેળવવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ કારણે વધુ જોખમો અને સંભવિત શોષણ થઈ શકે છે.

કોઈ વ્યક્તિની તસ્કરી થઈ છે કે નહીં તે નક્કી કરવા માટે કોઈ નિર્ધારિત ફોર્મ્યુલા નથી, પરંતુ પ્રશ્નોની આ યાદી એ નક્કી કરવામાં મદદ કરી શકે છે કે કોઈ પરિસ્થિતિમાં તસ્કરીના લક્ષણો જોવા મળે છે કે નહીં.

- શું તમે તમારું કાર્યસ્થળ છોડવા માટે સ્વતંત્ર છો?
- શું તમારું શારીરિક, જાતીય કે માનસિક શોષણ થઈ રહ્યું છે?
- શું તમારી પાસે માન્ય પાસપોર્ટ કે ઓળખપત્ર છે? શું આ ડોક્યુમેન્ટ તમારા કબજામાં છે?
- તમારા રોજગારનો પગાર અને શરતો શું છે? શું તમારા વેતન રોકવામાં આવી રહ્યાં છે? શું કામની પરિસ્થિતિઓ અપમાનજનક કે શોષણકારક છે?
- શું તમને તમારા રહેઠાણ અને કામ કરવાની પરિસ્થિતિઓ વિશેની માહિતી કોઈની સાથે શેર કરવામાં ડર લાગે છે?
- શું તમારા પર મોટું દેવું છે કે વધતું જતું દેવું છે?

- શું તમને કે તમારા પરિવારના કોઈ સભ્યને ધમકી આપવામાં આવી રહી છે?
- શું તમને ડર છે કે જો તમે આ નોકરી છોડી દો છો તો તમારા અથવા તમારા પરિવારના કોઈ સભ્ય સાથે કંઈક ખરાબ થશે?

## 6.5 તમે આ જોખમોને કેવી રીતે ટાળશો?

ઈયુ (EU)માં કોઈપણ નોકરી જે સાચી લાગવા માટે વધુ પડતી સારી લાગતી હોય, તેને સ્વીકારતા પહેલાં ખૂબ ધ્યાન આપો અને તેની સંપૂર્ણ ચકાસણી કરો. તે એક સંકેત હોઈ શકે છે કે સ્થળાંતરણ કરનારાઓની સ્મગલિંગનું નેટવર્ક કાર્યરત છે, અને તમે તેમનો આગામી ભોગ બની શકો છો. ટૂંકા ગાળાના કે લાંબા ગાળાના રોકાણ માટે ઈયુ (EU)માં કાયદેસર રીતે કેવી રીતે પ્રવેશ કરવો તે અંગે માહિતી માટે કોન્સ્યુલર અધિકારીઓનો સંપર્ક કરો અને સરકારી વેબસાઇટ્સ તપાસો.

### જો તમે ગેરકાનૂની રીતે ભરતીનો ભોગ બનો તો શું કરવું?

ભરતી એજન્ટો વિરુદ્ધ ફરિયાદોનો ઉકેલ પોસ્ટ દ્વારા અથવા pge@mea.gov.in પર ઈ-મેલ દ્વારા કરી શકાય છે. 16 પ્રોટેક્ટર ઓફ ઇમિગ્રન્ટ્સમાંથી[31] કોઈપણ પાસે ફરિયાદો નોંધાવી શકાય છે. મદદ માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર, 1800-11-3090 પર પણ કૉલ કરી શકાય છે. પીડિત સ્થળાંતરણ કરનાર વ્યક્તિ ગંતવ્ય દેશમાં ભારતીય મિશનને ટેલિફોન અથવા ઈ-મેલ દ્વારા પણ ફરિયાદ નોંધાવી શકે છે. ભારતીય મિશન સંબંધિત સંપર્ક માહિતી એમઈએ (MEA) વેબસાઇટ (https://mea.gov.in/indian-missions-abroad-new.htm) પર ઉપલબ્ધ ઇન્ટરેક્ટિવ નકશા પર મળી શકે છે. વધુ માહિતી માટે કૃપા કરીને આ નકશામાં દેશ પર ક્લિક કરો.

**ઇન્ટરેક્ટિવ નકશો - વિદેશમાં ભારતીય મિશન[30]**




30. ભારતીય મિશનની વિગતવાર યાદી અહીં ઉપલબ્ધ છે: https://igod.gov.in/int/INMISS/organizations

31. https://www.mea.gov.in/Images/attach/01-Overview-04-2024.pdf

### જો તમે માનવ તસ્કરીનો ભોગ બનો તો શું કરવું?

જો તમે માનવ તસ્કરીનો ભોગ બન્યા હોવ અથવા સંભવિત તસ્કરીની પરિસ્થિતિ વિશે માહિતી ધરાવતા હોવ, તો તાત્કાલિક સ્થાનિક પોલીસ, સંબંધિત સરકારી એજન્સીઓ, દૂતાવાસો, ટ્રેડ યુનિયનો, બિન-સરકારી સંસ્થાઓ અને સ્થળાંતરણ સંગઠનોને આ બાબતની જાણ કરો. ઉદાહરણ તરીકે, યુરોપિયન કમિશનની તસ્કરી-વિરોધી વેબસાઇટમાં સભ્ય દેશોમાં સંબંધિત સંપર્ક https://home-affairs.ec.europa.eu/policies/internal-security/organised-crime-and-human-trafficking/together-against-trafficking-human-beings/national-hotlines_en, પર છે તેમજ ઈયુ (EU)માં માનવ તસ્કરીના પીડિતો સાથે કામ કરતી નાગરિક સમાજ સંસ્થાઓની યાદી, https://home-affairs.ec.europa.eu/document/download/ce3caea2-9939-49e4-af1a-11191b368ac3_en?filename=EU-Civil-Society-Platform-participants_en.pdf પર ઉપલબ્ધ છે

**ટેબલ 3:** ઈયુ (EU)માં સુરક્ષિત અને કાયદેસર સ્થળાંતરણ માટે શું કરવું અને શું ન કરવું.

| શું કરવું | શું ન કરવું |
|---|---|
| ગંતવ્ય દેશના દૂતાવાસ સાથે તમારા વિઝાની અધિકૃતતા તપાસો. તમે સીધા દૂતાવાસનો સંપર્ક કરી શકો છો અને તમારા પાસપોર્ટની વિગતો આપીને તમારા વિઝાની સ્થિતિ વિશે પૂછપરછ કરી શકો છો. | એમઈએ (MEA) સાથે યોગ્ય રીતે નોંધાયેલ ન હોય તેવી ભરતી એજન્સીઓમાં અરજી કરશો નહીં. |
| સંબંધિત અધિકારીઓ દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરાયેલ તમારા વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર)ની મૂળ નકલ મેળવવાનો આગ્રહ રાખો. | લાઇસન્સ પ્રાપ્ત એજન્સીના અધિકૃત પ્રતિનિધિ ન હોય તેવી કોઈપણ વ્યક્તિ સાથે વ્યવહાર કરશો નહીં. |
| ભારત છોડતા પહેલાં તમારા વર્ક કોન્ટ્રાક્ટ (કાર્ય કરાર)ની એક નકલ, તમારા પાસપોર્ટ અને અન્ય સંબંધિત ડોક્યુમેન્ટની નકલો તમારા પરિવારને આપો. | જો તમે કાયદેસર રીતે સ્થળાંતરણ કરવા માંગતા હોવ, તો કામના હેતુ માટે મુલાકાતી, પ્રવાસી અથવા વિદ્યાર્થી વિઝા સ્વીકારશો નહીં. એકવાર તમે ઈયુ (EU)માં આવો પછી કાયદેસર સ્થળાંતરણ કરનાર કામદાર તરીકે કાનૂની મંજૂરી મેળવવામાં તમને વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડશે. |
| | કોઈપણ સંજોગોમાં ભારતમાં કે ગંતવ્ય દેશમાં પહોંચ્યા પછી ક્યારેય કોરા કાગળો પર સહી કરશો નહીં. જો તમને કોરા કાગળો પર સહી કરવા માટે સમજાવવામાં આવે અથવા દબાણ કરવામાં આવે, તો કૃપા કરીને 24 કલાકની અંદર નજીકના પોલીસ સ્ટેશન અને ભારતીય દૂતાવાસને જાણ કરો. |
| | 1983ના ઇમિગ્રેશન એક્ટ દ્વારા આપવામાં આવેલા માન્ય સેવા શુલ્ક કરતાં વધુ રકમ માન્ય ભરતી એજન્સીઓને ચુકવશો નહીં. કોઈપણ ઉલ્લંઘનની જાણ સંબંધિત દૂતાવાસ અથવા એમઈએ (MEA)ને કરો. |
| | જ્યાં સુધી તમારી પાસે માન્ય એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) અને સત્તાવાર રસીદ ન હોય ત્યાં સુધી સેવા શુલ્ક અથવા પ્લેસમેન્ટ ફી ચુકવશો નહીં. |



# 07 ઈયુ (EU)માં રહેવું

## 7.1 સાંસ્કૃતિક તફાવતો માટે તૈયારી કરવી

સાંસ્કૃતિક આઘાત એ એક પ્રતિક્રિયા છે જેનો સામનો કોઈપણ વ્યક્તિને નવા સાંસ્કૃતિક વાતાવરણમાં થાય છે. નવા દેશમાં ચિંતાનું પ્રમાણ વધી શકે છે, જે દરમિયાન તમે લાચાર હોવ તેવું અનુભવી શકો છો. વિદેશમાં રહેવાની મુશ્કેલીઓ, જેમ કે ભાષાના અવરોધો, સામાજિક સંકેતો અને પરિચિત ભૌગોલિક સંદર્ભોનો અભાવ સપાટી પર આવી શકે છે. આના પરિણામે હતાશા, ગુસ્સો અને અનિદ્રા થઈ શકે છે. રસ્તો ક્યાં અને ક્યારે ઓળંગવો અથવા બજારમાં પાછા કેવી રીતે જવું તે ખબર ન હોવાને કારણે પણ અસ્વસ્થતા થઈ શકે છે. તમે ચિંતાતુર થઈ શકો અથવા એકલતા અનુભવી શકો છો, અને આને દૂર કરવાની એક શ્રેષ્ઠ રીત એ છે કે પરિવાર સાથે જોડાયેલા રહેવું, નવા મિત્રો બનાવવા અને દેશભરમાં મુસાફરી કરવી.

સાંસ્કૃતિક આઘાત માટે તૈયારી કરવાનું પહેલું પગલું એ છે કે તે શું છે તે જાણવું. તમારા ગંતવ્ય દેશ વિશે શક્ય તેટલું વધુ જાણો. તમને એવા રિવાજો કે પ્રથાઓનો સામનો કરવો પડશે જે તમે પહેલાં કરતા હતા તેનાથી અલગ હશે.

ઈયુ (EU)માં વિભક્ત પરિવારો વધુ સામાન્ય બાબત છે. ઘણીવાર, યુવાનો 18 વર્ષની ઉંમરે તેમના માતા-પિતાના ઘર છોડીને જતા રહે છે, અને તેઓ નાની ઉંમરે આર્થિક રીતે સ્વતંત્ર બની જાય છે. પરિણામે, નિર્ણય લેવામાં હંમેશા પારિવારિક મંતવ્યો સામેલ હોતા નથી, અને યુવાન અને વૃદ્ધ, પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેના સંબંધો અલગ અને વધુ સમાન હોય છે. આમાં થોડો ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. આ ઉપરાંત, બીજા ઘણા તફાવતો હશે, અને જો તમે જુદા જુદા લોકો જુઓ, શીખો અને તેમની સાથે વાત કરો તો તે ઉપયોગી થશે. તે સાંસ્કૃતિક જિજ્ઞાસા કેળવવા, યુરોપિયન સંસ્કૃતિની ઝીણવટ વિશે શીખવા અને કટ્ટરતા કે રૂઢિચુસ્તતાનો ઉપયોગ ટાળવા માટે પણ ફાયદાકારક છે.

ઈયુ (EU) દેશમાં રહેઠાણ શોધવા, શાળા શોધવા, કરવેરા, રહેવાનો ખર્ચ, આરોગ્ય, સામાજિક કાયદો, લાયકાતની તુલનાત્મકતા વગેરે સંબંધિત માહિતીમાં તમને મદદ મળે તે માટે, તમે ઈયુઆરઈએસ (EURES) પોર્ટલ[32] પર ઉપલબ્ધ "જીવન અને કામ સંબંધિત પરિસ્થિતિઓ" વેબપેજનો સંદર્ભ લઈ શકો છો.

## 7.2 યુરોપમાં સંસ્કૃતિ

### યુરોપિયન મૂલ્યો વિશે તમે કેટલું જાણો છો?

યુરોપિયન યુનિયનના મૂળભૂત મૂલ્યોમાં માનવ ગૌરવ અને માનવ અધિકારો, સ્વતંત્રતા, લોકશાહી, સમાનતા અને કાયદા[33]ના શાસન માટે આદર કરવામાં આવે છે અને આ મૂલ્યો સ્થળાંતરણ કરનારાઓ સુધી વિસ્તરે છે.

**માનવીય ગૌરવ:** દરેક વ્યક્તિનું સન્માન કરવું જોઈએ અને આ બાબત અટલ છે.

**સ્વતંત્રતા:** આમાં ખાનગી જીવન અને ગોપનીયતાનો આદર, વિચારની સ્વતંત્રતા, ધર્મ, મુક્તપણે ભેગા થવાની, પોતાને વ્યક્ત કરવાની અને માહિતી શેર કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

**લોકશાહી:** લોકો તેમના નેતાઓને મત આપે છે અને લોકોના મંતવ્યો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સાંભળવામાં આવે છે.

**સમાનતા:** કાયદા સમક્ષ બધા નાગરિકો માટે સમાન અધિકારો છે. આ સિદ્ધાંત સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સમાનતા, સમાન કામ માટે સમાન પગાર વગેરે સુધી વિસ્તરે છે. મહિલા નેતૃત્વના ઉદાહરણો વધી રહ્યા છે. તમારા બોસ અને સુપરવાઇઝર મહિલા હોઈ શકે છે.

32. https://eures.europa.eu/living-and-working/living-and-working-conditions-europe_en

33. વધુ માહિતી https://ec.europa.eu/component-library/eu/about/eu-values/ પર ઉપલબ્ધ છે.

**કાયદાનું શાસન:** ઈયુ (EU) કાયદાના શાસન પર આધારિત છે. ઈયુ (EU) જે કંઈ કરે છે તે તેના એમએસ (MS) દ્વારા સ્વેચ્છાએ અને લોકશાહી રીતે સંમત થયેલી સંધિઓ પર આધારિત છે. સ્વતંત્ર ન્યાયતંત્ર દ્વારા ન્યાયનું સમર્થન થાય છે.

**માનવ અધિકારો:** માનવ અધિકારોનું રક્ષણ ઈયુ (EU) મૂળભૂત અધિકારોના ચાર્ટર દ્વારા કરવામાં આવે છે. આમાં લિંગ, વંશીયતા અથવા વંશીય મૂળ, ધર્મ અથવા માન્યતા, અપંગતા, ઉંમર અથવા જાતીય અભિગમના આધારે ભેદભાવથી મુક્ત રહેવાનો અધિકાર, તમારા વ્યક્તિગત ડેટાના રક્ષણનો અધિકાર અને ન્યાય મેળવવાનો અધિકાર આવરી લેવામાં આવ્યો છે. જો કોઈ પુરુષ ઘરમાં પતિ વિશે વાત કરે તો આશ્ચર્ય પામશો નહીં.

ઈયુ (EU) કાર્યસ્થળોમાં ઉચ્ચ સ્તરની વ્યાવસાયિકતા હોય છે, અને દરેક વ્યક્તિ પાસેથી તેમને સોંપાયેલું કામ તેઓ કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સમયનું કડક પાલન કરવામાં આવે છે અને કાયદા દ્વારા ઓવરટાઇમ માટે ચુકવણી કરવામાં આવે છે, તેમ છતાં તેને પ્રોત્સાહન આપવામાં આવતું નથી અને તે નિયમ પણ નથી.

તમારી પ્રોફેશનલ પ્રતિબદ્ધતાઓ અને વ્યક્તિગત જીવન વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. દરેક વ્યક્તિ સાથે સમાન અને આદરપૂર્વક વર્તન કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને પુરુષો અને સ્ત્રીઓ સાથે સમાન વર્તન કરવામાં આવે છે.

## 7.3 તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું

### શું તમે ઈયુ (EU)માં મુસાફરી કરવા અને રહેવા માટે યોગ્ય છો?

એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર) આપવામાં આવે તે પહેલાં તમારે તબીબી પરીક્ષણમાંથી પસાર થવાની જરૂર પડી શકે છે. તમે નોકરી માટે શારીરિક અને માનસિક રીતે યોગ્ય છો અને તમારા સ્વાસ્થ્યની સ્થિતિ દેશના જાહેર આરોગ્યને જોખમમાં મૂકતી નથી એ બાબતોની ખાતરી કરવા માટે આ પરીક્ષણ કરવામાં આવે છે. તમને ચોક્કસ રસીકરણ કરાવવાનું કહેવામાં આવી શકે છે અને આ ખર્ચ નોકરીદાતા દ્વારા ઉઠાવવામાં આવશે. તમારી મુસાફરી દરમિયાન તમને કવર મળે તે સુનિશ્ચિત કરવા માટે તમારે તમારી ટિકિટ સાથે મુસાફરી વીમો લેવો આવશ્યક છે.

### જો તમે ઈયુ (EU)માં બીમાર પડો તો શું?

ઈયુ (EU)માં રહેતા દરેક વ્યક્તિ માટે તબીબી વીમો ફરજિયાત છે. તેથી, ઈયુ (EU)માં સ્થળાંતરણ કરી રહેલા તમામ ભારતીય સ્થળાંતરણ કરનાર પાસે ઈયુ (EU)માં પ્રવેશના દિવસથી શરૂ થતો આરોગ્ય વીમો હોવો આવશ્યક છે.

સામાન્ય રીતે, તમારા નોકરીદાતા તમારા માટે વીમો ખરીદશે જે સામાન્ય રીતે કટોકટી, હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ, આઉટપેશન્ટ સંભાળ, પ્રિસ્ક્રાઈબ કરેલી દવાઓ, થેરાપી, પ્રસૂતિ અને લેબોરેટરી પરીક્ષણોને આવરી લેશે. કવરેજની રકમ તમારા નોકરીદાતાએ આપેલી આરોગ્ય વીમા યોજના તેમજ ચોક્કસ ઈયુ (EU) એમએસ (MS)ના કાયદા પર આધાર રાખે છે. ટૂંકા ગાળાના કામદાર તેમની ભારતીય યોજનાને જ્યાં તેઓ કામ કરવાના હોય તે ઈયુ (EU) દેશોમાં પણ લંબાવી શકે છે.

કોવિડ-19 રોગચાળા જેવી આરોગ્ય કટોકટીના કારણે મુસાફરીની વધારાની જરૂરિયાતો ઊભી થઈ શકે છે. તમારા પ્રસ્થાન પહેલાં કોઈપણ ફેરફારો વિશે અપડેટ રહો.


## 7.4 રહેઠાણનો ખર્ચ અને રહેઠાણ સંબંધિત ખર્ચ

ઈયુ (EU)માં એપાર્ટમેન્ટ શોધવાનું મુશ્કેલ અને તણાવપૂર્ણ હોઈ શકે છે. ભારત છોડતા પહેલાં ભાડાની જગ્યા શોધવાનું શરૂ કરવું શ્રેષ્ઠ છે અથવા શોધ માટે ફાળવી શકાય તેવા નવરાશના સમયની યોજના બનાવો. તમારે ઈયુ (EU)માં મૂળભૂત ભાડા પ્રથાઓ અને પરિભાષાથી પરિચિત થવું જોઈએ. ઉદાહરણ તરીકે, તમારે ભાડા ઉપરાંત રહેઠાણના ખર્ચ વિશે જાણવું જોઈએ. સામાન્ય રીતે, યુરોપમાં, ભાડા અને રહેઠાણ સંબંધિત ખર્ચ જેમ કે વીજળી, હિટીંગ, ગેસ, વગેરે સરેરાશ ઘરની ચોખ્ખી આવકનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ભાડામાં કચરાના નિકાલ, સફાઈ ખર્ચ અને ક્યારેક વાઇ-ફાઇ (Wi-Fi), પાણી, વીજળી અને હિટીંગ જેવા વધારાના ખર્ચનો સમાવેશ થાય છે કે કેમ તે જાણવું મહત્વપૂર્ણ છે. તમારા નવા દેશમાં મિત્રો અથવા સહકાર્યકરોની મદદ લેવી શ્રેષ્ઠ છે.

પ્રદેશો અને શહેરો પ્રમાણે મોટા પ્રમાણમાં ભાડું બદલાય છે અને તેનો આધાર રહેઠાણના પ્રકાર પર રહેલો છે. તે ખૂબ મોંઘુ હોઈ શકે છે, ખાસ કરીને મોટા શહેરોમાં, જ્યાં ઘણા સ્થળાંતરણ કરનારાઓ ભાડું વહેંચવા માટે સાથે રહેતા હોય છે. અલબત્ત, નાના શહેરો અને

ગ્રામીણ વિસ્તારોમાં, ખાસ કરીને દક્ષિણ અને પૂર્વી યુરોપમાં, ભાડું ઓછું છે. મોટાભાગના કિસ્સાઓમાં, તમને ઘર ભાડે આપવા માટે ડિપોઝિટ જમા કરાવવાનું કહેવામાં આવશે. ડિપોઝિટ એક થી ત્રણ મહિનાનું એડવાન્સ ભાડું હોઈ શકે છે.

## રહેઠાણ સંબંધિત પ્રશ્નો




**નોંધ**

***તમારે ત્રણ મહિનાના સમયગાળા માટે ભાડું, ખોરાક, કપડાં અને પરિવહન જેવા જીવનનિર્વાહ ખર્ચને આવરી લેવા માટે પૂરતા નાણાં પણ તમારી સાથે લાવવા પડશે. જ્યારે તમે નક્કી કરી રહ્યા હોવ કે કેટલા નાણાં લાવવા, ત્યારે ઈયુ (EU)ના જે ભાગમાં તમે રહેવાની યોજના બનાવો છો ત્યાં રહેવાના ખર્ચનું સંશોધન કરવામાં મદદ મળે છે***

## 7.5 ભારતીય દૂતાવાસને માહિતગાર રાખવું

તમે જે દેશમાં જઈ રહ્યા છો તે દેશમાં ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવવાની સલાહ આપવામાં આવે છે. આનાથી દૂતાવાસ તમારી હાજરીથી વાકેફ થઈ શકે છે અને કટોકટીની સ્થિતિમાં તમારો સંપર્ક કરી શકે છે. જો દેશમાં કોઈ દૂતાવાસ ન હોય, તો બીજા દેશમાં સૌથી નજીકનું દૂતાવાસ શોધો. દૂતાવાસો શોધવા માટે એમઈએ (MEA)ની વેબસાઇટ તપાસો (https://mea. gov.in/indian-missionsabroad-new.htm).

## 7.6 ફરવું

ઈયુ (EU)ના મોટાભાગના દેશોમાં જાહેર પરિવહન વ્યવસ્થા ખૂબ જ મજબૂત છે, અને તમારે સામાન્ય રીતે ખાનગી પરિવહનની જરૂર હોતી નથી. ઘણા દેશોમાં કાર રાખવી એ મોભાની નિશાની તરીકે જોવામાં આવે છે તેનાથી વિપરીત, મુખ્ય યુરોપિયન શહેરોમાં લોકો જાહેર પરિવહન દ્વારા મુસાફરી કરવાનું પસંદ કરે છે. નેધરલેન્ડ્સ જેવા દેશોમાં, સાયકલનો ઉપયોગ પરિવહનના માધ્યમ તરીકે પણ લોકપ્રિય થાય છે. ઈયુ (EU)ના બધા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શહેર સાથે જાહેર પરિવહન દ્વારા જોડાયેલા છે. સ્થાનિક જાહેર પરિવહન શોધવા માટે તમારા ગંતવ્ય સ્થાન અને રૂટનો નકશો સાથે રાખો કારણ કે આ ખાનગી ટેક્સી કરતાં ઘણો સસ્તો વિકલ્પ હોઈ શકે છે.

### ડ્રાઇવિંગ લાઇસન્સ

જો તમે તમારી પોતાની કાર મેળવવા માંગતા હોવ, તો તમારે તમારા યજમાન દેશમાં માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સની જરૂર પડશે. ઈયુ (EU) ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે તમારે આ કરવું પડશે:

1. સામાન્ય રીતે તમે જ્યાં અરજી કરી રહ્યા છો ત્યાં ઈયુ (EU) એમએસ (MS)ના રહેવાસી હોવ
2. ન્યૂનતમ વયની આવશ્યકતાઓને પૂર્ણ કરો
3. ન્યૂનતમ તબીબી જરૂરિયાતો પૂરી કરો
4. ડ્રાઇવિંગ ટેસ્ટ પાસ કરો

ઈયુ (EU)માં માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે જરૂરી બધી પ્રક્રિયાઓની વિસ્તૃત માહિતી https://europa.eu/youreurope/citizens/vehicles/driving-licence/get-driving-licence/index_en.htm પર ઉપલબ્ધ છે

તમારા માટે મુખ્ય અવરોધ ભાષાનો હોઈ શકે છે કારણ કે તમારે સ્થાનિક ભાષામાં સમજણ અને પ્રવાહિતા સાથે પરીક્ષા પાસ કરવી જરૂરી છે.

## 7.7 તમારા નાણાકીય વ્યવસ્થાપન

જો તમે ભારતીય સ્થળાંતરિત કામદારોના યુરોપિયન પગારને ફક્ત ભારતીય રૂપિયામાં રૂપાંતરિત કરો તો તમને તેમનો પગાર ખૂબ વધુ લાગી શકે છે, પરંતુ તમારે યુરોપમાં રહેવાના ખર્ચને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. બધા મૂળભૂત ખર્ચાઓ પૂર્ણ થઈ ગયા પછી, તમારે ગુજરાન ચલાવવાની જરૂર પડશે, અને તમે જોશો કે તમે અપેક્ષા કરતાં ઘણી ઓછી બચત કરી શકશો. તેથી, તમારા નાણાકીય વ્યવસ્થાપન માટે અને તમારા પરત ફરવા અને પુનઃએકીકરણની યોજના બનાવવા માટે તમારા જીવન ખર્ચની જાણકારી હોવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

યુરોપના વિવિધ દેશોમાં તમને રહેવાની અને કામ કરવાની પરિસ્થિતિઓમાં વિવિધતા જોવા મળે છે, અને અમુકવાર, એક જ દેશમાં, કેટલાક વિસ્તારો વધુ મોંઘા હોય છે અને કેટલાક રહેવા માટે સસ્તા હોય છે.

પ્રાદેશિક રીતે, ઈયુ (EU)ના દક્ષિણ અને પૂર્વીય દેશો ગરીબ છે અને સ્થળાંતરણ માટે વધુ સુલભ નિયમો ધરાવે છે. વધુમાં, રહેઠાણ, વેતન અને રહેવાનો ખર્ચ ઉત્તર અને મધ્ય યુરોપિયન દેશો કરતાં ઓછો છે. તેનાથી વિપરીત, ઉત્તર અને મધ્ય યુરોપિયન દેશોમાં, સ્થળાંતરણ કરનારાઓને વધુ સારી નોકરીઓ મળી શકે છે અને તેઓ વધુ વિકસિત વેલ્ફેર સિસ્ટમ (કલ્યાણ પ્રણાલી) પર વિશ્વાસ કરી શકે છે, પરંતુ પ્રવેશના કડક નિયમો અને આગમન પર ઊંચા ખર્ચ સાથે તેમને અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે. આ ઘણીવાર કેટલાક કિસ્સાઓમાં પરવડે તેમ ન પણ હોઈ શકે.

ઈયુ (EU)માં સૌથી વધુ વપરાતું ચલણ યુરો છે, અને 20 ઈયુ (EU) એમએસ (MS)[34] દેશો તેમના ચલણ તરીકે યુરોનો ઉપયોગ કરે છે. તમે યુરોપિયન સેન્ટ્રલ બેંકની વેબસાઇટ[35] પર યુરો વિનિમય દરો શોધી શકો છો.

જ્યારે તમે આ 20 દેશોમાંથી કોઈપણની મુલાકાત લો, ત્યારે તમારે તમારી સાથે કેટલાક યુરો અથવા અન્ય દેશોનું સ્થાનિક ચલણ લાવવું જોઈએ, જો તે ભારતમાં ઉપલબ્ધ હોય તો. તમે તમારું ક્રેડિટ અથવા એટીએમ (ATM) કાર્ડ પણ લાવી શકો છો. યુરોપમાં કાર્ડનો ઉપયોગ ખૂબ જ સામાન્ય છે, અને મોટાભાગના સ્થળોએ આંતરરાષ્ટ્રીય ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સ્વીકારવામાં આવશે. રોકડ ઉપાડવા પર ઊંચી ફી લાગી શકે છે, અને આ વિશે ભારતમાં તમારી સ્થાનિક બેંક સાથે તપાસ કરવી શ્રેષ્ઠ છે.

એકવાર તમે ઈયુ (EU)માં પહોંચીને સ્થાયી થઈ જાઓ, પછી તમને રહેઠાણ પરમિટ મળશે જે અન્ય ફાયદાઓ ઉપરાંત, તમારા માટે રાષ્ટ્રીય પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલવાનું અને ડેબિટ કાર્ડ (પ્રીપેઇડ) માટે અરજી કરવાનું શક્ય બનાવશે. રોકડ ચાર્જ કરવા અને ઉપાડવા અને તમારા દૈનિક ખર્ચ (ટિકિટ, ખરીદી, બિલ, વગેરે) માટે ઑનલાઇન ચુકવણી કરવા માટે આ ઉપયોગી છે. ઈયુ (EU)માં ક્રેડિટ કાર્ડ ખૂબ મોંઘા છે.

34. https://european-union.europa.eu/institutions-law-budget/euro/countries-using-euro_en

35. વધુ માહિતી અહીં https://europa.eu/youreurope/citizens/travel/carry/using-euro/index_en.htm પર ઉપલબ્ધ છે

## 7.8 ભારતમાં નાણાં મોકલવા

ઘણા લોકો ઘરે નાણાં મોકલવાનું વિચારે છે કારણ કે યુરોમાં નાની રકમ પણ ભારતીય રૂપિયામાં ઘણી હોઈ શકે છે અને તેમના પરિવારોને ખર્ચમાં મદદ કરશે. તમે તમારા ભવિષ્ય માટે નાણાં બચાવવા માટે ઘરે પણ નાણાં મોકલી શકો છો. તમારે પોતાને પૂછવા જોઈએ તેવા કેટલાક પ્રશ્નોમાં સામેલ છે:

- તમારી ગેરહાજરીમાં ભારતમાં તમારા પરિવારની આર્થિક જરૂરિયાતો શું છે?
- તમે તેમને કેટલી રકમ અને કેટલી નિયમિતતાથી મોકલવા માંગો છો?
- શું તમે કોઈ લોન લીધી છે જે ભરવાની જરૂર હોય?
- ભારતમાં આ નાણાંના અધિકારકર્તા કોણ હશે? શું તે વ્યક્તિનું બેંક ખાતું છે? તમે દેશ છોડો ત્યારે બધા પ્રાપ્તકર્તાઓના ખાતાઓની બધી બેંકની વિગતો લેવાનું યાદ રાખો, જેમાં તેમનો બેંક કોડ પણ સામેલ છે.
- શું તમે તમારા નાણાં તમારા નામે વિદેશી ચલણમાં રાખવા માંગો છો? આમ કરવા માટે, શું તમે એનઆરઆઈ (NRI) ખાતું પણ ખોલાવી શકો છો?

ભારતમાં તમારા નાણાં ટ્રાન્સફર કરવાનો વિકલ્પ પસંદ કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં લો.

### આંતરરાષ્ટ્રીય નાણાં ટ્રાન્સફર

શું તમે ભારતમાં તમારા પરિવાર અથવા તમારા પોતાના બેંક ખાતામાં નાણાં પાછા મોકલવા માંગો છો? જો એમ હોય, તો તમારા માટે ઘણા બધા વિકલ્પો છે. તમે બેંકિંગ સેવાઓ, મની ટ્રાન્સફર ઓપરેટર સેવાઓ, ઑનલાઇન પેમેન્ટ સાઇટ્સ અથવા ફિનટેક દ્વારા ડિજિટલ પેમેન્ટ દ્વારા ભારતમાં નાણાં મોકલી શકો છો.

### બેંક ટ્રાન્સફર

જો તમારું યુરોપિયન બેંકોમાં ખાતું હોય તો જ બેંક ટ્રાન્સફર કરી શકાય છે. ટ્રાન્સફર માટે પ્રાપ્તકર્તા બેંકનો ઇન્ટરનેશનલ બેંક એકાઉન્ટ નંબર (આઈબીએએન (IBAN)) અને બેંક આઇડેન્ટિફાયર કોડ (બીઆઈસી (BIC)) અથવા સોસાયટી ઓફ વર્લ્ડવાઇડ ઇન્ટરબેંક ફાઇનાન્શિયલ ટેલિકોમ્યુનિકેશન કોડ (સ્વિફ્ટ (SWIFT)) જરૂરી છે. ટ્રાન્સફરમાં અઠવાડિયા લાગી શકે છે અને તેમાં ઘણો ખર્ચ પણ થાય છે. ઓછા પરંતુ મોટા ટ્રાન્સફર કરતી વખતે તે ઉપયોગી થઈ શકે છે.

**મની ટ્રાન્સફર એજન્સીઓ:** વેસ્ટર્ન યુનિયન અથવા મનીગ્રામ (MoneyGram) જેવી કંપનીઓ દ્વારા નાણાં ટ્રાન્સફર કરવાની

### આંતરરાષ્ટ્રીય ચુકવણી વિકલ્પ પસંદ કરતી વખતે ધ્યાનમાં લેવાના પ્રશ્નો

- નાણાં મોકલવા માટે કેટલો ખર્ચ થશે?
- તમારી પાસેથી લેવામાં આવતો વિનિમય દર શું છે?
- નાણાં કેટલા સમયમાં ગંતવ્ય સ્થાને પહોંચશે?
- પદ્ધતિ કેટલી સલામત છે?
- તમારા માટે નાણાં મોકલવાનું અને પ્રાપ્તકર્તા માટે નાણાં મેળવવાનું કેટલું સરળ છે?



આ રીતમાં ફક્ત થોડી મિનિટો લાગે છે, પરંતુ તેનો ખર્ચ ખૂબ જ વધારે હોઈ શકે છે, જે 3 ટકા, 20 ટકા અને ક્યારેક મોકલવામાં આવેલી રકમના 50 ટકા સુધીનો હોય છે. નાણાં મેળવનાર વ્યક્તિએ તમે જે ઓફિસનું નામ આપ્યું છે તેમાં ઓળખપત્ર બતાવવું જરૂરી રહેશે. ટ્રાન્સફર ખર્ચ કમિશન, વિનિમય દર અને ટ્રાન્સફર શુલ્કના સંદર્ભમાં બદલાય છે.

**ડિજિટલ સેવાઓ:** નાણાં ટ્રાન્સફર માટે ઘણી બધી મોબાઇલ અને ઇન્ટરનેટ આધારિત સેવાઓ વધુને વધુ ઉપલબ્ધ થઈ રહી છે. એપ્સ દ્વારા ઑનલાઇન ખાતા ખોલી શકાય છે, અને નાણાં તાત્કાલિક જમા કરી શકાય અને મોકલી શકાય છે. તે સંપૂર્ણપણે ડિજિટલ હોવાથી, તેમનો કમિશન ખર્ચ ઓછો છે અને તેનો ઉપયોગ ઝડપી છે. પ્રાપ્તકર્તાને બેંક ટ્રાન્સફર, મોબાઇલ મની વોલેટ અથવા કૅશ પિક-અપ દ્વારા નાણાં મળે છે. યુરોપમાં, કેટલીક સ્થાપિત સેવાઓ વાઈસ, વર્લ્ડરેમિટ અને રેમિટલી છે પરંતુ આ ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે.

બિટકોઇન અને ક્રિપ્ટોકરન્સી વિશે હજુ પણ અનિશ્ચિતતા છે અને ભારત અને કેટલાક ઈયુ (EU) એમએસ (MS) હજુ પણ આ અંગે નિયમો બનાવી રહ્યા છે, તેથી રાહ જોવી અને આ ચલણો વિશે વધુ જાણવું શ્રેષ્ઠ રહેશે.

સલામતીના મુદ્દાઓને કારણે અને દેશો ઘણીવાર તમે કેટલી રકમ લઈ શકો છો અથવા લાવી શકો છો તેની મર્યાદા નક્કી કરે છે, તેથી ભૌતિક રીતે રોકડ લઈ જવી ક્યારેય સારો વિકલ્પ માનવામાં આવતો નથી. તમે ઈયુ (EU)માં 10,000 યુરો (અથવા અન્ય ચલણમાં સમકક્ષ) રોકડમાં લાવી અથવા લઈ જઈ શકો છો. તમે જાહેર કર્યા વિના આશરે 4,000 યુરો (યુએસડી (USD) 5000ની સમકક્ષ) ભારતમાં લાવી શકો છો; જાહેર કરતી વખતે રકમની કોઈ મર્યાદા નથી. અનૌપચારિક અથવા બિનનોંધાયેલ મધ્યસ્થીઓ દ્વારા રોકડ ટ્રાન્સફરનો ઉપયોગ કરવો જોખમી, અસુરક્ષિત છે અને તેને ટાળવું શ્રેષ્ઠ છે.

## 7.9 વીમો

યોગ્ય મુસાફરી અને વ્યાપક તબીબી વીમો ખરીદો જે તમને કોઈપણ અણધાર્યા ખર્ચ માટે સુરક્ષા કવચ આપે. ખાતરી કરો કે તમે સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ માટે તબીબી સલાહ લીધી છે, અદ્યતન રસીકરણ કરાવ્યું છે, અને જો તમે ભારતમાંથી ફાર્માસ્યુટિકલ ઉત્પાદનો અથવા દવાઓ લઈ જઈ રહ્યા હોવ, તો ખાતરી કરો કે તેમને ઈયુ (EU)માં મંજૂરી છે.

## 7.10 ખોરાક

યુરોપમાં ખાવાની આદતો પ્રદેશ અને સામાજિક વર્ગ પ્રમાણે બદલાય છે, અને ત્યાંનો ખોરાક ભારતમાં સામાન્ય રીતે ખાવામાં આવતા ખોરાકથી ઘણો અલગ છે. સવારનો નાસ્તો અને સાંજનો નાસ્તો / રાત્રિભોજન બંનેમાં બ્રેડ મુખ્ય ખોરાક છે. સવારના વહેલા નાસ્તામાં સામાન્ય રીતે ક્રોસન્ટ્સ અથવા વિવિધ પ્રકારના રોલ્સનો સમાવેશ થાય છે, જ્યારે સાંજનો નાસ્તો /રાત્રિભોજનમાં સામાન્ય રીતે બ્રેડ, માંસ, ચીઝ અને કદાચ સલાડનો સમાવેશ થાય છે. શાકભાજીનો ઉપયોગ ઘણીવાર સૂપ અથવા સ્ટયૂમાં થાય છે પરંતુ તેને સાઇડ ડીશ તરીકે પણ પીરસવામાં આવે છે. માંસ ખાવું પણ સામાન્ય છે. બટાકાની સાથે-સાથે ભાત, પાસ્તા અને નૂડલ્સ ખૂબ જ લોકપ્રિય છે. જોકે, યુરોપમાં ભોજનમાં ઘટકો અને ખાવાના સમય બંનેના સંદર્ભમાં ખાવાની આદતોમાં નોંધપાત્ર તફાવત છે. મોટાભાગના યુરોપિયનો સુપરમાર્કેટ અથવા બેકરી અને કસાઈની દુકાનો જેવી વિશેષ દુકાનોમાંથી ખોરાક ખરીદે છે, પરંતુ ઘણી જગ્યાએ આઉટડોર ફૂડ માર્કેટ પણ અસ્તિત્વમાં છે. ઇમિગ્રન્ટ્સ યુરોપિયન રેસ્ટોરન્ટના દૃશ્યમાં વધુ વિવિધતા પ્રદાન કરે છે, અને જો તમે ઇચ્છો તો ગ્રીક, ઇટાલિયન, ટર્કિશ અને એશિયન રેસ્ટોરન્ટ્સમાં ભોજન લઈ શકો છો!

યુરોપિયન ભોજનમાં ભારતીય ભોજન જેટલા અને અલગ અલગ મસાલાનો ઉપયોગ થતો નથી, અને ક્યારેક ભારતીયો માટે તે અપનાવવું થોડું મુશ્કેલ બની શકે છે. નિયમિત ધોરણે સારા ભારતીય ભોજનની સુલભતા મુશ્કેલ છે, અને જ્યારે યુરોપના મુખ્ય શહેરોમાં ઘણા ભારતીય રેસ્ટોરન્ટ્સ છે, ત્યારે તમારા બજેટમાં બેસતું, અસલ સ્વાદ ધરાવતું અને તમારા મનપસંદ ખોરાકનો સ્ટોક કરતું રેસ્ટોરન્ટ શોધવું હજુ પણ ખૂબ જ મહેનત માંગી લે તેવું કાર્ય છે.

ભારતીય અથવા એશિયન સ્ટોર્સ કેટલીક ભારતીય સામગ્રીનો સ્ટોક કરી શકે છે, પરંતુ તેમની પાસે ખૂબ સારી વિવિધતા ન પણ હોય. પેકેજ્ડ ફૂડ લઈ જવાને બદલે, જે મસાલા તમને સરળતાથી નહીં મળે તે સાથે રાખવાનો વિચાર વધુ સારો છે. સુપરમાર્કેટમાં ચોખા, કઠોળ અને સામાન્ય શાકભાજી મુક્ત રીતે ઉપલબ્ધ છે અને તમે જે જોઈએ તે ખરીદી શકશો. કૃપા કરીને નોંધ લો કે તમને ભારતથી[36] ઈયુ (EU)માં કોઈપણ માંસ અથવા ડેરી ઉત્પાદનો લાવવાની મંજૂરી નથી.

36. ઈયુ (EU)માં ખોરાક લઈ જવા અંગે વધુ માહિતી https://europa.eu/youreurope/citizens/travel/ carry/meat-dairy-animal/index_en.htm પર ઉપલબ્ધ છે.

## 7.11 પાવર પ્લગ અને વોલ્ટેજ

જો તમે ભારતથી તમારી સાથે વિદ્યુત ઉપકરણો અથવા અપ્લાયન્સ લાવો છો, તો નોંધ લો કે યુરોપિયન ઇલેક્ટ્રિક સ્ટાન્ડર્ડ ભારત (230 વોલ્ટ (50Hz) એસી (AC)) જેવો જ છે, તેમ છતાં ઈયુ (EU) એમએસ (MS)માં વપરાતા પ્લગના પ્રકારો અલગ અલગ હોઈ શકે છે (અને તે એમએસ (MS)માં પણ અલગ અલગ હોઈ શકે છે). તમને અડેપ્ટરની જરૂર પડી શકે છે અથવા તમારે સ્થાનિક સોકેટ્સ સાથે સુસંગત ઉપકરણ ખરીદવું પડશે.

## 7.12 હવામાન

યુરોપમાં સામાન્ય રીતે સમશીતોષ્ણ આબોહવા રહે છે. મોટાભાગના પશ્ચિમ અને મધ્ય યુરોપમાં દરિયાઈ વાતાવરણ છે, જેમાં સામાન્ય ઉનાળો અને ઠંડો શિયાળો હોય છે અને વારંવાર વાદળછાયું આકાશ રહે છે. દક્ષિણ યુરોપમાં ભૂમધ્ય સમુદ્રી વાતાવરણનો પ્રભાવ હોવાથી હૂંફાળો, શુષ્ક ઉનાળો અને ઠંડો, ભેજવાળો શિયાળો હોય છે. જોકે, ઘણા દેશોમાં હવામાન ક્યારેક થોડું અણધાર્યું હોઈ શકે છે. તેથી તમારે તમારી સાથે ગરમ કપડાં, ચાલવા માટે સારા શુઝ, વરસાદથી રક્ષણ, છત્રીઓ વગેરે લાવવા જોઈએ.

## 7.13 દવા

જો તમે દવા લાવી રહ્યા હોવ, તો તેને તેમના મૂળ, સ્પષ્ટ લેબલવાળા કન્ટેનરમાં લાવો. તમારે તમારા ફિઝિશીયન અથવા ડૉક્ટર પાસેથી તમારી તબીબી સ્થિતિ(ઓ) અને દવાઓનું વર્ણન કરતો સહી કરેલો અને તારીખવાળો પત્ર પણ લાવવાની જરૂર પડશે. જો તમારી પાસે સિરીંજ કે સોય હોય, તો ખાતરી કરો કે તમારી પાસે તેમની તબીબી જરૂરિયાત દર્શાવતો ફીઝિશીયનનો પત્ર હોય. કોન્ટેક્ટ લેન્સ અને ચશ્માની એક વધારાની જોડી સાથે રાખો, અને જો તમારી પાસે ઓપ્ટિકલ પ્રિસ્ક્રિપ્શન હોય તો તે તમારી સાથે રાખો.

## 7.14 મહત્વપૂર્ણ કાગળોની સંભાળ

- તમારા પાસપોર્ટ (વિઝા પૃષ્ઠ સહિત), વીમા પૉલિસી, ટ્રાવેલર્સ ચેક, વિઝા અને ક્રેડિટ કાર્ડ નંબરની નકલો બનાવો. એક નકલ મૂળ નકલોથી દૂર અલગ જગ્યાએ રાખો અને એક નકલ ઘરે પણ કોઈની પાસે રાખો.
- તમારા પાસપોર્ટને સુરક્ષિત રાખો અને જો તે ખોવાઈ જાય, ચોરાઈ જાય કે નુકસાન પામે તો તાત્કાલિક તેની જાણ કરો. જો તમારો પાસપોર્ટ ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો વધારાના પાસપોર્ટ ફોટા સાથે રાખો, અને જ્યારે તમે દૂર હોવ ત્યારે તેને બદલવાની જરૂર પડશે.
- જો ઈયુ (EU)માં તમારું રોકાણ વાજબી સમય માટે હોય, તો ભારત છોડતા પહેલાં અથવા આગમન પછી તરત જ સ્થાનિક ભારતીય દૂતાવાસ અથવા કોન્સ્યુલેટમાં નોંધણી કરાવો જેથી કોન્સ્યુલર સહાય અને અપડેટ્સ વધુ સારી રીતે મળી શકે.
- ભારત છોડતા પહેલાં તમારી પાસે તમારા નોકરીદાતાનું પૂરું નામ, સરનામું, ટેલિફોન અને ફેક્સ નંબર તેમજ તમારા એરપોર્ટથી તમારા ઘરે પહોંચવાના દિશાનિર્દેશો હોવા જરૂરી છે.
- જો તમે તમારો પાસપોર્ટ ક્યાં મૂક્યો તે ભૂલી જાઓ, તો તાત્કાલિક નજીકના ભારતીય દૂતાવાસ અથવા કોન્સ્યુલેટને જાણ કરો અને તેમને સંબંધિત વિગતો આપો, જેમ કે પાસપોર્ટ નંબર, જારી કરવાની તારીખ અને સ્થળ, તમારું નામ અને રોજગારના દેશમાં તમે પ્રવેશ્યા તે તારીખ. જો તમે તમારા પાસપોર્ટની ફોટોકૉપિ સુરક્ષિત જગ્યાએ રાખી હોય, તો જ તમે આ વિગતો આપી શકશો. જો દેશમાં કોઈ દૂતાવાસ ન હોય, તો નજીકના દેશમાં દૂતાવાસ છે કે નહીં તે તપાસો. તમે આ વેબસાઇટ પર ભારતીય દૂતાવાસો શોધી શકો છો: https://www.mea.gov.in/indian-missions-abroad-new.htm.
- તમારા એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ (રોજગાર કરાર)ની નકલ ખોવાય નહીં તેનું ધ્યાન રાખો. ફોટોકૉપિ બનાવો અને હંમેશા તમારી સાથે રાખો. તમારા મિત્રોને વધારાની નકલો સાચવીને રાખવા માટે આપો.

## 7.15 યુરોપની ભાષાઓ

ઈયુ (EU)માં કામ કરવાનો અને રહેવાનો સફળ અનુભવ મેળવવા માટે, સ્થાનિક ભાષાનું જ્ઞાન કદાચ સૌથી જરૂરી છે અને, ઘણા કિસ્સાઓમાં, ભાષામાં ચોક્કસ સ્તરનું જ્ઞાન હોવું ફરજિયાત હોઈ શકે છે. ભારત છોડતા પહેલાં તમે ભાષા શીખવાનું વિચારી શકો છો. બીજી ભાષા તરીકે અંગ્રેજી એ પ્રવાસીઓ અને વ્યવસાય માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ભાષા છે, પરંતુ તે લાંબા ગાળાના એકીકરણ માટે, ખાસ કરીને કાર્ય-સંબંધિત અનુભવો માટે પૂરતી રહેશે નહીં.

### ભાષા શીખવી

ભાષા અભ્યાસક્રમો ઘણી જાહેર અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જેમ કે યુનિવર્સિટીઓ, સાંસ્કૃતિક કેન્દ્રો અને ખાનગી ભાષા શાળાઓમાં ઉપલબ્ધ છે. આવા વર્ગો દેશની સંસ્કૃતિ અને પ્રણાલીઓ વિશે શીખવાનું સ્થળ પણ બને છે અને તમને મિત્રો બનાવવામાં અને વધુ સારી રીતે એકીકૃત થવામાં મદદ કરે છે. નવી

## ભાષા કૌશલ્યનો પૂરતો પુરાવો શું છે?



ગોએથે ઇન્સ્ટિટ્યૂટ વગેરે જેવી માન્ય ભાષા સંસ્થા દ્વારા આપવામાં આવેલ ભાષા પ્રમાણપત્ર.

તમારા યજમાન દેશની ભાષા(ઓ)માં પ્રાપ્ત લાયકાતની નકલ.

તમારા યજમાન દેશમાં અગાઉના વ્યાવસાયિક અનુભવનો પુરાવો.

તમારા યજમાન દેશની ભાષા(ઓ)માં શીખવવામાં આવેલી યુનિવર્સિટીની ડિગ્રી.

તમારા ભાષા કૌશલ્ય સાબિત કરવા માટે સામાન્ય રીતે નીચેના ડોક્યુમેન્ટમાંથી એક સ્વીકારવામાં આવે છે. જો તમે આમાંથી કોઈપણ ડોક્યુમેન્ટ પ્રદાન કરી શકો નહીં, તો તમારે ઇન્ટરવ્યુ અથવા ટેસ્ટ (મૌખિક અને/અથવા લેખિત) આપવાની જરૂર પડી શકે છે.

ભાષાને સારી રીતે બોલવા અને લખવા માટે કોઈ શૉર્ટકટ નથી. યુરોપમાં હોવ ત્યારે તમારું ભાષા કૌશલ્ય સુધારવા માટે અહીં કેટલીક ટિપ્સ આપી છે:

- સ્થાનિક અખબારો અને સામયિકો વાંચીને, ટેલિવિઝન શો અને ફિલ્મો જોઈને અને રેડિયો સાંભળીને ભાષાના શબ્દભંડોળ અને અવાજોથી પોતાને પરિચિત કરો. જેટલી વધુ તમે સ્થાનિક ભાષા બોલાતી સાંભળશો, તેટલી ઝડપથી તમે તે શીખી શકશો.
- શક્ય તેટલો વધુ લોકો સાથે વ્યક્તિગત સંપર્ક મેળવો. સાથીદારો, પડોશીઓ, મિત્રો, દુકાનદારો વગેરે સાથે તેમની ભાષામાં વાત કરો.
- જો તમારી પાસે નાણાં હોય તો ભાષાના ખાનગી વ્યક્તિગત વર્ગો લેવાનું વિચારો. દર સામાન્ય રીતે કલાક દીઠ 15 યુરોથી શરૂ થાય છે.

## 7.16 સ્થળાંતર કરનારાઓના અધિકારો અને જવાબદારીઓ

નોકરી ધરાવતા લોકોએ, નિયમ પ્રમાણે, તેઓ જે દેશમાં સ્થળાંતરણ કરે છે ત્યાં જાહેર આરોગ્ય વીમો, પેન્શન, જાહેર રહેઠાણ, બેરોજગારી સુરક્ષા વગેરે માટે કરવેરા ચુકવવા જરૂરી છે, અને તમારે પણ આ ચુકવણી કરવી પડશે. તમે જે ક્ષેત્રમાં કામ કરો છો અને જે દેશમાં રહો છો તેના આધારે, આ ચુકવણી સામાન્ય રીતે તમારી કુલ આવકના લગભગ 40-50 ટકા જેટલી હશે. જોકે, સામાન્ય રીતે

આ ખર્ચનો અડધો ભાગ નોકરીદાતા ચુકવે છે, એટલે કે તમારું યોગદાન તમારી કમાણી કરેલી આવકના લગભગ 20 ટકા હશે.

**સ્થળાંતરણ કરનારાઓના અધિકારો અને જવાબદારીઓ:**

- સામાજિક સુરક્ષા
- પેન્શન
- ટ્રેડ યુનિયન સભ્યપદ

## 7.16.1 સામાજિક સુરક્ષા

ઈયુ (EU) નિયમો હેઠળ, કોઈ વ્યક્તિ એક સમયે ફક્ત એક જ દેશના સામાજિક સુરક્ષા કાયદાઓને આધીન થઈ શકે છે, અને તેણે ફક્ત તે દેશમાં જ તેમના સામાજિક સુરક્ષા યોગદાન ચુકવવા પડશે. સામાન્ય નિયમ તરીકે, જે દેશમાં વ્યક્તિ ખરેખર કામ કરે છે (કર્મચારી અથવા સેલ્ફ-એમ્પ્લોય તરીકે) તેના કાયદા લાગુ પડે છે, અને ત્યાં યોગદાનની ચુકવણી કરવી આવશ્યક છે. વ્યક્તિ ક્યાં રહે છે (ઉદાહરણ તરીકે, તેઓ મુસાફરી કરે છે કે નહીં) અથવા તેમના નોકરીદાતા ક્યાં સ્થિત છે તેનાથી કોઈ ફરક પડતો નથી.

ટૂંકા ગાળાની ટ્રાન્સફર પર કામ કરતા કામદાર માટે, જો ભારત અને દેશ વચ્ચે સામાજિક સુરક્ષા કરાર હોય તો તેમને ઈયુ (EU) એમએસ (MS)માં સામાજિક સુરક્ષાની બધી શાખાઓમાં યોગદાન આપવાની જરૂર નહીં પડે. સામાજિક સુરક્ષા કરારોની યાદી માટે, કૃપા કરીને નીચેની લિંક તપાસો: https://www.mea.gov.in/bilateral-documents.htm?dtl/26465/Social_Security_Agreements. તમારા પ્રોવિડન્ટ ફંડ યોગદાનને જાળવી રાખવા માટે તમારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન તરફથી મંજૂરી પ્રમાણપત્રની જરૂર પડશે. આ પ્રમાણપત્ર ઑનલાઇન મેળવી શકાય છે. નીચેની લિંક પર વેબસાઇટ તપાસો; https://www.epfindia.gov.in/site_en/index.php - ભારત સરકાર પાસેથી મંજૂરીનું પ્રમાણપત્ર મેળવવા માટે.

## 7.16.2 પેન્શન

મોટાભાગના સ્થળાંતરણ કરનાર ઈયુ (EU) એમએસ (MS) (નિવૃત્તિ પછીના લાભો)માં પેન્શન માટે પાત્ર રહેશે નહીં સિવાય કે તેમની પાસે લાંબા ગાળાની રેસિડેન્સી હોય. ઈયુ (EU) એમએસ (MS) પ્રમાણે લાયકાતનો સમયગાળો બદલાય છે. ઉદાહરણ તરીકે, જર્મનીમાં ઓછામાં ઓછો લાયકાતનો સમયગાળો પાંચ વર્ષનો છે, અને આ સમયગાળો ઇટાલીમાં 10 વર્ષ અને સ્પેનમાં 15 વર્ષ છે. જોકે, જો તમે એવા ઈયુ (EU) એમએસ (MS)માં જઈ રહ્યા છો જેનો ભારત સાથે સામાજિક સુરક્ષા કરાર છે અને જો તમે ભારત છોડતા પહેલાં ક્લિયરન્સનું પ્રમાણપત્ર મેળવ્યું હોય, તો તમે તમારા પ્રોવિડન્ટ ફંડમાં તમારું યોગદાન ચાલુ રાખી શકો છો અને પરિપક્વતા પર લાભો મેળવી શકો છો.

## 7.16.3 ટ્રેડ યુનિયન સભ્યપદ

ટ્રેડ યુનિયનો એ સભ્યપદ-આધારિત જૂથો અથવા સંગઠનો છે જે કામદારોના સામૂહિક હિતોનું પ્રતિનિધિત્વ કરે છે, તેનું રક્ષણ કરે છે અને આગળ ધપાવે છે. યુરોપમાં ટ્રેડ યુનિયનો ઘણીવાર નોકરીદાતાઓ સાથે કલેક્ટિવ બાર્ગેનિંગ એગ્રીમેન્ટ (સામૂહિક સોદાબાજી કરાર) પર વાટાઘાટો કરે છે જે કર્મચારીઓના લાભો અને કામકાજી પરિસ્થિતિઓ સ્થાપિત કરવામાં મદદ કરે છે. સભ્યપદ માટે તમારી પાસેથી સામાન્ય રીતે નજીવી ફી લેવામાં આવશે.

### ટ્રેડ યુનિયનમાં શા માટે જોડાવું?

**તમે આ મેળવશો:**

- જો તમને કામ પર કોઈ ફરિયાદ કે સમસ્યા હોય તો સમર્થન મેળવો. ટ્રેડ યુનિયનો કામદારો માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ જેમ કે ઓછો પગાર, કાર્યસ્થળમાં ભેદભાવ અને અનિશ્ચિત કાર્ય પરિસ્થિતિઓ પર ઝુંબેશ ચલાવે છે.
- તમારા અધિકારો વિશે વધુ જાણો અને કાર્ય સંબંધિત મુદ્દાઓ વિશે માહિતી અને સલાહ મેળવી શકો છો.
- વીમા અને ડિસ્કાઉન્ટ, નાણાકીય સેવાઓ અને કાનૂની સલાહ જેવી યુનિયનની વધારાની સભ્યપદ સેવાઓ માટે હકદાર બનો.
- તમારી રોજગારલક્ષી અને વ્યાવસાયિક લાયકાત સુધારવા માટે તાલીમ માટે વધુ તકો મેળવો.



# 08 ▶ પ્રસ્થાન માટેની તૈયારી

ધ્યાનમાં રાખો કે દરેક ઈયુ (EU) સભ્ય દેશ અલગ છે પરંતુ સમાન કામકાજી વિકલ્પો પ્રદાન કરે છે. નીચે આપેલા પોઇન્ટ્સ તમારા પ્રસ્થાનનું આયોજન બનાવતી વખતે તમને ઘણા મુદ્દાઓ વિશે વિચારવામાં મદદ કરવા માટે રચાયેલ છે.

અનુકૂળ અને ઝંઝટ-મુક્ત મુસાફરીના અનુભવ માટે:


- તમારી નિર્ધારિત ફ્લાઇટના ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલાં એરપોર્ટ પર હાજર રહો.
- તમારી જાતને અને તમારા સામાનને સુરક્ષા તપાસ માટે રજૂ કરો.
- એરપોર્ટના સમયપત્રક પર તમારી ફ્લાઇટ શોધો અને એરલાઇનના કાઉન્ટર પર ચેક-ઇન કરો.
- તમારા બોર્ડિંગ પાસ અને સામાનના દાવાના ડોક્યુમેન્ટ રાખો.
- વિઝા ડોક્યુમેન્ટ તમારા ચેક-ઇન સામાનમાં નહીં પરંતુ તમારા હાથમાં રાખવાના સામાનમાં હોવા જોઈએ.
- કોઈના પણ પેકેજ સ્વીકારશો નહીં, ખાસ કરીને જો તેઓ તમને ઓળખતા ન હોય. જો તમારે કોઈ માટે પાર્સલ લેવું જ પડે, તો તેમાં રહેલી સામગ્રી સારી રીતે તપાસો. આમ કરવામાં નિષ્ફળ જવાથી તમારા યજમાન દેશમાં આગમન સમયે તમને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.
- ઇમિગ્રેશન કાઉન્ટર પર તમારા ટ્રાવેલ ડોક્યુમેન્ટ રજૂ કરો.
- વેઇટિંગ લાઉન્જ અથવા નિયુક્ત ગેટ તરફ આગળ વધો.
- જ્યારે તમારો બોર્ડિંગ કોલ આવે ત્યારે વિમાનમાં ચડો.
- ભારતમાંથી તમે કેટલું વિદેશી ચલણ લઈ શકો છો તે સહિત કસ્ટમ સંબંધિત નિયમોથી વાકેફ રહો. 2025માં, વિદેશમાં કાર્યરત લોકો માટે માન્ય રકમ 5000 યુએસ ડોલર છે. વધુ વિગતો માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની વેબસાઇટ તપાસો[37].

37. https://www.rbi.org.in/commonman/english/scripts/FAQs.aspx?Id=829#q3

## કેસ સ્ટડી – 5

મીરા પ્રસ્થાનના ત્રણ કલાક પહેલાં એરપોર્ટ પર પહોંચે છે અને પ્રસ્થાન સમયપત્રક ચકાસી લે છે કે તેની ફ્લાઇટ સમયસર છે. તેણી પાસે એક સુટકેસ છે, જેનું વજન 20 કિલોથી ઓછું છે, અને એક નાની શોલ્ડર બેગ છે. એરલાઇન ડેસ્ક પર ચેક-ઇન માટે કતારમાં રાહ જોતી વખતે, એક માણસ તેણીને તેના સામાનમાં પોતાની બેગ સામેલ કરવાનું કહે છે કારણ કે તે કહે છે કે તે તેને લઈ જઈ શકે તેમ નથી. તેણીએ સૌમ્ય રીતે ઇનકાર કર્યો અને સમજાવ્યું કે તેણી જાણે છે કે સ્વાસ્થ્ય, વહીવટી અને સુરક્ષાના કારણોસર કોઈએ પણ મુસાફરી પહેલાં અને મુસાફરી દરમિયાન તેમની બેગ બદલવી ન જોઈએ.

જ્યારે તેણીનો વારો આવે છે, ત્યારે તે તેના ડોક્યુમેન્ટ અને ટિકિટ બતાવે છે. પોતાની સુટકેસ તપાસ્યા પછી, તે પોતાની શોલ્ડર બેગ લઈને પ્રસ્થાન વિસ્તારમાં જાય છે. સુરક્ષા તપાસ અને ઇમિગ્રેશન પછી, તે પ્રસ્થાન ગેટ નંબરો દર્શાવતા પ્રસ્થાનોનું સમયપત્રક ઓળખે છે. તે ગેટ પાસે જાય છે અને ગેટ ખુલવાની રાહ જુએ છે. મીરા પોતાની ટિકિટ બતાવે છે અને ઈયુ (EU) એમએસ (MS) જાય છે. ઉતરાણ પછી, તે ઇમિગ્રેશનમાંથી પસાર થાય છે, જ્યાં તે પોતાનો પાસપોર્ટ અને વિઝા બતાવે છે સરહદ પોલીસ સાથે વાત કરે છે અને બેગેજ ક્લેમ (સામાન માટે દાવો) હોલમાં પ્રવેશ કરે છે, જ્યાં તે પોતાની બેગ લઈ શકે છે અને એરપોર્ટ છોડી શકે છે.



**Q. મીરાએ તે માણસની બેગ લેવાની ના કેમ પાડી?**

A. તેણી તે માણસને ઓળખતી ન હતી અને તેણે પોતે બેગમાં શું હતું તેની ચકાસણી કરી ન હતી અને તેને ખબર ન હતી કે તેમાં કોઈ ગેરકાયદેસર પદાર્થો છે કે નહીં.

A. ઈયુ (EU)માં ગેરકાયદેસર પદાર્થો લઈ જવાથી દંડ અથવા કાર્યવાહી થઈ શકે છે.

**Q: શું તમને ખબર છે કે કયા માલ પર પ્રતિબંધ છે?**

A. પ્રિસ્ક્રિપ્શન વગરની દવાઓ

A. લુપ્તપ્રાય પ્રજાતિઓ

A. ખતરનાક રસાયણો

A. નકલી અથવા પાઇરેટેડ માલ

A. પ્રાણી ઉત્પાદનો, ખોરાક અથવા છોડ

A. શસ્ત્રો

## 8.1 ઈયુ (EU)માં આગમન

જ્યારે તમે એરપોર્ટ પર ઉતરો છો અને કસ્ટમ્સમાંથી પસાર થાઓ છો, ત્યારે સામાન્ય રીતે ત્રણ લાઇન હોય છે:

- ઈયુ (EU) નાગરિકો જેમની પાસે જાહેર કરવા માટે કંઈ નથી
- ઈયુ (EU) નાગરિકો જેમની પાસે જાહેર કરવા માટે વસ્તુઓ છે
- ઈયુ (EU)ની બહારના દેશના નાગરિકો

તમારે કોઈપણ સમયે રેન્ડમ ચેકિંગ માટે તમારા સામાનને ખોલવા માટે તૈયાર રહેવું જરૂરી છે. યુરોપમાંથી આયાત કે નિકાસ કરવા માટે ઘણી બધી વસ્તુઓ નિષેધ હેઠળ છે અથવા તો પ્રતિબંધિત છે. શસ્ત્રો, દવા, પ્રાણીઓ અને ખોરાક માટે કડક નિયમો લાગુ પડે છે. દવાઓ અને માદક દ્રવ્યોની આયાત અથવા નિકાસ કરવા પર પ્રતિબંધ છે. ભલે કેટલાક ઈયુ (EU) એમએસ (MS)માં વ્યક્તિગત વપરાશ માટે થોડી માત્રામાં દવાઓની મંજૂરી હોય, તેમ છતાં તેની આયાત અને નિકાસ પ્રતિબંધિત છે.

### તમારા આગમન માટે કેટલીક ઉપયોગી ટિપ્સ

ભારતમાંથી તમારા નિવાસસ્થાન સુધી પહોંચવા માટે તમારા ગંતવ્ય સ્થાનનો નકશો અને પરિવહનના સાધનો સાથે રાખો. સામાન્ય રીતે, બધા ઈયુ (EU) એમએસ (MS) એરપોર્ટથી શહેર સુધી જાહેર પરિવહનની સુવિધા ધરાવતા હશે. તમારા આગમન પહેલાં આ તપાસો કારણ કે તે તમારા બિનજરૂરી ખર્ચ બચાવી શકે છે.

તમારા ડોક્યુમેન્ટની પ્રમાણિત અનુવાદિત નકલો સાથે રાખો. પ્રસ્થાન પહેલાં આ માહિતી માટે ભારતમાં ગંતવ્ય દેશના દૂતાવાસ સાથે તપાસ કરો.

ખાસ કરીને જો તમે પગારદાર હોવ, તો તમે આવતાની સાથે જ બેંક ખાતું ખોલાવશો તેવી અપેક્ષા રાખવામાં આવશે. તમારા ગંતવ્ય સ્થાન પર પહોંચ્યા પછી જલ્દીથી આ કામ કરો.


ઘણા દેશો એવી પણ અપેક્ષા રાખશે કે તમે તમારી સ્થાનિક મ્યુનિસિપાલિટીમાં નોંધણી કરાવો અને આઈડી (ID), આરોગ્ય અને અન્ય જરૂરી નોંધણીઓ વગેરે મેળવો. ખાતરી કરો કે તમે આ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરો.

## 8.2 ભારત પરત ફરવું

જ્યારે તમે સ્થળાંતરણ કરવાની તૈયારી કરી રહ્યા હોવ, ત્યારે તમારે પાછા ફરવાનું અને પુનઃએકીકરણનું આયોજન કરવું પણ મહત્વપૂર્ણ છે.

### પરત ફરવા અને પુનઃએકીકરણ માટે ઉપયોગી ટિપ્સ

- તમારા વતન પાછા ફર્યા પછી, સમજો કે ફરીથી એકીકરણ થવામાં થોડો સમય લાગી શકે છે, તેથી તમારે ધીરજ રાખવી જરૂરી છે.. તમારા સંબંધો ફરીથી બનાવતી વખતે અને તમારી ઊર્જા અને સંસાધનોનું રોકાણ ક્યાં કરવું તે નક્કી કરતી વખતે પુનઃએકીકરણ પ્રક્રિયામાં ઘણા મહિનાઓ લાગી શકે છે.
- તમારા ખર્ચ પર નજર રાખો. બહાર જમવા અથવા ભેટ આપીને તમારા પાછા ફરવાની ઉજવણી કરવી આકર્ષક છે, પરંતુ તમારા બજેટમાં રહેવું અને ભવિષ્ય માટે બચત કરવાનું ચાલુ રાખવું મહત્વપૂર્ણ છે. પાછા ફરતી વખતે ઉતાવળમાં ખર્ચ ન કરો અને તમારી બચત ખાલી ન કરો.
- તમારી નાણાકીય બાબતોનું અસરકારક રીતે સંચાલન કરવાનું શીખો અને તમારા માટે "પરાણે બચત (ફોર્સ્ડ સેવિંગ)" કાર્યક્રમ અપનાવો. આ પ્રક્રિયામાં તમને મદદ કરવા માટે ઘણી બધી એપ્લિકેશનો ઉપલબ્ધ છે.
- જરૂર પડ્યે ભવિષ્યની યોજનાઓ, સપનાઓ અને અપેક્ષાઓ પર ફરી ધ્યાન આપો
- તમારા પરિવાર અને મિત્રો સાથે સંપર્કમાં રહો.



## પરિશિષ્ટ I

# ▶ મહત્વપૂર્ણ સંપર્કો

તમે અહીં નકશા પર ક્લિક કરીને વિશ્વના તમામ દેશોમાં તમામ ભારતીય મિશન શોધી શકો છો: https://www.mea.gov.in/indian-missions-abroad-new.htm.

- સ્થાનિક ભારતીય દૂતાવાસ અથવા સંબંધિત કોન્સ્યુલેટનો સંપર્ક કરીને (ફોન અથવા ઇમેઇલ દ્વારા) કટોકટી કોન્સ્યુલર સહાય મેળવી શકાય છે. બધા ભારતીય દૂતાવાસો અથવા કોન્સ્યુલેટ્સના સંપર્કની વિગતો અહીં ઉપલબ્ધ છે: https://www.mea.gov.in/indian-missions-abroad-new.htm.

- ગંતવ્ય દેશના દૂતાવાસમાં નોંધણી કરાવો.

- જો તમે કોઈ કારણોસર ભારતીય દૂતાવાસ અથવા કોન્સ્યુલેટનો સંપર્ક કરી શકતા નથી, તો વિદેશ મંત્રાલયના સીપીવી (CPV) વિભાગના કોન્સ્યુલર વિભાગનો સંપર્ક કરી શકાય છે: http://www.mea.gov.in/cpv.html.

- જો તમને પ્રાપ્ત થયેલી કોન્સ્યુલર સેવાઓથી તમે સંતુષ્ટ ન હોવ તો મદદ (MADAD) પર આ સંબંધે ફરિયાદ નોંધાવી શકો છો: http://madad.gov.in (અથવા મદદ (MADAD) મોબાઇલ એપ્લિકેશન અથવા હેલ્પલાઇન 1800-11-3090 (ટોલ ફ્રી); (011-26885021 (આંતરરાષ્ટ્રીય)).

- એજન્ટોની માહિતી તપાસવા માટે, પીઓઈ (POE) / પીજીઈ (PGE)નો સંપર્ક કરો. પીઓઈ (POE) વિશેની માહિતી https://mea.gov.in/protector-general-emigrants.htm પર ઉપલબ્ધ છે.

- વિઝા અંગેની માહિતી માટે, વ્યક્તિગત ઈયુ (EU) સભ્ય દેશો સાથે તપાસ કરો (જુઓ પરિશિષ્ટ 2, ભારતમાં તેમના મિશનની લિંક).

પરિશિષ્ટ II

# ભારતમાં ઈયુ (EU) સભ્ય દેશોના મિશન

| | |
|---|---|
| **ઑસ્ટ્રિયા** | http://www.bmeia.gv.at/en/embassy/new-delhi.html |
| **બેલ્જિયમ** | https://india.diplomatie.belgium.be/en |
| **બલ્ગેરિયા** | https://www.mfa.bg/en/embassies/india |
| **ક્રોએશિયા** | https://mvep.gov.hr/in/en |
| **સાયપ્રસ** | https://www.gov.cy/mfa-highcomnewdelhi/en/ |
| **ચેક રિપબ્લિક** | http://www.mzv.cz/newdelhi/en/index.html |
| **ડેનમાર્ક** | https://indien.um.dk/en |
| **એસ્ટોનિયા** | https://newdelhi.mfa.ee/ |
| **ફ્રાન્સ** | https://in.ambafrance.org/ |
| **ફિનલેન્ડ** | https://finlandabroad.fi/web/ind/frontpage |
| **જર્મની** | http://www.india.diplo.de/ |
| **ગ્રીસ** | https://www.mfa.gr/missionsabroad/en/india-en |
| **હંગેરી** | https://delhi.mfa.gov.hu/eng |
| **આયર્લેન્ડ** | https://www.dfa.ie/irish-embassy/india/ |
| **ઇટાલી** | https://ambnewdelhi.esteri.it/ambasciata_newdelhi/en/ |
| **લાતવિયા** | https://www2.mfa.gov.lv/en/newdelhi |
| **લિથુઆનિયા** | https://in.mfa.lt/en |
| **લક્ઝમબર્ગ** | http://newdelhi.mae.lu/en |
| **માલ્ટા** | https://missions.foreign.gov.mt/high-commissions/india/ |
| **નેધરલેન્ડ્સ** | https://www.netherlandsandyou.nl/your-country-and-the-netherlands/india |
| **પોલેન્ડ** | https://www.gov.pl/web/india |
| **પોર્ટુગલ** | https://novadeli.embaixadaportugal.mne.gov.pt/en/ |
| **રોમાનિયા** | https://newdelhi.mae.ro/en |
| **સ્લોવેનિયા** | http://newdelhi.embassy.si/index.php?id=37&L=1 |
| **સ્લોવાકિયા** | https://www.mzv.sk/web/dilli-en |
| **સ્પેન** | https://www.exteriores.gob.es/Embajadas/nuevadelhi/en/Paginas/index.aspx |
| **સ્વીડન** | https://www.swedenabroad.se/en/embassies/india-new-delhi/ |

**ILO Decent Work Team for South Asia and Country Office for India**

India Habitat Centre, Core 4B, 3rd Floor
Lodhi Road, New Delhi 110003, India

**ટેલિફોન:** +91 11 47509200

**ઇમેઇલ:** delhi@ilo.org | www.ilo.org/india

**ICMPD Brussels Mission**

Pl. du Champ de Mars,1050 Brussels

**ઇમેઇલ:** euindia@icmpd.org

**વેબસાઇટ:** www.icmpd.org/euindia

#EUIndiaCAMM

**Indian Council of World Affairs**

Sapru House, Barakhamba Road
New Delhi 110001

**ટેલિફોન:** +91 11 2331 72 46

**વેબસાઇટ:** www.icwa.in

Funded by the European Union | International Labour Organization | ICMPD International Centre for Migration Policy Development | Indian Council of World Affairs